વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
વર્ષ : ૫૧મું
ફેબ્રુઆરી : ૨૦૨૬
અંક : ૫૭૩



# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005

Email : kjssmangalmandir@gmail.com • website : www.kjss.org

# ભારતભરમાં ટ્રાન્સપોર્ટ, એક્સપ્રેસ, વેરહાઉસિંગ, ૩પીએલ અને ઈકોમર્સક્ષેત્રે નિપુણતા સાથે સાત દાયકાની ગૌરવવંતી સફર




**V-Trans** - Modern fleet of Surface Transport offering PTL, FTL & ODC services across India.

**V-Xpress** - Multimodal Express Cargo & e-Comm services with door-to-door deliveries.

**V-Logis** - Comprehensive Warehousing and 3PL solutions with state-of-the-art infrastructure.

## અમારી ખાસીયતો

- ૧૫૦૦થી વધુ શાખા અને ૬૦થી વધુ હબ સેન્ટર
- વેરહાઉસિંગ માટે ૩.૨ મિલિયનથી વધુ ચોરસ ફૂટ જગ્યા
- ૨૫૦૦થી વધુ જીપીએસયુક્ત વાહનો
- ૨ મિલિયન ટન અને ૯૦ મિલિયન આર્ટિકલ્સ
- ૪૦૦૦થી વધુ જોમવંતા વ્યવસાયિકો
- એક લાખથી વધુ ગ્રાહકો

**અમે દેશભરના વેપારીઓ, વિતરકો અને ઉદ્યોગપતિઓ માટે શ્રેષ્ઠ અને વિશ્વસનીય સર્વિસ પૂરી પાડીએ છીએ. પાર્ટ-લોડ સર્વિસીસમાં નિર્વિવાદ અગ્રણી હોવા સાથે વિવિધ સેગમેન્ટ્સના કલાયન્ટ્સને શ્રેષ્ઠ-કક્ષાના લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પૂરાં પાડીએ છીએ.**

Scan QR code for details

Great Place To Work. Certified FEB 2025 - FEB 2026 INDIA

V-TRANS® Driving Excellence

Other Divisions: V-Xpress | V-Logis End-to-end Integrated Logistics

7227 056 089 marketing@vtransgroup.com www.vtransgroup.com

JIVRAJ
DR. JIVRAJ MEHTA SMARAK HEALTH FOUNDATION
BAKERI MEDICAL RESEARCH CENTRE

35 Years Of Trust

# શું આંખોની તકલીફ છે?



ચિંતા ના કરતા,
જીવરાજ મહેતા હોસ્પિટલ છે ને!

ઝાંખુ દેખાવું, ચશ્માના નંબર, મોતીયો, ઝામર તેમજ બાળકોને થતાં આંખના રોગો તદ્ઉપરાંત આંખની કીકી (કોર્નિયા), આંખોના પડદા(રેટીના) ની તપાસ અને સારવાર

## આંખોની ઉચ્ચ ગુણવત્તાયુક્ત સારવાર, રાહત દરે!

- આંખોના નિષ્ણાત સર્જનો દ્વારા સારવાર
- FDA-મંજૂર લેન્સ સાથે પીડા અને ટાંકા વગરની સારવાર
- અદ્યતન ટેકનોલોજી અને આંતરરાષ્ટ્રીય સ્તરની સર્જરી સુવિધા
- NABH-પ્રમાણિત વિશ્વસનીય હોસ્પિટલ
- કેશલેસ સારવાર*

OPD સમય:
સોમવાર થી શનિવાર | સવારે 9:00 થી સાંજે 5:00

NABL

For OPD Appointments, call: +91 6357 188 191

079 2663 6363 jivrajhealthcare.org info@jivrajhealthcare.org
Dr. Jivraj Mehta Hospital, Vasna, Ahmedabad-380007 Follow us on:

24/7 EMERGENCY SERVICES

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

મંગલ મંદિરને

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

## હાર્દિક શુભેચ્છાઓ

જીવનમાં બે વાત શીખી લો :
એક માફ કરવાનું
અને બીજું શાંત રહેવાનું.
તમે એવી તાકાત બની જશો
કે પહાડ પણ તમને રસ્તો આપી દેશે.

ક્યારેક ક્યારેક ઠોકરો પ્રત્યે પણ
પોઝીટીવલી જોવું જોઈએ.
એક તો તેના કારણે રસ્તા પરની રૂકાવટોનો
ખ્યાલ આવી શકે અને એ સમયે સંભાળી
લેવાવાળા હાથ કયા હતા
તેનો પણ ખ્યાલ આવી શકે.

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર
(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

છેલ્લા ૫૦ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું

મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kjss.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
  **મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**
- **દિનેશ મહેતા – સહતંત્રી**
  **મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮**
- **ફાલ્ગુની હિરેન – સભ્ય**
  **મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭**
- **ચૌલા કુરૂવા – સભ્ય**
  **મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮**
- **રસિક ખીમજી મહેતા – સભ્ય**
  **મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯**
- **રોહિત સંઘવી – સભ્ય**
  **મો. ૯૮૨૪૦ ૦૬૬૪૮**
- **રજનીકાંત પારેખ – સભ્ય**
  **મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧**

**કવર પેઈજ ડિઝાઈન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

## તંત્રીશ્રીની કલમેથી

- હકારાત્મક અભિગમ ..... **અશોક મહેતા** ..... ૭
- હકારાત્મક સમાચાર : વિભાગ - ૧ / વિભાગ - ૨ ..... **અશોક મહેતા** ..... ૮
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : પ્રજાસત્તાક દિનની ઉજવણી ..... **રજનીકાંત પારેખ** ..... ૧૨
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : અમદાવાદ પધારતા અતિથિઓની સગવડતા વધારાઈ ..... ૧૨
- તા. ૨૬-૧-૨૦૨૬ના રોજ યોજવામાં આવેલ ટ્રસ્ટ મંડળની મીટિંગનો અહેવાલ ..... **રજનીકાંત પારેખ** ..... ૧૩
- સમાજના એક સભ્ય – ચિત્રકાર બહેનનું અમદાવાદની ગુફા ગેલેરી ખાતે ચિત્ર પ્રદર્શન ..... ૧૩
- કટારિયા જૈન બોર્ડિંગનું સાત કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્માણ ..... ૧૪
- વયસ્ક સમિતિ : કાર્યક્રમનો અહેવાલ ..... ૧૫
- મહિલા ઉત્કર્ષ સમિતિ : અંધજન મંડળ - વસ્ત્રાપુરની મુલાકાતનો અહેવાલ ..... ૧૮
- સમાજના સભ્યોને બોડી ચેક-અપ માટેની ખાસ સૂચના ..... ૨૦
- યુવા વિકાસ સમિતિ : ધૂળેટી પ્રોગ્રામ ..... ૨૦
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગેની વિગત ..... ૨૦
- સરનામા ફેરફાર, અવસાન નોંધ • મંગલ મંદિરના પ્રાપ્ત થયેલ લવાજમ • સાભાર સ્વીકાર ..... ૨૧
- ઉડતી નજરે ..... ૨૨
- અતીતના ઓવારેથી : મણકો-૩૦ ..... ૨૪
- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૩૩ ..... **સંયોજક : રજનીકાંત પારેખ** ..... ૨૬
- શ્રી હરખચંદ કુંવરજી સાવલા પ્રેરિત શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત 'સક્ષમ કેરિયર કાઉન્સેલિંગ સેન્ટર' ..... ૨૮
- 'સક્ષમ' કાર્યક્રમ ટીમ પર આવેલ એક ધ્યાનાકર્ષક પત્ર ..... ૨૮
- અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર - ગીતા મંદિર
  પીના મેઘવાલ : ગામની યુવતીઓ માટે પ્રેરણા બની છે ..... ૨૯
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ..... ૩૦
- જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ..... **સંકલન : રસીક ખીમજી મહેતા** ..... ૩૩
- ***Nano Nine*** શબ્દ રમત-૨૨૭ ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૩૫
- ***Nano Nine Sudoku*** (ક્રમાંક-૧૧૮૫) ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૩૭
- આંજો કાગર ..... ૩૮
- પ્રતિભાવ ..... ૩૯
- અન્ય સંસ્થાના સમાચાર ..... ૪૦

★ *બીજાઓએ કરેલાં સત્કાર્યો તરફ બાળકોનું ધ્યાન ખેંચવાથી તેમના સંસ્કાર દ્રઢ બને છે.*
★ *સીડીની ટોચ પર પહોંચેલો માણસ સીડીના પહેલા પગથિયાનો ઋણી હોવો જોઈએ.*
★ *બધે 'Fit' થશો તો ક્યાંય 'Fight' નહીં થાય.*

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી દેવેશ દિલીપ દંડ
મો. ૯૩૨૭૯ ૧૮૫૭૭

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kjss.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## ભાગ-૨ : લેખો તથા અન્ય વિગતો


● અનેકાંતવાદ : જૈનો દ્વારા ઉપેક્ષિત થીયરી : ભાગ-૧ ............................. **ડૉ. નવીન પારેખ**..... ૪૬

**તીર્થ દર્શન**

● દર્શન-૯૪ : શ્રી કેસરિયાજી તીર્થ (શ્રી આદિનાથ ભગવાન)
દર્શન-૯૫ : શ્રી કરેડા તીર્થ (શ્રી કરેડા પાર્શ્વનાથ ભગવાન) .................... **પ્રેષક : કે.ડી. શાહ**..... ૪૯

● સરહદ પારના દેવી – "મા શારદા" .................................................. **નરેશ અંતાણી**..... ૫૦

● દામજીભાઈ એન્કરવાલા :
ટપાલ ટિકિટ પર સ્થાન પામનાર ત્રીજા કચ્છી માડુ! ...................... **ભરત'કુમાર' પ્રા. ઠાકર**..... ૫૨

● અરવલ્લીનો વિવાદ ............................................................. **ડૉ. મિહિર એમ. વોરા**..... ૫૪

● ભારત દેશની આઝાદી................................................................ **યોગેશ જોષી**..... ૫૬

● કોઈ પણ ઈશ્વર ત્રાસવાદને માફ કરતો નથી : બરાક ઑબામા .................... **ડૉ. નાનક ભટ્ટ**..... ૫૭

● સ્નેહ અને સંવેદનાની સરવાણી : કરૂણાસેતુ ટ્રસ્ટ ............................. **પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**..... ૫૮

● પોઝીટીવ બનો અને સ્વસ્થ રહો ............................................... **ચૌલા કુરૂવા**..... ૬૦

● બારી મનની .............................................................. **દિનકર ખીમજી ગડા**..... ૬૧

● બ્રેઈન સ્ટ્રોક (બ્રેઈન ઍટેક) .................................................. **ડૉ. કમલેશ એન. શાહ**..... ૬૨

● ફીટની બીમારી : એપિલેપ્સી : ભાગ-૩ : નિદાન .... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક**..... ૬૩
**ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**.....

● કચ્છનું એક રળિયાત નામ : રસિક મહેતા .......................................... **સંજય પી. ઠાકર**..... ૬૫

● લઘુવાર્તા : મિત્રતા.................................................................**ધીરજલાલ ડી. તન્ના**..... ૬૭

**આ અંકમાં સમાવિષ્ટ કરવામાં આવેલ કાવ્યો :**

● હે રામ! ઍડી મતી ડીજ.................................................................**કેતના છેડા**..... ૧૧

● મહેફિલ... ............................................................... **મણિલાલ ડી. રૂઘાણી**..... ૪૪

● તન્કા.. ............................................................... **દિલીપ આચાર્ય 'દિલકશ'**..... ૪૪

● મુક્તક.. ............................................................... **દિલીપ આચાર્ય 'દિલકશ'**..... ૫૬


## લક્ષ્મીને પણ સૂંઘીને લેતાં શીખીએ

*આપણે બજારમાં ઘી કે તેલ લેવા જઈએ છીએ ત્યારે લેતાં પહેલાં સૂંઘીએ છીએ. કેરી કે અગરબત્તીની પણ સોડમ લઈએ છીએ; માટલાં લેવા જઈએ તો પણ ટકોરા મારીને ખરીદીએ છીએ. આમ, આપણે જે કંઈ ટકોરા મારીને ખરીદીએ છીએ તેને જ ઘરમાં લાવીએ છીએ. પણ, આપણે આપણા ઘરમાં જે કંઈ લક્ષ્મી લાવીએ છીએ, તેને નથી સૂંઘતા, નથી ચકાસતા કે નથી ટકોરા મારતા! એ તો ગમે તેટલી, ગમે ત્યાંથી, ગમે તે રીતે આવી હોય તોય કશો વાંધો નહીં!*

*વસ્તુતઃ એક એક કણની જેમ એક એક પૈસો જે કમાઈએ તેને પૂછતાં શીખો કે તે ક્યાંથી, કેવી રીતે આવ્યો? નીતિથી, પ્રામાણિકતાથી, ધર્મથી આવેલો છે કે કેમ એ સૂંઘતાં શીખો. આપણને એ તો ટેવ જ નથી. જે કમાયા તે ચપ દઈને ઘરમાં ન ઘાલીએ, ને લક્ષ્મીને પણ સૂંઘીને લેતા શીખીએ, તો સુખ જ સુખ થઈ જશે.*

***– રવિશંકર મહારાજ***

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

## તંત્રીશ્રીની કલમે...

# હકારાત્મક અભિગમ

અશોક મહેતા

આપણે દરરોજ વર્તમાનપત્ર વાંચતા રહીએ છીએ. તેમાં અનેક પ્રકારના સમાચારો પ્રકાશિત થતા રહે છે. વિવિધ પ્રકારના આ સમાચારોમાં વિવિધ ક્ષેત્રે દરરોજના બનતા બનાવો, જાણવાલાયક માહિતી, નેગેટીવ સમાચારો, હકારાત્મક સમાચારો વગેરે વિગતો સાથેના આ સમાચાર હોય પરંતુ તેમાં હકારાત્મક સમાચારોનું પ્રમાણ ખૂબ જ જૂજ રહેવા પામે છે.

હકારાત્મક સમાચારોમાં પણ બે ભાગ પાડી શકાય. પ્રથમ ભાગમાં કોઈ વ્યક્તિએ, વ્યક્તિના ગ્રુપોએ, શાળા કે કોલેજના વિદ્યાર્થીઓએ, રહેણાંક સોસાયટીના સભ્યોએ કે સામાજિક સંસ્થાઓએ કરેલ કાર્યોની નોંધ હોય છે કે જ્યારે બીજા ભાગમાં કોઈ શક્તિશાળી મહાનુભાવ અથવા તો અવ્વલ નંબરે પહોંચેલ વ્યવસાયિક કંપનીઓ, શોધખોળ કરનારાઓ, વૈજ્ઞાનિકો અથવા રાજ્ય સરકાર કે જે-તે રાષ્ટ્રએ કરેલ પ્રગતિ અંગેના સમાચાર હોય છે.

આ સાથે હકારાત્મક સમાચારના બે વિભાગ એટલે કે વિભાગ-૧ અને વિભાગ-૨ માં જે વિગતો આપેલ છે, તે તાજેતરના વર્તમાનપત્રોમાં જાન્યુઆરી-૨૦૨૬ના કેટલાક દિવસની પ્રસારિત કરવામાં આવેલી વિગતો છે. આ વિગતોનું ધ્યાનપૂર્વક વાંચન કરીશું તો આપણું મન અભિભૂત થઈ જશે અને આપણે પણ હકારાત્મક દિશા તરફ વિચારતા થઈ જઈશું.

વિભાગ-૧ ના સમાચારના કાર્યોની વાત કરીએ તો ભારતભરની સામાજિક સંસ્થાઓ આ પ્રકારના કાર્યોને હાથ પર લઈ, પોતાના સમાજના સભ્યોને યોગ્ય દિશા તરફ દોરવી, તેના અનેક પ્રકારના હકારાત્મક પરિણામો મેળવી શકે. સમાજના પરિવારોમાં યોગ્ય કાર્યો કરાવીને તેઓને ઉર્ધ્વ ગતિ તરફ લઈ જઈ શકે, શિક્ષણનું સ્તર સુધારી શકે, સમગ્ર સમાજને સક્રિયતા તરફ લઈ જઈ શકે. સાથે સાથે શિક્ષણ, જ્ઞાન, રમતગમત કે નવીન શોધખોળ તરફ પણ દોરવી શકે.

એક હકીકતની સહુએ નોંધ લીધેલ હશે કે સમાજના કાર્યકરોનો એક વર્ગ હંમેશાં નવીન પ્રકારના કાર્યોનું અમલીકરણ કરવાનું વિચારતો હોય છે, જ્યારે આજ કાર્યકરોના જુથમાં અમુક પ્રકારના કાર્યકરો એવા હોય છે કે જેઓ મોટા ભાગે કોણે ક્યાં ભૂલ કરી અથવા કોણ ખોટી દિશા તરફ જઈ રહ્યું છે તેની જ ચર્ચા કરતા હોય છે. પોતે જાતે કોઈ પ્રગતિકારક કામ ન કરતાં, અન્ય કાર્યકરોની ભૂલ સામે અંગૂલી નિર્દેશ કરી, પોતે સમાજની ઉચ્ચ પ્રકારની સેવા કરી રહ્યા છે તેવી ભ્રાંતિમાં રહેતા હોય છે. પરિણામ સ્વરૂપે સમાજની પ્રગતિની ઝડપ ધીમી પડે છે કે જે યોગ્ય નથી. આ પ્રકારના કેસોમાં હકારાત્મક દૃષ્ટિવાળા કાર્યકરોએ નકારાત્મક દૃષ્ટિવાળા કાર્યકરોના અભિગમ બદલવાની જરૂરત રહેતી હોય છે.

હકારાત્મક સમાચારોના વિભાગ-૨ની વાત કરીએ, તો આ એ પ્રકારના સમાચારો હોય છે કે જે દરેક દેશની પ્રગતિ અથવા તો આ દુનિયામાં થતી નવી શોધખોળોના અનુસંધાને હોય છે કે જે દુનિયાભરની દરેક વ્યક્તિને ઉપયોગી બની રહે છે અને વિશ્વને પ્રગતિ તરફ લઈ જવામાં મદદરૂપ બની રહે છે.

બંને પ્રકારના હકારાત્મક સમાચાર આખરે તો માનવજાતને ઉર્ધ્વગતિ તરફ લઈ જવામાં ઉપયોગી થતા રહે છે.

આપણે ઈચ્છીએ કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ જેવી ભારતભરની સામાજિક અને અન્ય સંસ્થાઓ હરહંમેશને માટે એવા કાર્યો કરતી રહે કે જેના થકી સમાજના પરિવારોનો અને સમગ્ર માનવ જાતનો ઉત્કર્ષ થતો રહે.

## હકારાત્મક સમાચાર : વિભાગ-૧

**શુક્રવાર, તા. ૧૬-૧-૨૦૨૬**

★ તહેવારો સાથે જીવદયાનું કાર્ય કરતાં એલ.ડી. એન્જિનિયરીંગ કોલેજના વિદ્યાર્થીઓ. ઉત્તરાયણે ૧૦૦ કરતા વધુ ઘાયલ પક્ષીઓને બચાવી, તેઓને નવું જીવન આપ્યું. સાથે સાથે ચાઈનીઝ દોરી ન વાપરવા લોકોમાં જાગૃતતા પણ ફેલાવી.

★ ચાંદખેડા વિસ્તારમાં ૮૦ સભ્યો ધરાવતા શિવશક્તિ સેવા સમિતિના ગ્રૂપે ૧૦ વર્ષમાં પાંચ લાખ લોકોને ભોજન કરાવી માનવતા મહેકાવી.

★ સેપ્ટ યુનિવર્સિટીના આર્કિટેક્ચરની વિદ્યાર્થી ટીમે રો હાઉસમાં હવા ઉજાસ અને ગરમીમાં ઘટાડો કરી શકે તેવું વિન્ડ ટાવર બનાવ્યું.

★ નિરમા યુનિવર્સિટીની ૪૩ વિદ્યાર્થીઓની ટીમ સ્ટેલિયન્સે આઠ મહિનાની મહેનત પછી ૨૧૪ કિલોની વજનની ઈવી એટીવી રેસિંગ કાર બનાવી.

**શનિવાર, તા. ૧૭-૧-૨૦૨૬**

★ ચાર વર્ષથી પર્યાવરણ સંરક્ષણનું કાર્ય કરતું ‘ગેધરીંગ ગ્રીન’ ગ્રૂપ. આ ગ્રૂપમાં ૨૦૦ લોકો જોડાયેલા છે અને મહિનામાં બે વખત પર્યાવરણ જાળવણી માટેના કાર્યક્રમ કરીને વિવિધ લોકોમાં જાગૃતતા ફેલાવે છે. આ ગ્રૂપે શીલજમાં એક પ્લોટમાં ૨૦,૦૦૦ વૃક્ષો વાવી તેનો ઉછેર કરેલ છે. સ્કૂલ-કોલેજોમાં જઈને ઇકો ટુરિઝમ, નેચર વૉક અને ક્લિન અપ ડ્રાઈવ વિશે સમજ આપે છે.

**મંગળવાર, તા. ૨૦-૧-૨૦૨૬**

★ બાઈક પર દુર્ગમ સફર ખેડતા અમદાવાદના વરિષ્ઠ સાહસિકો કહે છે કે પેશનને જીવંત રાખવા ઉંમર નહીં પણ દ્રઢ સંકલ્પ અને મજબૂત મનોબળ જરૂરી છે.

(A) ૬૩ વર્ષના અનિલભાઈ ગોયલે દેશ વિદેશની પડકારજનક જગ્યાઓની સફર કરી, ટોટલ ૧,૫૦,૦૦૦ કિ.મી.ની બાઈક દ્વારા રાઈડ કરી.

(B) ૬૮ વર્ષના ખેડૂત હિરેનભાઈ પટેલે ૧૦ વર્ષમાં ૭૦,૦૦૦ કિ.મી.ની રાઈડ કરી.

(C) ૭૦ વર્ષના મહેન્દ્રભાઈ પટેલે ૧,૫૦,૦૦૦ કિ.મી.ની રાઈડ કરી.

સહુ પ્રથમ તેમણે કન્યાકુમારી સુધીની રાઈડ કરી. ત્યારબાદ ૨૦થી પણ વધુ ઇન્ટરનેશનલ દેશોની રાઈડ કરી.

★ નિકોલમાં હરિહર સેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં સતત ત્રીજા વર્ષે ૧૧ દીકરીઓના સમૂહલગ્ન યોજાયા હતા. પિતાની છત્રછાયા ગુમાવનાર આ દરેક દીકરીને કરિયાવર સાથે ઘર વપરાશની ૫૬ વસ્તુઓ આપવામાં આવી હતી.

**ગુરૂવાર, તા. ૨૨-૧-૨૦૨૬**

★ અમદાવાદ શહેરની યુનિવર્સિટીઓના NSS સ્વયંસેવકોની ટીમે માનવતાની સાથે પર્યાવરણનું ઉમદા કાર્ય કર્યું. આ ટીમ દ્વારા ૩૫ હજાર યુનિટ બ્લડ એકઠું કરાયું અને ૪૫ હજાર વૃક્ષો વાવ્યા. અમદાવાદની ગુજરાત યુનિવર્સિટી, જીટીયુ, નિરમા યુનિવર્સિટી, સિલ્વર ઑક યુનિવર્સિટી અને પંડિત દિનદયાળ એનર્જી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ વર્ષભર જોડાઈને આ પ્રકારના સરાહનીય કાર્યો કરે છે.

★ L.D. ની એન્વાયરમેન્ટ વિભાગની વિદ્યાર્થિની પૂર્ણિમા સુથારનું સંશોધન : ૩૦ વર્ષમાં અમદાવાદ શહેરની જનતાનું તાપમાન શિયાળામાં ૫.૩૬° અને ઉનાળામાં ૨.૮૩° વધ્યું. આ વિદ્યાર્થિનીએ નેશનલ લેવલની ResCon કોમ્પિટીશનમાં પ્રથમ સ્થાન મેળવ્યું.

**શુક્રવાર, તા. ૨૩-૧-૨૦૨૬**

★ પોતાની રહેણાંકની સોસાયટીમાં જ લાઈબ્રેરી બનાવી કે જેથી ઘરઆંગણે જ પુસ્તકો મળવા લાગ્યા અને લોકોને તેના

વાંચન તરફ પ્રેર્યા.

(A) લોકોના વાંચનમાં વધારો કરવા માટે લાઈબ્રેરીની શરૂઆત કરાઈ.
દીપકભાઈ શાહ : ઓર્ચિડ એક્ઝોટીકા - મકરબા

(B) ૧૯ વર્ષમાં લાઈબ્રેરીમાં ૭ હજાર પુસ્તકોનો સંગ્રહ કરવામાં આવ્યો.
મનસુખભાઈ પટેલ : સત્યમેવ વિસ્ટા - ગોતા

(C) ટ્રાવેલિંગમાં લાઈબ્રેરીમાંથી પુસ્તક રજિસ્ટર કરાવીને લઈ જઈ શકાય છે.
દેવ શાહ : ક્લાઉડ-૯, સેટેલાઈટ

(D) બાળકોને વાંચનનું વાતાવરણ મળે તે માટે લાઈબ્રેરી શરૂ કરી.
ભાવેશભાઈ પટેલ : ગાલા સેલેસ્ટિયા - ગોતા

★ ધોરણ-૧૧ સાયન્સમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ ડિઝાઈન બનાવી. મશીન લર્નિંગથી પ્રજ્ઞાચક્ષુઓ માટે બનાવ્યું સ્માર્ટ હેલ્મેટ અને જેકેટ. વસ્તુ કે વાહનના અંતરથી જેકેટમાં વાઈબ્રેશન થાય છે.

**શનિવાર, તા. ૨૪-૧-૨૦૨૬**

★ ઘરકામ કરતી બહેનોના બાળકોને અભ્યાસ કરાવતા વાસણાના પાયલબેન શાહે ૮ વર્ષમાં ૨૫૦ જરૂરતમંદ વિદ્યાર્થીઓને અઘરા વિષયોનો અભ્યાસ કરાવ્યો. બેઝીક અંગ્રેજી અને ગણિતનું જ્ઞાન આપે છે. બાળકોમાં ઊંચનીચના ભેદભાવ ન રહે તે માટે એકબીજાને ‘માનવતા’ સરનેમથી બોલાવે છે.

★ સિંધુભવન વિસ્તારમાં રહેતી અમાઈરા અને નુમાઈરાની અનોખી સિદ્ધિ. સ્વરક્ષણ અને આત્મવિશ્વાસ માટે કરાટેમાં જોડાઈ, બંને બહેનોએ ૧૦૦થી વધુ મેડલ જીત્યા. ઓલિમ્પિકમાં સ્થાન મેળવવું તે લક્ષ્ય સેવેલ છે : અમાઈરા પટેલ.

## હકારાત્મક સમાચાર : વિભાગ-૨

**ગુરૂવાર, તા. ૧-૧-૨૦૨૬**

★ કેલિફોર્નિયાની હાઈસ્કૂલના વિદ્યાર્થીથી ખગોળ જગત સ્તબ્ધ. નિષ્ણાતોને દંગ કરતો વિદ્યાર્થી. એ.આઈ. વડે ૧૫ લાખ ખગોળીય પિંડ શોધ્યા. ૧૫ વર્ષના મૈટિયો પાઝની પ્રતિભાથી પ્રભાવિત થઈને સ્પેસ એજન્સી નાસાએ નોકરીની ઑફર કરી.

**શુક્રવાર, તા. ૨-૧-૨૦૨૬**

★ ભારતની પ્રથમ ક્રોસ બોર્ડર રિમોટ રોબોટીક સર્જરી મુંબઈમાં પાર પડી. મુંબઈની કોકીલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલે મુંબઈમાં બે દર્દીઓ પર ભારતની પ્રથમ આંતરરાષ્ટ્રીય રિમોટ રોબોટીક સર્જરી સફળતાપૂર્વક હાથ ધરીને રાષ્ટ્રીય સ્તરે એક ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કર્યું છે.

★ પી.એમ. સૂર્યઘર યોજનામાં ગુજરાત દેશમાં નંબર વન રાજય. ગુજરાતમાં સોલાર જોડાણોનો આંકડો પાંચ લાખને પાર. ૩૭૭૮ કરોડની સબસિડી અપાઈ. રૂફ ટોપ સોલાર જોડાણો થકી ૧૮૭૯ મેગાવૉટ વીજક્ષમતા ઉભી કરાઈ. ૨૦૨૭ સુધીમાં ૧૦ લાખ જોડાણોનું લક્ષ્ય.

**રવિવાર, તા. ૪-૧-૨૦૨૬**

★ તળ્યા બાદ કડાઈમાં બચેલા કૂકિંગ ઓઈલથી પ્લેન ઉડાડાશે. કૂકિંગ ઓઈલના ઉપયોગથી કાર્બન ઉત્સર્જન ઘટશે. ચાર વર્ષમાં એટીએફ માં પાંચ ટકા એસ.એ.એફ.નું મિશ્રણ કરાશે.

★ ભારતમાં પ્રથમ વખત બિલાડીમાં ગંભીર બીમારી દૂર કરવાનો કિસ્સો. આણંદની કામધેનુ યુનિવર્સિટીમાં બિલાડીમાં

લીવર કેન્સરનું લોબેક્ટોમી દ્વારા સફળ ઑપરેશન કરાયું. નિષ્ણાત ડૉક્ટરોની ટીમે દુર્લભ સર્જરીથી ૫.૩ કિલો વજન ધરાવતી બિલાડીના પેટમાંથી ૫૧૮ ગ્રામની ગાંઠ દૂર કરી.

**સોમવાર, તા. ૫-૧-૨૦૨૬**

★ ચીને પાણીમાંથી પેટ્રોલ બનાવવાની ટેકનિક વિકસાવી.

★ સિંગાપોરે વરસાદના પાણીથી વીજળી ઉત્પન્ન કરી બતાવી.

★ હવે ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારાઓને હેલ્મેટ શોધી કાઢશે. હેલ્મેટ બનાવનાર બેંગલુરૂના રહેવાસીએ સ્પેશિયલ મીડિયામાં હેલ્મેટનો વીડિયો વાઈરલ કર્યો.

**મંગળવાર, તા. ૬-૧-૨૦૨૬**

★ અનાવિલ સમાજના પુલકિત દેસાઈ સાઈબર એક્સપર્ટ છે. મૂળ વલસાડના પુલકિત દેસાઈ અમેરિકાના પર્સિપનીના મેયર બન્યા.

★ ઓ.એન.જી.સી. દ્વારા વાતાવરણમાં કાર્બન ઉત્સર્જનને અટકાવવા ભરૂચ નજીકના ખાલી થઈ રહેલા ઓઈલ કૂવાઓમાં કાર્બન ડાયોક્સાઈડનો સંગ્રહ કરાશે.

★ ભારતનો પહેલો પાઈલોટ પ્રોજેક્ટ ગુજરાતમાં ચાલુ થશે. ઉદ્યોગોમાંથી નીકળતો રોજનો ૧૦૦ ટન કાર્બન ડાયોક્સાઇડનો સંગ્રહ કરાશે.

**શુક્રવાર, તા. ૯-૧-૨૦૨૬**

★ વેદાંત ગ્રૂપના ચેરમેન અનિલ અગ્રવાલ પોતાની ૭૫ ટકા સંપત્તિ દાનમાં આપશે. વેદાંત ગ્રૂપ ૩૫ હજાર કરોડની કિંમતનું છે અને માઈનિંગથી લઈને વિવિધ ક્ષેત્રોમાં હિસ્સો ધરાવે છે.

**સોમવાર, તા. ૧૨-૧-૨૦૨૬**

★ રાજકોટ ખાતેની વાઈબ્રન્ટ સમિટમાં જાણીતા ઉદ્યોગપતિઓની સંકલ્પના.

(A) રીલાયન્સ ગ્રૂપે છેલ્લા પાંચ વર્ષમાં રૂા. ૩.૫૦ લાખ કરોડનું રોકાણ કરેલ છે અને આવતા પાંચ વર્ષમાં બીજા રૂા. ૩.૫૦ લાખ કરોડનું રોકાણ કરશે.

(B) અદાણી ગ્રૂપ મુંદ્રા ખાતે આગામી પાંચ વર્ષ દરમિયાન રૂા. ૧.૫૦ લાખ કરોડનું રોકાણ કરશે.

(C) વેલસ્પન ગ્રૂપ હાલે કચ્છમાં એક લાખ લોકોને રોજગારી આપે છે. વિશ્વની સૌથી મોટી પાઈપ લાઇન પ્લાન્ટનું ઉત્પાદન કરવા માટે તે રૂા. પાંચ હજાર કરોડનું રોકાણ કરશે.

(D) રાજકોટ સ્થિત જ્યોતિ સીએનસી કે જે એરોસ્પેસ અને ડિફેન્સ સેક્ટરને મશીનરી પૂરી પાડે છે, તે આવતા દિવસોમાં રૂા. પાંચ હજાર કરોડનું રોકાણ કરશે.

**મંગળવાર, તા. ૧૩-૧-૨૦૨૬**

★ બ્રિટનની રોયલ એસ્ટ્રોનોમિકલ સોસાયટી દ્વારા ભારતીય મૂળના ખગોળશાસ્ત્રી કુલકર્ણીને યુ.કે.માં પ્રતિષ્ઠિત ગોલ્ડ મેડલ આપવામાં આવ્યો. પ્રતિષ્ઠિત વિજ્ઞાનીઓની યાદીમાં સામેલ કુલકર્ણી હાલ નાસાના અલ્ટ્રાવાયોલેટ એક્સ્પ્લોરર મિશનમાં જોડાયા છે.

**શુક્રવાર, તા. ૧૬-૧-૨૦૨૬**

★ ઉત્તરાયણના એક જ દિવસમાં ૭૮ હજારથી વધુ લોકો અમદાવાદ ખાતેના રીવર ફ્રન્ટના ફલાવર શો ની મુલાકાતે આવ્યા. રૂા. ૯૦ લાખથી વધુની આવક થઈ.

**રવિવાર, તા. ૧૮-૧-૨૦૨૬**

★ ભારતના ટેક સેન્ટરમાં ક્રાંતિની અસર. ભારતમાં એ.આઈ. અને મશીન લર્નિંગમાં વાર્ષિક સેલેરી રૂા. ૫ લાખથી વધીને રૂા. ૪૫ લાખ થશે.

**મંગળવાર, તા. ૨૦-૧-૨૦૨૬**

★ ભારતની ખાનગી કંપની "સોલાર ડિફેન્સ એન્ડ એરોસ્પેસ"ના રોકેટની નિકાસ શરૂ. આર્મેનિયાને સ્વદેશી ગાઈડેડ પિનાક રોકેટનો પ્રથમ જથ્થો રવાના કર્યો.

★ વર્ષ ૨૦૨૪-૨૫માં રૂા. ૧ કરોડથી વધુની આવક જાહેર કરનારા કરદાતાઓની સંખ્યામાં ૨૨ ટકાનો વધારો.

રૂા. ૫ લાખ સુધીની આવક ધરાવતા કરદાતાઓની સંખ્યામાં આશરે ૨૪ ટકાનો થયેલ ઘટાડો.

રૂા. ૫ લાખથી રૂા. ૧૦ લાખની શ્રેણીમાં ૧૫.૪ ટકાનો વધારો થયો છે.

રૂા. ૧૦ લાખથી રૂા. ૫૦ લાખની શ્રેણીમાં ૧૭.૩ ટકાનો વધારો થયો છે.

રૂા. ૫૦ લાખથી રૂા. ૧ કરોડની શ્રેણીમાં ૨૧.૪ ટકાનો વધારો થયો છે.

રૂા. ૧ કરોડથી રૂા. ૫ કરોડની શ્રેણીમાં ૨૧ ટકાનો વધારો થયો છે.

રૂા. ૫૦ મિલિયનથી રૂા. ૧૦૦ મિલિયનની શ્રેણીમાં ૨૯.૭ ટકાનો વધારો થયો છે.

રૂા. ૧૦૦ મિલિયનથી વધુ આવક ધરાવતા કરદાતાઓની સંખ્યામાં ૨૮.૩ ટકાનો વધારો થયો છે.

આ વિગત સૂચવે છે કે ભારત દેશ આર્થિક રીતે પ્રગતિના પંથે છે.

**શુક્રવાર, તા. ૨૩-૧-૨૦૨૬**

★ ભારત ૨૦૨૮ સુધીમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે.

## હે રામ! એડી મતી ડીજ

હથરોટીમેં છાલ મિઠી ઉપડે ખામ,
હકજો ખેણું, ન ખપે કીંય હરામ.
હે રામ! એડી મતી ડીજ.

ચડતી પડતીજો નાં આય સંસાર,
સંભારી પિંઢકે, બેંજા તોડ્યું ન ઠામ.
હે રામ! એડી મતી ડીજ.

સુખજી લાયમેં લટાર કિતરીવાર!
ડુખીયેંકે આબર ડિઈ સગું જામ.
હે રામ! એડી મતી ડીજ.

ચડાઈ મથે તેં નીણાઈજી રજ
ભૂલેચૂકે ન ડિઈ ડીયૂં ગુજા ડામ.
હે રામ! એડી મતી ડીજ.

'કેતુ', રામ, શ્યામ, મહાવીર ક માઈતર,
ઈની પગેમેં જાણે પૂજીયું ચારોય ધામ.
હે રામ! એડી મતી ડીજ.

*કેતના છેડા • મો. ૯૮૧૯૮ ૪૨૫૩૦*

## શુભ અમૃત વચનો

★ જે લોકો તમારો સમય જોઈને તમારો આદર કરે છે, તે ક્યારેય તમારા પોતાના નથી બની શકતા.

★ દરેક વખતે મનને મનાવવું એ જિંદગી જીવી કહેવાય...! પણ ક્યારેક મનનું પણ માનવું એ જિંદગી માણી કહેવાય...!

★ જીવન જીવવા માટે કોઈ ફોર્મ્યુલાની જરૂર નથી. માત્ર ખુશીને પ્લસ કરતા જાઓ એટલે દુઃખ પોતે માઈનસ થઈ જશે...!

★ સૂર્ય સામે દીવો કંઈ જ નથી પણ અંધકાર સામે એ ઘણું બધું છે.

★ જિંદગીમાં એક વાત હંમેશાં યાદ રાખવી. દરેકને તમે સમજાવી નહીં શકો અને દરેક તમને સમજી પણ નહીં શકે.

★ ફક્ત યાદો જ જિંદગીનો અસલી ખજાનો છે. બાકી તો બધાએ ખાલી હાથે જ જવાનું છે.

★ મેં કર્યું, હું જ કરી શકું અને મારાથી થાય...! – આ ત્રણનું હવન કરી દ્યો. જિંદગી જીવવાની ખરી મજા આવશે.

★ સ્નેહ અને આંસુની ઓળખ ભલે અલગ અલગ થતી હોય, પણ બંનેનું ગોત્ર તો એક જ છે – હૃદય!

*પ્રેષક : અમરેશ કે. સંઘવી - અમદાવાદ*
*મો. ૯૪૦૯૫ ૧૨૬૬૨*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### પ્રજાસત્તાક દિનની ઉજવણી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે આજ રોજ ૭૭મા પ્રજાસત્તાક દિનની ઉજવણી પાલડી ભવનના પટાંગણમાં રંગેચંગે ઉજવી હતી. તેમાં સમાજના સભ્યોએ બહોળા પ્રમાણમાં હાજરી આપી હતી.

આજના ધ્વજવંદનના કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી પારસભાઈ શાંતિલાલ સાવલા હતા.

સૌ પ્રથમ માનદ્ મંત્રી શ્રી રજનીકાંત ધરમશી પારેખે સૌને ધ્વજવંદન માટે આવકાર્યા હતા અને આજના મુખ્ય મહેમાન વિશે માહિતી આપણા જણાવ્યું હતું કે શ્રી પારસભાઈ સાવલા આપણા સમાજના ઉપપ્રમુખ અને દાતા શ્રી શાંતિલાલભાઈ મુળજીભાઈ સાવલાના સુપુત્ર અને દીપ ઈન્ડસ્ટ્રીઝના ડાયરેક્ટર છે. દીપ ઈન્ડસ્ટ્રીઝ વર્ષ ૧૯૯૧માં શરૂ કરવામાં આવેલ હતી. આજે ૩૬ વર્ષના વહાણા પછી તેમની માર્કેટ કેપ રૂા. ૩૦૦૦ કરોડ કરતાં પણ વધુ છે. તેઓ જમીન તેમજ દરિયામાંથી ક્રૂડ ઓઈલ કાઢીને દેશની વિવિધ ઈન્ડસ્ટ્રીઝને ચાલકબળ પૂરું પાડીને દેશની ઉમદા સેવા કરે છે.

ત્યારબાદ શ્રી પારસભાઈ સાવલાએ ધ્વજવંદન કર્યું હતું. રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી. તેમણે તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, આજે હું આપ સૌને ૭૭મા પ્રજાસત્તાક દિનની શુભેચ્છા પાઠવું છું. જે રીતે આપણો દેશ આગળ વધી રહ્યો છે, તેના માટે આપણે તન-મન-ધનથી આ દેશની સેવા કરવી જોઈએ અને તેના વિકાસમાં સહભાગી થવું જોઈએ. આ દેશની પ્રગતિ માટે સૌએ ખભા મિલાવીને એકજુટ થઈને કામ કરવું જોઈએ અને આ દેશ પ્રત્યે પોતાની વફાદારી બતાવવી જોઈએ. આ દેશની ધરતીએ અને આ દેશે આપણને ઘણું બધું આપ્યું છે, તો આપણે યથાશક્તિ તેને પાછું આપીને આ દેશનું ઋણ અદા કરવું જોઈએ તેવી મારી આપ સૌને નમ્ર અપીલ છે.

ત્યારબાદ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપભાઈ નારાણજી દંડે જણાવ્યું હતું કે આજના પ્રજાસત્તાક દિન નિમિત્તે આપ સૌને ખૂબ ખૂબ અભિનંદન. આજે દેશની જે પરીસ્થિતિ છે તે પરીસ્થિતિમાં આપણે દેશને આગળ વધારવા તેમજ અત્યારની નાજુક પરીસ્થિતિમાં દેશને જેટલી મદદ કરી શકાય તેટલી મદદ તન-મન-ધનથી કરવી જોઈએ.

અંતમાં સૌ ચા-નાસ્તો લઈને છૂટા પડ્યા હતા.

*કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નંબર-૬૯*

**રજનીકાંત ડી. પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

---

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### *અમદાવાદ પધારતા અતિથિઓની સગવડતા વધારાઈ*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ત્રણે અતિથિ ભવન – પાલડી, શાહીબાગ અને ગીતા મંદિરનું બુકિંગ હવે ઓનલાઈન થઈ શકશે.*

**www.kjss.org** પર બુકિંગ થઈ શકશે.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## તા. ૨૬-૧-૨૦૨૬ના રોજ યોજવામાં આવેલ ટ્રસ્ટ મંડળની મીટિંગનો અહેવાલ

તા. ૨૬-૦૧-૨૦૨૬ને સોમવારના રોજ ધ્વજ વંદનના કાર્યક્રમ પછી ટ્રસ્ટ મંડળની મીટિંગ મળી હતી. તેમાં નીચે પ્રમાણેની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

માનનિય મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડના રાજીનામાના પત્રનું વાંચન કરવામાં આવ્યું હતું અને તેમણે આપેલ અંગત કારણસર તેમનું રાજીનામું સ્વીકારવામાં આવેલ હતું. આજદિન સુધી – પચાસ વર્ષની તેમની સેવા અને સમર્પણ ભાવનાને બિરદાવવામાં આવેલ હતી તેમજ તે અંગે એક ઠરાવ ટ્રસ્ટ મંડળમાં પસાર કરવામાં આવ્યો હતો.

આ રાજીનામાના કારણે ખાલી પડેલ જગ્યા ઉપર મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ તરીકે શ્રી હિરેન કુંવરજી શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી.

બંધારણની રૂએ મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખશ્રી સાથે છ વ્યક્તિઓને ટ્રસ્ટ મંડળમાંથી કારોબારીમાં મોકલવામાં આવે છે. શ્રી હિરેન કુંવરજી શાહની મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ તરીકે વરણી થતાં ખાલી પડેલ જગ્યા ઉપર શ્રી પ્રતાપ નારાણજી દંડના નામની કમી કરી ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહને કારોબારીમાં મોકલવા અંગે સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર અને ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર - ગીતા મંદિર અંગે ચર્ચા કરવામાં આવેલ હતી તેમજ સભ્યપદ મંજૂર કરવામાં આવેલ હતા અને પ્રમુખશ્રીની મંજૂરીથી વિવિધ કામો અંગે ચર્ચા કરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

**રજનીકાંત ડી. પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*સુખ વ્યક્તિના અહંકારની અને દુઃખ વ્યક્તિના ધૈર્યની પરીક્ષા લે છે.*
*બંને પરીક્ષાઓમાં ઉત્તીર્ણ વ્યક્તિનું જીવન જ સફળ જીવન કહેવાય છે.*

## સમાજના એક સભ્ય – ચિત્રકાર બહેનનું અમદાવાદની ગુફા ગેલેરી ખાતે ચિત્ર પ્રદર્શન



**પુષ્પા કાંતિલાલ શાહ** (ગામ રામાણિયા, હાલે અમદાવાદના વતની)નું ઓક્ટોબર ૨૦૨૫માં ગુફા ગેલેરી અમદાવાદ ખાતે ચિત્ર પ્રદર્શન યોજાઈ ગયું.

પ્રદર્શનમાં વિસરાતો આપણો અમૂલ્ય વારસો, જૂના તાળા, દરવાજા, જૂના મકાનો, વાસણો, સ્થાપત્ય શૈલીના ચિત્રો મૂક્યા હતા, જે આજે નવી પેઢીને ખબર પણ નથી. આવનારા મહેમાનોએ તેમના પ્રદર્શનને જોઈને ખૂબ વખાણ્યું હતું. તેઓ છેલ્લા ૨૫ વર્ષથી અવિરત કલા સાધના કરતા રહ્યા છે. તેઓ જણાવે છે કે ચિત્રો દોરવા એ મારું પેશન છે, જે મને અલૌકિક આનંદની અનુભૂતિ કરાવે છે. તેઓએ દેશ - વિદેશમાં વિવિધ ગ્રુપ શો કર્યા છે.

તેમણે ૨૦૨૩માં નરેન્દ્ર મોદીની કવિતા પરથી દોરેલા ચિત્રને Best Artist નો ઍવોર્ડ મળેલ.

*બહેનશ્રી પુષ્પા કાંતિલાલ શાહને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી મંડળ, કારોબારી સમિતિ તથા અન્ય સહુ કાર્યકરોના ખૂબ ખૂબ અભિનંદન.*

# કટારિયા જૈન બોર્ડિંગનું સાત કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્માણ
# અમદાવાદ સ્થિત ચંચળબેન ઉગરચંદભાઈ પોપટલાલભાઈ ગઢેચા પરિવારનું માતબર દાન

## *ગઢેચા પરિવારના જ્યેષ્ઠ પુત્ર શ્રી હસમુખભાઈ ગઢેચા*
## *શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એક આદરણીય ટ્રસ્ટી*



**શ્રી હસમુખભાઈ ગઢેચા**

વર્ષ ૧૯૪૨માં શરૂ થયેલ વર્ધમાન જૈન બોર્ડિંગ અને વિદ્યાલયમાં હાલ ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ સંકુલના મકાનનું નવનિર્માણ કરવાનું નક્કી થતાં તેનું અંદાજિત રૂપિયા સાત કરોડનું બજેટ નક્કી કરવામાં આવ્યું. આ નવનિર્મિત મકાનના મુખ્ય લાભાર્થી તરીકે અમદાવાદ સ્થિત ચંચળબેન ઉગરચંદભાઈ પોપટલાલભાઈ ગઢેચા પરિવારે લાભ લીધેલ છે. દાતા પરિવારના જ્યેષ્ઠ પુત્ર કે જેઓ આ બોર્ડિંગના પૂર્વ વિદ્યાર્થી છે, તે શ્રી હસમુખભાઈ ગઢેચા દ્વારા પોતાની માતા ચંચળબેનની સ્મૃતિમાં માતબર રકનું અનુદાન જાહેર કરવામાં આવેલ છે. તેટલું જ નહીં પરંતુ તેમણે અન્ય દાનવીરો પાસેથી સારી એવી રકમ પણ આ નવનિર્મિત વિદ્યાલય માટે મેળવી આપેલ છે, કે જેથી આયોજન મુજબની મોટા ભાગની રકમ એકત્રિત થઈ શકેલ છે.

શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એક આદરણીય ટ્રસ્ટી છે અને તેઓ અનેક વર્ષોથી આ સમાજના ટ્રસ્ટીપદે રહી, સમાજના કાર્યોને યોગ્ય દિશામાં પ્રોગ્રેસ કરાવી, જન સમાજની સેવા કરવામાં પોતાનો અથાગ ફાળો આપી રહેલ છે. અત્રે એ યાદને તાજી કરીએ કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શાહીબાગ ખાતેના શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું નિર્માણ અને બાંધકામ વર્ષ ૨૦૦૧માં શ્રી હસમુખભાઈ ગઢેચાની આગેવાની હેઠળ કરવામાં આવેલ હતું.

કચ્છમાં ભચાઉ તાલુકાના જૂના કટારિયામાં આવેલ આ સંકુલના નવનિર્મિત ઈમારતનું નિર્માણ એ વાગડ રણ વિસ્તારની આજુબાજુના ૩૨ ગામના વિદ્યાર્થીઓને અદ્યતન શિક્ષણ મેળવવામાં ખૂબ જ લાભકારી નીવડશે અને અહીં રહીને વિદ્યાર્થીઓ પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકશે.

નવનિર્મિત આ સંકુલમાં રસાયણશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્રની બે અલગ અલગ આધુનિક પ્રયોગશાળા બનાવવામાં આવશે. તદુપરાંત કોમ્પ્યુટરના માર્ગદર્શન માટે હાર્ડવેર અને સોફ્ટવેર વિભાગ તેમજ વાંચનાલયની સાથોસાથ ભાષા અંગેની લેબ પણ બનાવવામાં આવશે. આધુનિક વ્યાયામશાળા સાથે ઈન્ડોર અને આઉટડોર રમત માટેની વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવશે.

આ નવી અને આધુનિક ઈમારતમાં સંસ્કૃતિ કક્ષ, શિસ્ત અને ચારિત્ર્ય ઘડતર માટે જ્ઞાન દ્વાર, દર્શન દ્વાર, ચારિત્ર દ્વાર જેવા પ્રેરક વિભાગો પણ તૈયાર કરવામાં આવશે. સાથે સાથે વહીવટી કાર્યાલય, આચાર્ય ઓફિસ, શિક્ષક રૂમ જેવી વ્યવસ્થાઓ પણ ઊભી કરવામાં આવશે.

***આ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેના વરિષ્ઠ ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ ગઢેચા તથા સમગ્ર ''ચંચળબેન ઉગરચંદભાઈ પોપટલાલભાઈ ગઢેચા પરિવાર''ને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે અને ભવિષ્યમાં પણ આ પરિવાર તરફથી ઉત્કૃષ્ટ કાર્યો થતા રહે તેવી અભિલાષા વ્યક્ત કરે છે.***

# વયસ્ક સમિતિ

ગુલાબી ઠંડીના મકરસંક્રાંતિ (ઉત્તરાયણ)ના દિવસોમાં વહેલી સવારથી કડકડતી ઠંડીમાં રંગબેરંગી સ્વેટર, શાલ, મફલર, ટોપીના પરિધાન સાથે અધધ કહી શકાય તેવા ૧૯૦ વડીલો આજે તા. ૧૩-૦૧-૨૦૨૬ના રોજનો કાર્યક્રમ માણવા આવી પહોંચ્યા.

શરૂઆતમાં ફાફડા-જલેબીના નાસ્તા અને ચા ની ચુસકીની મજા માણી સૌએ પોતપોતાનું સ્થાન ગ્રહણ કર્યું.

વયસ્ક સમિતિના કન્વીનર શ્રી રજનીકાંત પારેખે સૌને આવકારીને આજના વિશિષ્ટ કાર્યક્રમની વિગતવાહ માહિતી આપી.

તેમણે જણાવ્યું કે તા. ૨૨-૧૦-૨૦૦૫ના રોજ ટ્રસ્ટ મંડળે વડીલોને આનંદમાં રાખવાનો, તેમને ઉત્સાહિત બનાવવાનો અને તેમની જિંદગીના અમૂલ્ય વર્ષોના અનુભવનો લાભ સમાજને મળી રહે તે માટે વયસ્ક સમિતિની રચના કરી.

આ સમિતિના પ્રથમ કન્વીનર શ્રી બાબુલાલ ખેતશી મહેતા હતા અને અન્ય સભ્યોમાં શ્રી રજનીકાંત ધરમશી પારેખ, શ્રી રવિલાલ પોપટલાલ પારેખ તથા શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા હતા.

આ સમિતિ દ્વારા પ્રથમ કાર્યક્રમ તા. ૧૩-૦૧-૨૦૦૬ના રોજ ડૉ. અને પદ્મશ્રી કુમારપાળ દેસાઈના પ્રવચન અને વકૃત્વ હરીફાઈથી શરૂ કરવામાં આવેલ હતો. આજ રોજ આ કાર્યક્રમને બરાબર ૨૦ વર્ષ પૂરા થાય છે તે નિમિત્તે આજનો રંગારંગ કાર્યક્રમ આપણે ગોઠવ્યો છે.

ઓગસ્ટ ૨૦૦૬થી કન્વીનર તરીકે શ્રીમતી સુલુબેન જલદીપ શાહની નિમણુંક કરવામાં આવેલ હતી અને ત્યારબાદ ૧૦મી ઓગસ્ટ ૨૦૦૮થી સમિતિના કન્વીનર તરીકે શ્રી રજનીકાંત ધરમશી પારેખની નિમણુંક કરવામાં આવેલ હતી. ત્યારથી આજદિન સુધી તેઓ કન્વીનર તરીકે કાર્યરત છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આજદિન સુધી વયસ્ક સમિતિના લગભગ ૧૫૦ કાર્યક્રમો થયેલા છે. જેમાંથી ૪૩ જેટલા કાર્યક્રમો પ્રવાસના છે. તેમાં પણ ૩ વિદેશ યાત્રાના કાર્યક્રમો થયા છે.

આજ સુધીના કાર્યક્રમોની સફળતા માટે તેઓ સૌ પ્રથમ શ્રી કચ્છી જૈન સેવા સમાજ અને તેના ટ્રસ્ટ મંડળ, હોદ્દેદારો અને અન્યોનો ખૂબ ખૂબ આભાર માને છે કારણકે સમાજે કાર્યક્રમો કરવા માટે કલ્ચરલ હોલ અને અન્ય સંસાધનો પૂરા પાડ્યા અને જ્યાં જ્યાં જરૂરત હતી ત્યાં ત્યાં ઉદાર દિલે નાણાંકીય સહાય કરીને અમને પીઠબળ પૂરું પાડ્યું છે.

આજદિન સુધી સમિતિના જે સભ્યોએ જહેમત ઉઠાવીને દરેક કાર્યક્રમમાં તન, મન અને ધનથી પોતાની સેવા આપીને કાર્યક્રમોને સફળ બનાવ્યા તેઓનો સમિતિ ખૂબ ખૂબ આભાર માને છે. આ માનવંતા સભ્યો આ પ્રમાણે છે.

૧. શ્રી બાબુલાલ ખેતશી મહેતા
૨. શ્રી રજનીકાંત ધરમશી પારેખ
૩. શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
૪. શ્રી રવિલાલ પોપટલાલ પારેખ
૫. શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)
૬. શ્રીમતી સુલુબેન જલદીપ શાહ
૭. શ્રીમતી શિલ્પીબેન પ્રકાશભાઈ શાહ
૮. શ્રીમતી નીપા સંજય શાહ
૯. શ્રીમતી વીણાબેન ભરતભાઈ ગાલા
૧૦. શ્રીમતી સ્મિતા રાજેન્દ્ર ખોના
૧૧. શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
૧૨. શ્રી આણંદજી વેલજી વીરા
૧૩. શ્રી મહેન્દ્ર વિશનજી શાહ
૧૪. શ્રી પ્રવીણ વેરશી હરિયા
૧૫. શ્રી અરવિંદ કાંતિલાલ શેઠ
૧૬. શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ
૧૭. શ્રી નીતિન હરિલાલ સંઘવી
૧૮. શ્રી દિલીપ કુંવરજી દંડ
૧૯. શ્રી નરેન્દ્રકુમાર જયંતીલાલ કોઠારી
૨૦. શ્રી મનીષ આણંદજી વીરા
૨૧. શ્રી જ્યોતિન્દ્ર રવિલાલ સંઘવી
૨૨. શ્રી રોહિત શાંતિલાલ સંઘવી
૨૩. શ્રી મહેશ ઠાકરમશી પદમશી શાહ
૨૪. શ્રી ગિરીશ દામજી પોલડિયા

આ કાર્યક્રમ માટે પ્રોત્સાહિત કરવા શરૂઆતથી આજ દિન સુધી ઘણા જ વડીલોએ પોતાનો આર્થિક ફાળો ઉદાર હાથે આપેલ છે છતાં પણ મારે અત્યારે આ ૩ વડીલોને યાદ કરવા જ પડે તેમ છે કેમકે શરૂઆતથી આજદિન સુધી તેમનો આર્થિક સહયોગ અમને સાંપડતો જ રહ્યો છે તેવા (૧) શ્રી કાંતિલાલ વેલજી સાવલા, (૨) શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ અને (૩) શ્રી દિનેશભાઈ પ્રેમચંદ શાહ.

*કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નંબર-૭૦*

### વીસ વર્ષના કાર્યક્રમોની ઝલક

| *ક્રમ* | *પ્રવાસ* | *સંખ્યા* |
|---|---|---|
| ૧. | વિદેશ પ્રવાસ | ૦૩ |
| ૨. | રાજસ્થાન રાજ્યમાં પ્રવાસ | ૦૪ |
| ૩. | મહારાષ્ટ્ર રાજ્યમાં પ્રવાસ | ૦૧ |
| ૪. | મધ્યપ્રદેશ રાજ્યમાં પ્રવાસ | ૦૨ |
| ૫. | ગુજરાત રાજ્યમાં પ્રવાસ<br>કચ્છ - નારાયણ સરોવર,<br>કોટેશ્વરથી દક્ષિણમાં ધરમપુર - સાપુતારા,<br>અંબાજી ઇડરીયા ગઢથી માંડી થોળ,<br>નળ સરોવર એમ સમગ્ર ગુજરાતમાં<br>પ્રવાસ યોજ્યા છે. | ૩૩ |
| | *કુલ પ્રવાસ* | *૪૩* |

★ અમદાવાદમાં જ સરદાર પટેલ ભવન– શાહીબાગ, ઓક્યુરા આંખની હોસ્પિટલ, ક્રિષ્ના સેલ્બી હોસ્પિટલ, ઇસરો વગેરે સ્થળોની મુલાકાત યોજવામાં આવેલ હતી.

★ ભદ્રાબાના ફાર્મ હાઉસ ખાતે તેમજ ગાંધીનગર - મહાત્મા મંદિર વગેરે સ્થળોની મુલાકાત લીધી હતી.

આ ઉપરાંત અમદાવાદ - પાલડી ભવન ખાતે ૧૩૦ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે જેમાં વિવિધ ડૉક્ટરોના વાર્તાલાપ, ગીત સંગીતની મહેફિલો, હાસ્ય કલાકારના પ્રોગ્રામો, મિમિક્રી, આરોગ્ય અંગે જુદી જુદી થેરાપીઓની માહિતી, ૫૦ વર્ષના લગ્નજીવન પૂર્ણ કરનાર યુગલોના સન્માનનો કાર્યક્રમ, સ્તવનની - દેશ ભક્તિના ગીતોની - ગુજરાતી કવિતા તેમજ ગીતો - હિંદી ફિલ્મના ગીતો આધારિત હાઉસી, વિવિધ પ્રકારની અંતાક્ષરી, વક્તૃત્વ સ્પર્ધા, વિવિધ કવિઓ દ્વારા પ્રસ્તુતિ, જાદુગરો દ્વારા કાર્યક્રમ, શ્રદ્ધાંજલી કાર્યક્રમ, સ્ક્રીન ઉપર વિવિધ પિક્ચરો અને નાટકો, મોટીવેશનલ લેક્ચર, માતૃભાષા નિમિત્તે કાર્યક્રમ.

### કાર્યક્રમોની ઝલકની ઝાંખી

સમિતિના સભ્ય શ્રી જ્યોતિન્દ્ર સંઘવી કે જેઓ ફોટોગ્રાફર છે, તેઓએ ખૂબ જ મહેનત કરીને વીસ વર્ષના લગભગ ૧૫૦ કાર્યક્રમોની ઝલકના ફોટોગ્રાફ્સ અને વીડિયો તૈયાર કરીને દશ્ય શ્રવણ કરાવવાનું અતિ ઉમદા કાર્ય કરેલ છે. આ ઝલક જોઈને વડીલો ભાવવિભોર થઈ ગયા અને ભવ્ય ભૂતકાળમાં સરી પડ્યા હતા.

ત્યારબાદ સૂરાંજલી ક્લબના સ્થાપક અને ઘણા બધા ઉગતા કલાકારોને પ્લેટફોર્મ પૂરું પાડનાર શ્રી ઉમેશ શર્મા અને તેમના સાથી કલાકારોએ ગીતોની રમઝટ દ્વારા વડીલોના દિલ જીતી લીધા હતા. આ સહ કલાકારોની સાથે આપણા પોતાના જ ડૉ. શિલ્પાબેન તોશ્નીવાલ, શ્રીમતી સોનલબેન કિનારીવાલા, શ્રી રંજન રાવલ અને શ્રી નયન મહેતાએ પણ ભાગ લીધેલ હતો.

ગીતોની રમઝટ બાદ ફાસ્ટ ગીતો પર વડીલોએ યુવાનોને પણ શરમાવે તેવા ઉમંગ અને ઉત્સાહથી ભરપૂર ડાન્સ કર્યા હતા તેમજ ગરબે પણ ઘૂમ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત સંસ્થાના ડૉ. શ્રીમતી નીતુબેન પરીખે જણાવ્યું હતું કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા સમાજના વડીલો આનંદ ઉત્સાહમાં રહે તે માટે ગીત સંગીતના કાર્યક્રમો, મોટીવેશનલ અને ડૉક્ટરોના પ્રવચનો, પ્રવાસ, પિકનિક વગેરે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરાય છે તેના લીધે તમો આટલા એક્ટીવ છો. તમો લોકો ખૂબ જ સુંદર જિંદગી જીવી રહ્યા છો. જાપાનાના નાના સિટીમાં લોકો ૧૦૦ વર્ષથી વધુ વર્ષ જીવે છે તેનું કારણ સોશિયલ કનેક્શન, પિકનિક, ચાલવાની એક્સરસાઇઝ વગેરે વગેરે... અંતમાં હું તો એટલું જ કહીશ કે, ‘ચલતે... ચલતે... યે મેરા ગીત યાદ રખના... કભી અલવિદા ના કહેના...’

આજ રોજ નીચેના વડીલોએ કેક કાપીને પોતાના જન્મ દિવસ અને મેરેજ એનિવર્સરીની ઉજવણી કરી હતી.

| | | |
|---|---|---|
| *૧.* | *શ્રી દીપક અમૃતલાલ શાહ (ભગત) અને બેલાબેન શાહ* | *– જન્મ દિવસ* |
| *૨.* | *શ્રી નીતિન હરિલાલ સંઘવી અને હર્ષિદાબેન સંઘવી* | *– જન્મ દિવસ* |
| *૩.* | *શ્રીમતી લીલાવતી રમેશ ચંદુરા* | *– જન્મ દિવસ* |
| *૪.* | *શ્રીમતી હેમકુંવરબેન અરવિંદભાઈ ગાલા* | *– જન્મ દિવસ* |
| *૫.* | *શ્રી અશોક ગજેન્દ્રભાઈ ગોરજી* | *– જન્મ દિવસ* |
| *૬.* | *શ્રી સુરેશ લહેરચંદ કોઠારી* | *– જન્મ દિવસ* |
| *૭.* | *શ્રી દિલીપભાઈ કુંવરજી દંડ* | *– જન્મ દિવસ* |
| *૮.* | *શ્રી દિલીપભાઈ અને દમયંતીબેન* | *– મેરેજ એનિવર્સરી* |

આ ઉપરાંત નીચેના દાતાશ્રીઓનું શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવેલ હતું.

*૧. શ્રી મહેશ ચંદ્રકાંત શાહનું – જીરાવલ્લાની યાત્રાના સંઘપતિ થવા બદલ.*



*શ્રી ભરતભાઈ ગાંધીનું સન્માન કરતા*
*(ડાબેથી) નરેન્દ્ર કોઠારી, ભરત ગાંધી અને જ્યોતેન્દ્ર સંઘવી*



*ગાયક કલાકાર ઉમેશભાઈ શર્મા અને તેમની ટીમ સાથે*
*વયસ્ક સમિતિના સભ્યો*



*કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત વડીલો*



*કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત વડીલો*

*૨. ભદ્રાબા વાઘેલાનું – ૨૬ જરૂરિયાતમંદ કન્યાઓને લગ્ન નિમિત્તે સંપૂર્ણ કરિવાયરનું દાન આપવા બદલ.*

આ કાર્યક્રમ માટે નીચેના વડીલો તરફથી અનુદાન મળેલ હતું.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી અશોક ગજેન્દ્રભાઈ ગોરજી | – રૂ. ૫,૦૦૦/- |
| ૨. | શ્રી મહેશ ચંદ્રકાંત શાહ | – રૂ. ૫,૦૦૦/- |
| ૩. | ભદ્રાબા વાઘેલા | – રૂ. ૩,૧૦૦/- |
| ૪. | શ્રી દિલીપભાઈ કુંવરજી દંડ | – રૂ. ૩,૦૦૦/- |
| ૫. | શ્રી સુરેશ લહેરચંદ કોઠારી | – રૂ. ૨,૫૦૦/- |
| ૬. | શ્રી દીપક અમૃતલાલ શાહ (ભગત) | – રૂ. ૨,૫૦૦/- |
| ૭. | શ્રીમતી હેમકુંવરબેન અરવિંદભાઈ ગાલા | – રૂ. ૨,૫૦૦/- |
| ૮. | શ્રીમતી પ્રભાબેન લક્ષ્મીચંદ શામજી વીરા | – રૂ. ૨,૧૦૦/- |
| ૯. | શ્રી નીતિન હરિલાલ સંઘવી | – રૂ. ૧,૫૦૦/- |
| ૧૦. | શ્રી રમેશ મણિલાલ ચંદુરા | – રૂ. ૧,૧૦૦/- |
| ૧૧. | શ્રી ભરત ખેતશી ગાંધી | – રૂ. ૧,૦૦૦/- |

અંતમાં રાષ્ટ્રગાન પછી શિયાળા – મકરસંક્રાંતિ (ઉત્તરાયણ)ને અનુકૂળ ઊંધિયું, જલેબી, પૂરી, લીલવાની કચોરી, ભાત, દાળ, છાશ, પાપડનું ભાવતું ભોજન લઈને સર્વે વડીલો કાર્યક્રમને વાગોળતા વિખૂટા પડ્યા હતા.

**રજનીકાંત પારેખ - કન્વીનર, વયસ્ક સમિતિ**

## ગુજરાતી ભાષાની કમાલ

કોઈના પર 'દયા' કરી હોય તો 'યાદ' ન રાખો.
શાળામાં 'સર' છે પણ ભણવામાં 'રસ' નથી.
દરજી સરખા અંતરે 'જગા' રાખી 'ગાજ' કરે છે.
'ભલા' કામ કરનારને હંમેશાં 'લાભ' થાય છે.
'લોભ' વૃત્તિ ધરાવનાર કદી 'ભલો' નથી હોતો.
'જામ' હોય તો સૌ કોઈને 'મજા' પડી જાય.
'વાદ' કરો તો પછી 'દવા'ની જરૂર પડે.
વ્યસન 'તજી' દેવામાં જ તમારી 'જીત' થશે.
'લોન' એટલે 'ન લો.'

**પ્રેષક : અમરેશ કે. સંઘવી - અમદાવાદ**
**મો. ૯૪૦૯૫ ૧૨૬૬૨**

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## *અંધજન મંડળ - વસ્ત્રાપુરની મુલાકાત અનોખી*

***મુલાકાતનો ઉદ્દેશ્ય** : માત્ર અંધજન જ નહીં પણ કોઈ પણ પ્રકારની વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓની દુનિયામાં ડોકિયું અને ભારતભરમાં સર્વશ્રેષ્ઠ ગણાતી આ N.G.O., જે ૭૫ વર્ષથી કાર્યરત છે, તેની કાર્યશૈલીની વિસ્તૃત જાણકારી મેળવવી.*

૧૯૫૪માં શ્રી જગદીશ પટેલ (પ્રજ્ઞાચક્ષુ) દ્વારા સ્થાપિત Blind Club – જે સમય જતાં વિસ્તરીને B.P.A. Blind Peoples Association ના નામથી આજે જાણીતી થઈ છે. આજે આ N.G.O. માત્ર અંધજન માટે જ નહીં, પણ કોઈ પણ પ્રકારની વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓ માટે વરદાનરૂપ સાબિત થઈ છે.

આવી સર્વશ્રેષ્ઠ સંસ્થાની મુલાકાત સમિતિ દ્વારા તા. ૨૩-૧૨-૨૦૨૫ને મંગળવારના રોજ ગોઠવાઈ હતી. સમાજની પચાસેક બહેનોએ હાજરી આપી અને જાણકારી મેળવી હતી. આ વર્ષે જ્યારે સંસ્થા ૭૫ વર્ષની ઉજવણી કરી રહી છે ત્યારે સદ્‌નસીબે અમે સૌ એના સાક્ષી બન્યા, સહભાગી બની શક્યા.

***પ્રોજેક્ટ ડાયરેક્ટર*** : સંસ્થાના એક્ઝીક્યુટીવ ઓફિસર શ્રીમતી વિમલ થાવાણીએ આ આખી ટૂરનું આયોજન કરાવેલ હતું. કે જેઓ સોશિયલ વર્કમાં પારંગત છે. છેલ્લા ૪૩ વર્ષથી આ સંસ્થામાં નિરંતર સેવા આપી રહ્યા છે. જરૂરિયાતમંદ બાળકો માટે વિશેષ કાર્ય કરે છે. ટૂંકમાં, દિલોજાનથી પોતાના કાર્યને સફળ બનાવવા હંમેશાં પ્રયત્નશીલ / તત્પર રહે છે.

**એમના વક્તવ્યના કેટલાક અંશો :**

૧. આ N.G.O. એક મલ્ટી કેમ્પસ સંસ્થા છે. ગુજરાતમાં ૧૭ કેમ્પસ અને ૧૮ વિઝન સેન્ટર્સ કાર્યરત છે. આ સૌની હેડ ઓફિસ – B.P.A. વસ્ત્રાપુર, અમદાવાદ છે.

૨. વિકલાંગ વ્યક્તિઓને દયાની જરૂર નથી, એમને જરૂર છે આપણા સાથ-સહકારની, પ્રેમ અને હૂંફની. આવા બાળકોને અલગ કે લાચાર ગણવાની જરાય જરૂર નથી. એમની આવડતને બહાર લાવવાની જરૂર છે. એમને નોર્મલ જ ગણવા જોઈએ કેમકે આમ પણ બધાના Normal ના સ્ટાન્ડર્ડ અલગ જ હોય છે. So they are not disabled but a special child.

૩. સમાજમાં જ્યારે આ માનસિકતા આવશે ત્યારે આવા બાળકોનો વિકાસ ઘણો આગળ વધશે. આ નવી સમજ સમાજમાં દરેક વ્યક્તિએ કેળવવી અત્યંત આવશ્યક છે.

૪. આવા સ્પેશિયલ ચાઇલ્ડની વિશેષતાની વાતો કરતાં એમણે સ્પોર્ટસ વિશે પણ માહિતી આપી હતી. ફુટબોલ, ક્રિકેટ, ટેનિસ વગેરે રમતો માટે સંસ્થા એમને વિશેષ ટ્રેનિંગ પૂરી પાડે છે. જેમાંથી અમુક બાળકો ઇન્ટરનેશનલ લેવલે પણ ઍવોર્ડ હાંસલ કરી ચૂક્યા છે. આ સૌની તસવીરો અમે સૌએ ત્યાં નિહાળી.

૫. એમની વિકલાંગતા / ક્ષમતા પ્રમાણે સંખ્યાબંધ નિઃશુલ્ક કોર્સિસ ચલાવી રહ્યા છે. જેવા કે : (a) Educational training in Brail language. (b) Career oriented courses like B.Ed Special Course, Beautician Course, Asst. Physiotherapy course. (c) Skill & professional courses such as Offset printing, Carpentary, Fabrication, Tailoring, Weaving, Computer Operator, Telephone Operator. (d) વિકલાંગોને સહાયરૂપ થઈ શકે એવા સાધનો જેવા કે Crutches, Walker, Wheel chair, Tricycle વગેરેનું મેન્યુફેક્ચરીંગ યુનિટ પણ ધરાવે છે, જ્યાં એમને ટ્રેનિંગ અપાય છે.

૬. છેલ્લે conclude કરતાં એમણે જણાવ્યું કે સંસ્થા વિકલાંગોની માતાઓ માટે પણ ચિંતિત છે, જે એમને લેવા-મૂકવા દરરોજ આવે છે. એમના માટે માતૃ થાળની વ્યવસ્થા કરી છે જ્યાં માતાઓ પોતાની આવડત પ્રમાણે વેચાણાર્થે નાસ્તા બનાવી શકે. જો માતાઓની આર્થિક પરિસ્થિતિ સુધરશે તો આ બાળકોનો વિકાસ ઘણો સારી રીતે થઈ શકશે.

આવી મહામૂલી જાણકારી ટૂર સાથે આપવા બદલ સમિતિએ શ્રીમતી વિમલ થાવાણીનું બહુમાન કર્યું હતું અને આભાર માન્યો હતો.

ત્યારબાદ અમે સૌ ટૂરમાં આગળ વધ્યા અને "Vision in the Dark" માં પહોંચ્યા.

Vision in the Dark – જે પ્રજ્ઞાચક્ષુની દુનિયાનું એક પ્રતિબિંબ છે.

Vision in the Dark એટલે કે એક અંધારી ગુફા. એટલી અંધારી કે ક્યાંયથી એક પણ સૂર્યકિરણ પ્રવેશી ના શકે અને આ અંધારી નગરીમાં માર્ગદર્શક તરીકે એક અંધ એટલે કે એક દૃષ્ટિહીન વ્યક્તિ દૃષ્ટિવાળા (સામાન્ય માનવી)



*અંધજન મંડળ વસ્ત્રાપુરની મુલાકાત કાર્યક્રમમાં સંસ્થાની જાણકારી મેળવતી હાજર રહેલ બહેનો*




*શ્રીમતી વિમલ થાવાણીનું બહુમાન કરતા સમિતિના સભ્ય*




*સંસ્થાની ટૂર લેતી હાજર રહેલ બહેનો*



*અંધજન મંડળના કો-ઓર્ડિનેટર જીજ્ઞાબેનનું બહુમાન કરતા સમિતિના સભ્યો*

વ્યક્તિઓને દોરીને લઈ જાય. ખરેખર, ખૂબ જ આશ્ચર્યજનક!

Magin Fingers નામનો સ્ટોર છે, જ્યાં વિકલાંગો દ્વારા બનાવેલા હસ્તકલાના નમૂના વેચાણ અર્થે મૂકવામાં આવ્યા છે. Purses, Sling bag, Jute bags, Paper Bags, Envelopes, રાખડી, દીવડા અને બીજું ઘણું બધું. બહેનોએ ખરીદી કરીને એમને પ્રોત્સાહિત કર્યા હતા.

Physiotherapy Center – આ સેન્ટરમાં સવારે અને બપોરે ઓ.પી.ડી. ચાલુ હોય છે. જ્યાં કોઈ પણ વ્યક્તિ સારવાર લઈ શકે છે. પણ સારવાર આપનાર એક પ્રજ્ઞાચક્ષુ છે. છે ને અદ્ભુત!

ત્યાં અમે બીજા ઘણા વિભાગોની મુલાકાત લીધી જ્યાં એમને વિકલાંગતા પ્રમાણે ટ્રેનિંગ અપાય છે.

ટૂંકમાં, વિકલાંગોના જીવન જીવવા માટે આત્મવિશ્વાસ કેળવવો એમની ક્ષમતા પ્રમાણે આત્મનિર્ભર બનાવવા માટે નિઃશુલ્ક ટ્રેનિંગ આપવી અને સમાજમાં તેમને સન્માનભેર પ્રસ્થાપિત કરવા.

આવા ઊંચા ઉદ્દેશ્ય ધરાવતી મહાન સંસ્થાની મુલાકાત બદલ સૌએ ગૌરવની લાગણી અનુભવી હતી. સ્પેશિયલ ચાઈલ્ડના ચહેરા પરની ખુશી - મુસ્કાન અને એમના મા-બાપની આંખોમાં સંતોષની લાગણી – બંને અમે અનુભવ્યા. ખરેખર, આ જ સંસ્થાની સફળતાનું પ્રમાણપત્ર કહી શકાય.

***સમિતિની પ્રવૃત્તિની જાણકારી મેળવવા WhatsApp @ 80009 72969થી જોડાવો.***

*સુલુ જલદીપ શાહ - કન્વીનર*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સમાજના સભ્યોને બોડી ચેક-અપ માટેની ખાસ સૂચના

*સમાજના સભ્યોને ખાસ વિનંતી કે વર્ષ ૨૦૨૫-૨૬ માટેની બોડી ચેક-અપની સ્કીમ મુજબ જે સભ્યોને બોડી ચેક-અપ કરાવવાનું બાકી હોય તેઓને ફેબ્રુઆરી-૨૦૨૬ સુધીમાં બોડી ચેક-અપ કરાવી લેવા વિનંતી કરવામાં આવે છે. જેથી માર્ચ-૨૦૨૬ના માસમાં બોડી ચેક-અપ કરાવનારાઓની સંખ્યામાં વધારો ન થાય અને બાકી રહેલ સભ્યોને તકલીફ પડે નહીં અને અન્ય સંસ્થા / સરકારી કર્મચારીઓ પણ ઉપરોક્ત સ્કીમનો લાભ લઈ શકે.*

*સહકાર બદલ આભાર...*

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# યુવા વિકાસ સમિતિ

## ધૂળેટી પ્રોગ્રામ

યુવા વિકાસ સમિતિ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ધૂળેટીના કાર્યક્રમનું આયોજન કરેલ છે.

જેમાં કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના સભ્યો ભાગ લઈ શકશે. આ ધુળેટીમાં દર વર્ષની જેમ ગુલાલથી જ રમવામાં આવશે. ગુલાલ ભવન ઉપરથી જ મળશે. પોતાનો ગુલાલ કે રંગ લાવવો નહીં. તા. ૦૨-૦૩-૨૦૨૬ પહેલા ૯૦૮૧૮ ૧૭૮૧૫ ઉપર મેસેજથી કાર્યક્રમમાં હાજરી અંગેનું (કેટલા વ્યક્તિઓ આવશો?) રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે જેથી જમવાની યોગ્ય વ્યવસ્થા કરી શકાય.

**• કાર્યક્રમની રૂપરેખા •**

*તારીખ : ૪થી માર્ચ, ૨૦૨૬*
*સમય : સવારે ૧૦ વાગ્યાથી*
*સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.*

કાર્યક્રમના અંતમાં બપોરે આપણે સૌ ભોજન લઈને છૂટા પડીશું.

*વધુ માહિતી માટે સંપર્ક : ૯૦૮૧૮ ૧૭૮૧૫*

***ચૈતન્ય રાંભિયા – સહ કન્વીનર, યુવા વિકાસ સમિતિ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

**ખાતાનું નામ :**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
[Shree Kutchhi Jain Sewa Samaj - Ahmedabad]

**બેંક :**

કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ
[Canara Bank, Paldi Branch - Ahmedabad]

**એકાઉન્ટ નંબર :**

૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨
[70072010016032]

**IFSC કોડ :**

**CNRB0017007**

## સરનામા ફેરફાર

- **પ્રતીક મનસુખભાઈ દેવજી ગાંધી**
  ડી-૨૦૪, ઇન્દ્રપ્રસ્થ-૩, રેડિયો મિર્ચી રોડ,
  સ્વામિનારાયણ મંદિરની પાસે, શ્યામલ પાસે,
  સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  મો. ૯૯૨૪૫ ૨૩૧૩૬, ૯૫૧૦૦ ૬૯૧૬૩
- **પ્રશાંત અરવિંદ કાંતિલાલ શેઠ**
  એલઆઈજી / ૨ / આઈ / ૧૪૦૧, જીએચબી ફ્લેટ,
  અનમોલ ટાવર પાસે, શાસ્ત્રીનગર,
  નારાણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
  મો. ૭૩૮૩૪ ૩૬૫૦૩
- **પ્રફુલ્લચંદ્ર કાંતિલાલ વિશનજી સંઘવી**
  બી-૮૦૪, એ.વી. સ્કાયલાઈન,
  ત્રિશા હોસ્પિટલની પાસે, એચડીએફસી બેંક પાસે,
  સિમંધર ટેટ્સની બાજુમાં, અખબારનગર,
  અમદાવાદ-૩૮૦ ૦૧૩.
  મો. ૯૮૨૪૫ ૫૫૨૭૧, ૯૯૯૮૨ ૧૪૨૫૮

## અવસાન નોંધ

- **ગુરૂવાર, તા. ૧૫-૧-૨૦૨૬**
  **જસવંતીબેન રસીકભાઈ નીસર** (ઉં.વ. ૫૯) (અમદાવાદ - વડાલા)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.

*પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતશ્રીના આત્માને*
*શાંતિ અર્પે એ જ અભ્યર્થના.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**તા. ૧૮-૧૧-૨૦૨૫થી તા. ૧૫-૧૨-૨૦૨૫ સુધી**
**'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી**

| | | | |
|---|---|---|---|
| **૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | દિનેશ કેશવજી મોતા | અમદાવાદ | ૧૫-૦૧-૨૬ |
| **૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | ગાંગજી શામજી દેઢિયા | કચ્છ | ૨૯-૧૨-૨૫ |
| **૧૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | સન્ની શિરીષ નાનાલાલ કોરડિયા | અમદાવાદ | ૧૮-૧૨-૨૫ |

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### વયસ્ક સમિતિ

રૂા. ૨૫,૦૦૦/- શ્રી તારા સંસ્થાન – ઉદયપુર, રાજસ્થાન
રૂા. ૫,૦૦૦/- શ્રી દિનેશ પ્રેમચંદ શાહ - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- શ્રી અશોક ગજેન્દ્રભાઈ ગોરજી - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- શ્રી મહેશ ચંદ્રકાંત શાહ - અમદાવાદ
રૂા. ૩,૧૦૦/- શ્રીમતી ભદ્રાબા વાઘેલા - અમદાવાદ
રૂા. ૨,૫૦૦/- શ્રી સુરેશ લહેરચંદ કોઠારી - અમદાવાદ
રૂા. ૨,૫૦૦/- શ્રી દીપક અમૃતલાલ શાહ (ભગત) - અમદાવાદ
રૂા. ૨,૫૦૦/- શ્રીમતી હેમકુંવરબેન અરવિંદભાઈ ગાલા - અ'વાદ
રૂા. ૨,૫૦૦/- શ્રી નીતેન નવીનચંદ્ર વસા - અમદાવાદ
રૂા. ૨,૫૦૦/- શ્રી મધુકર બાબુલાલ વસા - અમદાવાદ
રૂા. ૧,૫૦૦/- શ્રી નીતિન હરિલાલ સંઘવી - અમદાવાદ
રૂા. ૧,૧૦૦/- શ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવી - અમદાવાદ
રૂા. ૧,૧૦૦/- શ્રી રમેશ મણિલાલ ચંદુરા - અમદાવાદ
રૂા. ૧,૦૦૦/- શ્રી દિનેશ રતિલાલ મહેતા - અમદાવાદ
રૂા. ૧,૦૦૦/- શ્રી ભરત ખેતશી ગાંધી - અમદાવાદ

### જનરલ ડોનેશન

રૂા. ૫,૦૦૦/- શ્રીમતી ચંદ્રિકાબેન નરેન્દ્ર ચુડગર - અમદાવાદ

### વૈયાવચ્ચ ફંડ

રૂા. ૭,૫૦૦/- શ્રી ઉમરશીભાઈ કુરૂવાની પુણ્યતિથિ નિમિત્તે હ. ચૌલાબેન કુરૂવા
રૂા. ૫,૦૦૦/- શ્રીમતી ભારતીબેન ગુણવંત શાહ (માતા) હસ્તે ડૉ. અલ્પા રાગેશ ફડિયા - અમદાવાદ તરફથી ૩૭મી લગ્ન તારીખ નિમિત્તે વૈયાવચ્ચ ખાતે અનુકંપા
રૂા. ૫,૦૦૦/- શ્રી ગુણવંત આર. શાહ (સસરા) હસ્તે ડૉ. રાગેશ ફડિયા - અમદાવાદ તરફથી ૩૭મી લગ્ન તારીખ નિમિત્તે વૈયાવચ્ચ ખાતે અનુકંપા

### મેડિકલ રીલીફ ફંડ

રૂા. ૫,૦૦૦/- દોહિત્ર (માતા : પાનમ)ના પુત્ર જન્મની ખુશીમાં હસ્તે ડૉ. અલ્પા રાગેશ ફડિયા - અમદાવાદ તરફથી મેડિકલ રીલીફ ફંડ ખાતે ભેટ

### સાધર્મિક સહાય યોજના

રૂા. ૫,૦૦૦/- શ્રી જિતેન્દ્રભાઈ કુરૂવાની યાદમાં હ. ચૌલાબેન કુરૂવા

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

**ઉડતી નજરે....** *માસ ડિસેમ્બર-૨૦૨૫ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા**<br>**શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –* • શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........ ૭૯૦<br>• સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ ૭૮<br>• બોડી ચેક-અપ ........ ૩૦૬<br>• સોનોગ્રાફી ........ ૧,૧૫૭<br>• ટી.એમ.ટી. ........ ૫૪<br>• ઑપરેશન ........ ૮<br>• ઈકો ........ ૨૫૨<br>• અન્ય ........ ૭,૬૭૩ | ૧૦,૩૧૮ |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –* • પુરુષો ........ ૪૦૦<br>• સ્ત્રીઓ ........ ૩૦૬<br>• બાળકો ........ ૩૦<br>• કેન્ટીન ........ ૪,૨૧૦ | ૪,૯૪૬ |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –* • પુરુષો ........ ૧૨૬<br>• સ્ત્રીઓ ........ ૫૬ | ૧૮૨ |
| ૪. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –* • શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર ........ ૨,૬૫૦<br>• મ્યુઝિયમ ........ ૧,૩૫૦<br>• કેન્ટીન ........ ૪,૧૨૦<br>• જલારામ અન્નક્ષેત્ર ........ ૩૯૫<br>• ડિસ્પેન્સરી ........ ૬૦ | ૮,૫૭૫ |
| ૫. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** | ૫૮૪ |
| ૬. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર *તથા***<br>**દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –* • બોડી ચેક- અપ ........ ૨૭૪<br>• સોનોગ્રાફી ........ ૩૩૦<br>• ઑપરેશન ........ ૨૪<br>• માઈનોર ઑપરેશન ........ ૧૧<br>• ફિઝિયોથેરાપી ........ ૧,૬૮૨<br>• અન્ય ........ ૫,૬૨૦ | ૭,૯૪૧ |

| | | |
|---|---|---|
| ૭. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** ........................................ | **૨૮૦** |
| ૮. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**........................................<br>*જેમાંથી –* • એક્સ-રે ........................................ **૨૩૯**<br>• સોનોગ્રાફી ........................................ **૪૬**<br>• બોડી ચેક-અપ ........................................ **૩૨૪**<br>• ઈકો ........................................ **૬**<br>• અન્ય ........................................ **૭૯૭** | **૧,૪૧૨** |
| ૯. | **નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**........................................<br>*જેમાંથી –* • એક્સ-રે ........................................ **૪૦૯**<br>• સોનોગ્રાફી ........................................ **૧૬૩**<br>• ફિઝિયોથેરાપી ........................................ **૬૩૩**<br>• બોડી ચેક-અપ ........................................ **૫૩**<br>• 2-D ઈકો ........................................ **૧૮**<br>• ટી.એમ.ટી. ........................................ **૭**<br>• ઑપરેશન ........................................ **૩**<br>• અન્ય ........................................ **૧,૯૭૮** | **૩,૨૬૪** |
| | ***માસ ડિસેમ્બર – ૨૦૨૫ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ***........................ | **૩૭,૫૦૨** |

## પાકિસ્તાનની આજની પરીસ્થિતિ

પાકિસ્તાનમાં ફુગાવો ૨૪ ટકા ઉપર છે અને મોંઘવારી સાતમા આસમાને છે.

એક કિલો ઘઉંનો ભાવ રૂા. ૧૮૦, ચોખાનો ભાવ રૂા. ૨૬૦, ચણા દાળ રૂા. ૨૬૦, બેસન રૂા. ૨૪૦, ખાંડ ૧ કિલોના રૂા. ૧૭૦, ૧ લીટર દૂધનો ભાવ રૂા. ૧૭૦, ૧ કિલો દહીંનો ભાવ રૂા. ૨૧૫, ૧ કિલો દેશી ઘી નો ભાવ રૂા. ૨૦૦૦, એક કિલો ખાદ્ય તેલનો ભાવ રૂા. ૭૮૦ છે.

પેટ્રોલનો ૧ લીટરનો ભાવ રૂા. ૨૯૦, ડિઝલનો રૂા. ૨૭૦ અને કેરોસીનનો ભાવ રૂા. ૨૧૦ છે.

લોકો ગરીબ છે અને મોંઘવારીએ માઝા મૂકી છે.

આવી મોંઘવારીમાં લોકો ત્યાં ભૂખે મરી રહ્યા છે.

લોકોની પીડાનો પાર નથી અને સમગ્ર વિશ્વની આર્થિક પીછેહઠ અને વર્તમાન સંજોગો જોતાં પાકિસ્તાન આ સ્થિતિમાંથી બહાર નીકળી શકે તે સંભાવના અત્યંત ધૂંધળી દેખાય છે. ■

## અતીતના ઓવારેથી... : મણકો - ૩૦

(અનુસંધાન : પાના નં.– ૨૫ ઉપરથી ચાલુ)

તપશ્ચર્યા કરતા. આ ધાર્મિક રહેણી કરણી તેમને માફક આવી ગઈ. એટલે આજે પણ તેઓ ધર્મની રહેણી કરણીમાં રહી નાની મોટી તપશ્ચર્યા કરે છે.

અમદાવાદમાં તેઓ મણિનગર ખાતે રહે છે. તેઓ નાની મોટી અનેક સામાજિક સંસ્થાઓ સાથે એક યા બીજી રીતે સંકળાયેલા છે. મણિનગરમાં આવેલ જૈન દેરાસરની કારોબારીમાં સભ્ય તરીકે, અમદાવાદ મોટર ટ્રાન્સપોર્ટ એસોસિએશનમાં એક વખત ખજાનચી તરીકે રહેલા. અત્યારે ટ્રક ઑનર્સ એસોસિએશન કન્ઝ્યુમર સ્ટોર્સની કમિટીમાં છે. શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન અમદાવાદના ટ્રસ્ટી તરીકે અને શ્રી કચ્છી જૈન સમાજના ઉપપ્રમુખ પદે હતા. અત્યારે સક્રિય કાર્યકર તરીકે કમિટીમાં છે.

શ્રી ખીમજીભાઈ, જીવન અને વ્યવસાયમાં આગળ ખૂબ પ્રગતિ કરે અને શ્રી કચ્છી જૈન સમાજને મજબૂત બનાવવા પોતાનો વધુ ફાળો આપે એમ ઈચ્છીએ. ■

# અતીતના ઓવારેથી.... : મણકો-૩૦

*'મંગલ મંદિર' જાન્યુઆરી-૨૦૨૬ના અંકમાં "અતીતના ઓવારેથી" કોલમના મણકા નં.-૨૯માં આપણે નીચેના મહાનુભાવોની વિગતોથી પરીચિત થયા.*


| | | | |
|---|---|---|---|
| ❀ | *શ્રી બાબુભાઈ વીરમ શાહ* | *ફેબ્રુઆરી-૧૯૮૧* | *મંગલ મંદિર અંક નં.-૫૬* |
| ❀ | *કોર્પોરેટર ડૉ. ઈન્દ્રજિત શાહ* | *એપ્રિલ/મે-૧૯૮૧* | *મંગલ મંદિર અંક નં.-૫૮/૫૯* |

*હવે મંગલ મંદિરના ફેબ્રુઆરી-૨૦૨૬ના અંકની "અતીતના ઓવારેથી" કોલમના મણકા નં.-૩૦માં આપણે નીચેના મહાનુભાવોની વિગતોથી પરીચિત થઈને તેમને યાદ કરીશું.*

| | | | |
|---|---|---|---|
| ❀ | *શ્રી હીરજીભાઈ પાસુભાઈ શાહ* | *એપ્રિલ/મે-૧૯૮૨* | *મંગલ મંદિર અંક નં.-૭૦/૭૧* |
| ❀ | *શ્રી ખીમજી આણંદજી લોડાયા* | *જુલાઈ ૧૯૮૨* | *મંગલ મંદિર અંક નં.-૭૩* |

## 'મંગલ મંદિર' એપ્રિલ / મે – ૧૯૮૨, અંક નં. – ૭૦/૭૧ ★ આપણે ઓળખીએ

### શ્રી હીરજીભાઈ પાસુભાઈ શાહ



શ્રી હીરજીભાઈ એટલે ધીર-ગંભીર અને સૌજન્યશીલ પ્રતિભા. તેઓ જેટલા ગંભીર છે તેટલા જ રમૂજી પણ છે. તેમની માસે વિદ્વતાની જેમ હાસ્યનો પણ ભંડાર છે. તેમનો ધર્મ વિશેનો અભ્યાસ પણ ઉંડો છે. પોતાના ગામની ધાર્મિક નાની મોટી દરેક પ્રવૃત્તિમાં શક્ય તેટલો ફાળો તેઓ આપતા રહે છે. તેમને જ્યારે જુઓ ત્યારે સામાજિક વ્યવહાર, ધાર્મિક કે બીજાને ઉપયોગી એવી ચર્ચામાં બેઠા હોય છે. સાથે બધાનું કામ હસતા મુખે અને સ્નેહાળ ભાવે કરી આપતા હોય છે. એવા શ્રી હીરજીભાઈનો ટૂંકો પરિચય જાણવાની પણ ઈંતેજારી થાય જ.

શ્રી હીરજીભાઈ કચ્છમાં માંડવી તાલુકાનાં શેરડી ગામના વતની છે. તેમનો જન્મ ઇ.સ. ૧૯૩૦માં થયો. તેમના પિતાશ્રી પાસુભાઈ ખેતશી, શ્રી હીરજીભાઈને ૧૪ વર્ષની કુમળી વયે મૂકીને સ્વર્ગસ્થ થયા. તેમના માતુશ્રી મેઘબાઈની ઉંમર હાલ ૮૨ વર્ષની છે. તેમના પરિવારમાં એક મોટાભાઈ અને એક બહેન, પત્ની અ.સૌ. જયાબેન તથા પુત્ર ચિ. ગિરીશભાઈ અને એક પુત્રી છે. ચિ. ગિરીશભાઈ તેમની સાથે ટ્રાન્સપોર્ટના વ્યવસાયમાં જોડાયેલા છે.

શ્રી હીરજીભાઈનું બાળપણ કચ્છમાં વીત્યું. શેરડીમાં ધોરણ છ સુધીનો અભ્યાસ કર્યા બાદ તેમણે મુંબઈ ભાત બજારમાં આવી આગળ અભ્યાસ શરૂ કર્યો. શાળા - કોલેજના અભ્યાસમાં હંમેશાં પ્રથમ વર્ગમાં આવતા. નાનપણથી જ તેમને સમાજસેવાનો અને નવું નવું જાણવાનો શોખ. એથી શાળા કોલેજમાં શિક્ષકોને પ્રશ્નો પૂછી સારી જાણકારી મેળવી, તેમના પ્રિયપાત્ર બન્યા. તેમણે ધારવાડની ખેતીવાડી કોલેજમાં બે વર્ષ અભ્યાસ કર્યો.

પિતાજીની છત્રછાયા નાનપણમાં ગુમાવતાં કુટુંબની આર્થિક જવાબદારી તેમના શિરે આવી પડતાં, અભ્યાસ છોડી કચ્છમાં ખેતી માટે ગયા. તે વખતે કચ્છની ખેતી એવી હતી કે જેમાંથી પૂરતું વળતર મળે નહીં. એટલે પાછા મુંબઈ આવી મોટાભાઈ સાથે પિતાશ્રીનાં અનાજના ધંધામાં જોડાયા.

શ્રી હીરજીભાઈમાં સાહસિક વૃત્તિ શરૂઆતથી જ હતી. આથી પોતાનો સ્વતંત્ર વ્યવસાય કરવા તેઓ સાંગલી ગયા અને હળદરમાં વાયદાનો વેપાર શરૂ કર્યો. સાથે જીવન વીમાનું કામ પણ ચાલુ રાખ્યું. હળદરના વાયદાના વેપારમાંથી તેમણે ટ્રાન્સપોર્ટની લાઈન પકડી. શરૂઆતમાં સવાણી ટ્રાન્સપોર્ટના દક્ષિણ વિભાગમાં ઝોનલ મેનેજર તરીકે રહ્યા. ત્યાંથી બેંગ્લોર


જઈ પોતાની ટ્રાન્સપોર્ટ કંપની શરૂ કરી. ત્યાંથી સને ૧૯૬૬માં અમદાવાદ આવી ટ્રાન્સપોર્ટ લાઈનમાં ફરીથી નોકરીની શરૂઆત કરી. સને ૧૯૭૪થી "શાહ રોડ લાઈન્સ" નામે સારંગપુરમાં પોતાની સ્વતંત્ર ઓફિસ શરૂ કરી, જે આજે દક્ષિણની ટ્રાન્સપોર્ટ લાઈનમાં ગણનાપાત્ર સ્થાન ધરાવે છે.

શ્રી કચ્છી જૈન સમાજ સાથે શ્રી હીરજીભાઈ પ્રારંભથી જ ગાઢ રીતે સંકળાયેલા છે. શ્રી અમદાવાદ કચ્છી જૈન સમાજની રચનામાં તેમનો મુખ્ય ફાળો છે. તેઓ સમાજનાં ૧૯૬૮થી ૧૯૭૦ સુધી પ્રમુખ હતા અને ૧૯૮૧થી ફરી પાછા પ્રમુખ તરીકે ચાલુ છે. આ ઉપરાંત નરોડા લાયન્સ ક્લબ અને ટ્રાન્સપોર્ટ એસોસિએશનમાં સક્રિય રીતે કાર્ય બજાવી રહ્યા છે.

અંતમાં ઈચ્છીએ કે શ્રી હીરજીભાઈ હજુ પણ સમાજ અને દેશનાં કાર્યમાં વધારે ને વધારે સેવાઓ આપતા રહે, નિરોગી, આયુષ્યવાન બને અને આગળ ખૂબ જ પ્રગતિ કરે.

## 'મંગલ મંદિર' જુલાઈ – ૧૯૮૨, અંક નં. – ૭૩ ★ આપણે ઓળખીએ

### શ્રી ખીમજી આણંદજી શિવજી લોડાયા
**(કચ્છ બાંઢિયા, હાલ અમદાવાદ)**



શ્રી ખીમજીભાઈ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શરૂઆતથી એક અગ્રણી કાર્યકર છે. સમાજની નાની મોટી દરેક પ્રવૃત્તિઓમાં તેમનો એક યા બીજી રીતે હંમેશાં સાથ-સહકાર મળી રહે છે. સમાજના દરેક કાર્ય વખતે, તેમનો અન્ય અગ્રણીઓની જેમ નાણાંકીય ફાળો હોય જ. તેઓ અંગત રીતે માને છે કે સમાજને મજબૂત બનાવવા દરેકે સહકારથી કાર્ય કરવું અને તન-મન-ધનથી સક્રિય ફાળો આપવો જોઈએ.

શ્રી ખીમજીભાઈ હંમેશાં સાદાઈમાં રહે છે. છેલ્લા ૨૦ વરસથી લેખકનો પરિચય જણાવે છે કે તેઓ હંમેશાં સફેદ પાયજામા અને ઝભ્ભામાં હોય છે. તેઓ ધર્મ પરાયણ છે. કેટલાય વરસોથી તેઓ બ્યાસણા કરે છે અને ઉકાળેલું પાણી પીએ છે. ઓફિસમાં આવે કે બહાર જાય ત્યારે પીવાનું ગરમ પાણી સાથે રાખે છે. તેમના ધર્મપત્ની અ.સૌ. કસ્તુરીબેન પણ ધર્મ પરાયણ છે. પર્યુષણ વખતે તેમની અઠ્ઠાઈ હોય અને નાની મોટી તપશ્ચર્યા કરતા હોય છે.

ખીમજીભાઈનો વ્યવસાય ટ્રાન્સપોર્ટનો છે. ટ્રાન્સપોર્ટવાળાનું કહેવું છે કે અમારે ઓફિસમાં 'ચા' પીવી જ પડતી હોય છે. પરંતુ શ્રી ખીમજીભાઈને ચા પીવી પડતી નથી તેમજ તેમને અન્ય કોઈ વ્યસન નથી. તેમનું આદર્શ જીવન ટ્રાન્સપોર્ટના વ્યવસાયમાં 'ન્યારૂ' તરી આવે છે. તેઓ ટ્રાન્સપોર્ટવાળા માટે આદર્શ જીવનના એક દાખલારૂપ બન્યા છે.

તેમનો જન્મ કચ્છ બાંઢિયામાં સને ૧૯૨૬માં થયેલ. તેમના પિતાશ્રી સને ૧૯૬૭માં મૃત્યુ પામ્યા. તેમના માતાજી લાખબાઈની ઉંમર ૭૮ વરસની છે. આજે પણ તેઓ પોતાની ખેતી ઉપર દેખરેખ રાખે છે અને તંદુરસ્ત જીવન જીવી રહ્યા છે. તેમને ૩ ભાઈ અને ૨ બહેનો છે.

શ્રી ખીમજીભાઈ કચ્છ બાંઢિયામાં ૧૨ વરસ સુધી રહેલા અને ત્યાં ૪ ગુજરાતી સુધી અભ્યાસ કરેલ. બાદ નાંદેડ-મહારાષ્ટ્રમાં આવ્યા. ત્યાં ગુજરાતી ૭ સુધીનો અભ્યાસ કરી તેમના મોટા બાપા સાથે રૂ ના વેપારમાં જોડાયેલા. અભ્યાસમાં તેમનો હંમેશાં પ્રથમ કે બીજો નંબર રહેતો. અંકગણિત એ તેમનો પ્રિય વિષય હતો. કપાસના વ્યવસાયમાં ૧૨ વરસ સુધી કામ કર્યું. બાદ નાસિકમાં આવી ટ્રાન્સપોર્ટની કામગીરીની શરૂઆત કરી, જે આજે ૨૮ વરસથી ચાલુ છે. નાસિકમાં ટ્રાન્સપોર્ટની કામગીરી તેમના ભાઈ રતિલાલભાઈ સંભાળે છે. શ્રી ખીમજીભાઈ અમદાવાદમાં શ્રી ખીમજી આણંદજી લોડાયા ટ્રાન્સપોર્ટ કંપનીના નામે કામ કરે છે. ટ્રાન્સપોર્ટની લાઈન શરૂઆતમાં સખત પરિશ્રમ માંગી લે છે. શરૂઆતમાં તેમને રાતના ૨-૨.૩૦ વાગ્યા સુધી કામ કરવું પડતું અને રાત્રે બાંકડા ઉપર સૂઈ રહેવું પડતું.

તેઓ એક વખત સમેત શિખરની જાત્રાએ ખાસ ટ્રેનમાં ગયેલ. ત્યારે એ ટ્રેનમાં બધાની સાથે તેઓ પણ નાની મોટી

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૩ ઉપર)

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો 33

**સંકલન - સંયોજક : રજનીકાંત પારેખ**

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

**★ આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## • આ અંકના સવાલો •

૧. જાન્યુઆરી માસના 'મંગલ મંદિર'ના મુખપૃષ્ઠ ઉપર ____________ અને ____________ તહેવારોનું નિર્દેશન છે. (હોળી - દિવાળી, નવરાત્રી - દશેરા, ઉત્તરાયણ - રીપબ્લિક ડે)

૨. મુંબઈ અતિથિ ભવનના મંડાણ વર્ષ ____________માં કરવામાં આવેલ હતા. (૨૦૧૦, ૨૦૦૭, ૨૦૧૨)

૩. વિશ્વ કરૂણા યાત્રા અંતર્ગત સાધર્મિક આવાસ યોજનામાં ____________ પરિવારોને ઘર આપવાનો દ્રઢ સંકલ્પ કરવામાં આવ્યો છે. (૫૦૦૦, ૬૦૦૦, ૫૧૦૦)

૪. 'જીતો' એજ્યુકેશન ઓલિમ્પિક ૨૦૨૬ માટે રજિસ્ટ્રેશનની છેલ્લી તારીખ ____________ હતી. (૪ જાન્યુઆરી ૨૦૨૬, ૧૪ જાન્યુઆરી ૨૦૨૬, ૪ ફેબ્રુઆરી ૨૦૨૬)

૫. નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર ખાતે નવેમ્બર-૨૦૨૫ માસ દરમિયાન 2D ECHO કરાવનારની સંખ્યા ____________ હતી. (૫, ૧૫, ૨૫)

૬. ડૉ. ઈન્દ્રજિત પી. શાહનો જન્મ ____________ ગામમાં થયો હતો. (અમદાવાદ, મુંદ્રા, ભુજ)

૭. સંગીતા ગડાને ____________ દ્વારા સતત ત્રણ વખત ગોલ્ડ મેડલ પ્રાપ્ત થયેલ છે. (ગુજરાત કલા ઍવોર્ડ, યુનેસ્કો, ગુજરાત લલિત કલા એકેડેમિ)

૮. ડૉ. જયશ્રીબેન ગણાત્રાએ ____________ કોલેજમાંથી MBBS કરેલ. (એન.એચ.એલ. મેડિકલ કોલેજ, અદાણી મેડિકલ કોલેજ, બી.જે. મેડિકલ કોલેજ)

૯. ગ્રીન એનર્જી ____________ પેદા કરતી નથી. (અવાજ, પ્રદૂષણ, ગંદકી)

૧૦. ભૂખી નદીના નવસર્જન અભિયાન કાર્યક્રમ વખતે એન્કરવાલા પરિવાર તરફથી રૂા. ____________નું દાન જાહેર કરવામાં આવ્યું છે. (૫૦ લાખ, ૫ કરોડ, ૫૦ કરોડ)

## • જાન્યુઆરી – ૨૦૨૬ના અંકના મણકા–33 ના સવાલોના સાચા જવાબો •

૧. આઈ.ટી. તથા વસ્તીપત્રક સમિતિના કન્વીનર તરીકે **શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા**ની અને સહ કન્વીનર તરીકે **શ્રી વિશાલ મહેન્દ્ર ચમલનલાલ શાહ**ની નિમણુંક કરવામાં આવી હતી.

૨. શ્રી ખીમજી દેવજી છેડાએ **ચક્ષુદાન** નું દાન કર્યું હતું.

૩. દ્રૌપદીએ **ભીષ્મ પિતામહ** થી આશિર્વાદ લીધા.

૪. ૧૯૭૮ના શ્રી કચ્છી જૈન સમાજ સમારંભમાં વિશિષ્ટ વિદ્યાર્થી તરીકે **અતુલ ધરોડ** ને રૌપ્ય ચંદ્રક એનાયત કરવામાં આવેલ હતો.

૫. હેતલબેન રેવારે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરમાં **બ્યુટી થેરાપિસ્ટ**ના કોર્સમાં પ્રવેશ લીધો.

૬. ડીઝલ વડે ચાલતા એન્જિનની શોધ **રૂડોલ્ફ ડીઝલ** નામના વિજ્ઞાનીએ કરેલી.

૭. કચ્છ **ફિનિક્સ** પંખી જેવું છે.

૮. 'પંજાબ કેસરી' તરીકે જાણીતા જૈનાચાર્યનું જન્મ સ્થળ **વડોદરા** છે.

૯. છાતીમાં દુ:ખાવા વખતે આ ગોળી **DISPRIN** ઉપયોગી થાય.

***મણકા-33 (મંગલ મંદિર જાન્યુઆરી-૨૦૨૬ના અંકમાં પૂછાયેલા પ્રશ્નો)ના સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.***

૧. ચંદ્રા મહેન્દ્ર શાહ – પ્રહલાદનગર, અમદાવાદ
૨. સ્મિતા વિશાલ શાહ – પ્રહલાદનગર, અમદાવાદ
૩. રમણિકલાલ કુંવરજી ગોસર – પાલડી, અમદાવાદ
૪. કવિષા વિપુલ ગોસર – પાલડી, અમદાવાદ
૫. દમયંતી દિલીપ દંડ – નારણપુરા, અમદાવાદ
૬. હસમુખ દામજી શાહ – અડાલજ, અમદાવાદ
૭. કિરણ મોહનલાલ શાહ – શેલા, અમદાવાદ
૮. રોનકબેન આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૯. ડૉ. લુબનાબેન આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૦. નીલોફર આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૧. અવ્વાબરાજ એ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૨. હેતા કેતન દલાલ – સિંધુભવન રોડ, અમદાવાદ
૧૩. નરેન્દ્ર પ્રજાપતિ – પાલડી, અમદાવાદ
૧૪. દિશા પટેલ – પાલડી, અમદાવાદ
૧૫. છાયા પટેલ – પાલડી, અમદાવાદ
૧૬. મીનાક્ષી રજનીકાંત પારેખ – પાલડી, અમદાવાદ
૧૭. ઝરણા હેમાંગ પારેખ – પાલડી, અમદાવાદ
૧૮. નેહા ભાવેશ પારેખ – પાલડી, અમદાવાદ
૧૯. નીલમ હિતેશ સંઘવી – શાહીબાગ, અમદાવાદ
૨૦. ગિરીશ દામજી પોલડિયા – સેટેલાઈટ, અમદાવાદ
૨૧. નિશિત ગિરીશ શાહ – સેટેલાઈટ, અમદાવાદ
૨૨. ઝલક ડી. સંઘવી – પાલડી, અમદાવાદ
૨૩. માનસી મંથન – રાણીપ, અમદાવાદ
૨૪. અમરેશ કે. સંઘવી – પાલડી, અમદાવાદ
૨૫. અલ્પા એ. સંઘવી – પાલડી, અમદાવાદ
૨૬. કામિની સ્નેહલભાઈ શેઠ – નવા વાડજ, અમદાવાદ
૨૭. કિંજલ દિવ્યેશ શેઠ – સુભાષબ્રિજ, અમદાવાદ
૨૮. રીદ્ધિ આશિષ પરીખ – બોપલ, અમદાવાદ
૨૯. નવનીત ત્રિકમલાલ પટેલ – બોપલ, અમદાવાદ
૩૦. ઉર્મિલા નવનીત પટેલ – બોપલ, અમદાવાદ
૩૧. અલ્કા દિનેશભાઈ વોરા – સેટેલાઈટ, અમદાવાદ
૩૨. મૈત્રી રીંકેશ વોરા – સેટેલાઈટ, અમદાવાદ
૩૩. મિત્તલ એ. પટેલ – પાલડી, અમદાવાદ
૩૪. વંદના શાહ – પાલડી, અમદાવાદ
૩૫. ભાનુ જે. શાહ – બોડકદેવ, અમદાવાદ
૩૬. કંચનબેન નરેન્દ્રભાઈ સંઘવી – નવા વાસણા, અમદાવાદ
૩૭. જ્યોતિ એલ. શાહ – મણિનગર, અમદાવાદ
૩૮. મહેન્દ્ર ડી. પુજ – પાલડી, અમદાવાદ
૩૯. અરવિંદ જયંતીલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૪૦. હેમાબેન જગતકુમાર શાહ – પાલડી, અમદાવાદ
૪૧. ફાલ્ગુની ડી. શાહ – નવરંગપુરા, અમદાવાદ

*ઉપરોક્ત નામોમાંથી ડ્રો કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.*

| | | | |
|---|---|---|---|
| ૧. | કિરણ મોહનલાલ શાહ | – શેલા, અમદાવાદ | મો. ૯૦૯૯૧ ૯૮૦૬૦ |
| ૨. | હેતા કેતન દલાલ | – સિંધુભવન રોડ, અમદાવાદ | મો. ૯૮૨૫૬ ૦૦૧૬૨ |
| ૩. | નરેન્દ્ર પ્રજાપતિ | – પાલડી, અમદાવાદ | મો. ૯૩૧૬૧ ૪૫૩૮૩ |
| ૪. | ભાનુ જે. શાહ | – બોડકદેવ, અમદાવાદ | મો. ૯૮૨૫૨ ૯૦૨૭૫ |
| ૫. | જ્યોતિ એલ. શાહ | – મણિનગર, અમદાવાદ | મો. ૯૪૨૬૨ ૪૫૪૪૩ |

*આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.*

★ **નોંધ :** *(૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. (૩) આ કોલમ / મણકા સંબંધી આપનાં કોઈ સૂચન હોય તો આવકાર્ય છે.*

*શ્રી હરખચંદ કુંવરજી સાવલા પ્રેરિત*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા** *સંચાલિત* **"સક્ષમ કેરિયર કાઉન્સેલિંગ સેન્ટર"**

**સેવાઓ :**

આ કેન્દ્ર યુવા પેઢીને કારકિર્દી વિકાસ અને વ્યક્તિત્વ ઘડતર માટે વિવિધ સેવાઓ પ્રદાન કરે છે.

★ કારકિર્દીની સફળતા માટે વ્યક્તિગત માર્ગદર્શન (One-to-one Couselling)

★ કારકિર્દી આયોજન, શાખા / પ્રવાહ (Branch) પસંદગી અને કૌશલ્ય વિકાસ માટે વ્યક્તિત્વનું સુવ્યવસ્થિત મૂલ્યાંકન.

★ બાળકોના શારીરિક, માનસિક અને ભાવનાત્મક વિકાસને પ્રોત્સાહન આપવા માતા-પિતાની સહભાગીતાથી થતું કાઉન્સેલિંગ.

**વ્યક્તિત્વ મૂલ્યાંકન સાધનો**

વ્યક્તિત્વ અભ્યાસ માટે વિવિધ વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. જેમકે :

★ મલ્ટીપલ ઇન્ટેલિજન્સ (Multiple Intelligence)

★ લોકસ ઓફ કંટ્રોલ (Locus of Control)

★ ઈમોશનલ ઇન્ટેલિજન્સ (Emotional Intelligence)

★ ઇન્ટરેસ્ટ અને એપ્ટિટ્યુડ (Interest & Aptitude)

★ જોહરી વિન્ડો (Johari Window) – ટીમ નિર્માણ અને સહકાર માટે.

★ લાઇફ સ્ક્રિપ્ટ એનાલિસિસ (Life Script Analysis)

★ સ્ટ્રેસ પ્રોફાઇલિંગ (Stress Profiling)

★ બ્લોકેજ સર્વે (Blockages Survey)

**વયજૂથ**

આ કેન્દ્ર તમામ વયના શીખવા આતુર, મહત્ત્વાકાંક્ષી વ્યક્તિઓને સમર્પિત છે. ખાસ કરીને નાના બાળકો માટે વધુ અસરકારક પરિણામ મળે છે. જે માટે માતા-પિતાની સક્રિય ભાગીદારી આવશ્યક માનવામાં આવે છે.

**કેરિયર કાઉન્સેલિંગ ફેકલ્ટી :**

*ડૉ. નીરવ ઠક્કર (Ph.D.), ડૉ. શૈલેન્દ્ર ગુપ્તા (Ph.D.)*

**સંપર્ક :**

*સમજવા માટે : હિરેન કે. શાહ મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫*
*બુક કરવા માટે : હિતેન ગાલા મો. ૭૩૮૩૩ ૫૨૫૫૩*

## 'સક્ષમ' કાર્યક્રમ ટીમ પર આવેલ એક ધ્યાનાકર્ષક પત્ર

શૈલેન્દ્ર ગુપ્તા સર સાથેના મારા કરિયર કાઉન્સેલિંગ અને માર્ગદર્શનના સેશન્સનો અનુભવ અત્યંત સંતોષકારક રહ્યો છે. પહેલા દિવસથી જ તેમનો સ્વભાવ ખૂબ જ ઉષ્માભર્યો, મૈત્રીપૂર્ણ અને આવકારદાયક રહ્યો છે, જેના કારણે હું મારી મૂંઝવણો તેમની સામે નિઃસંકોચપણે રજૂ કરી શક્યો.

શરૂઆતમાં હું વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટેનું સપનું લઈને તેમની પાસે ગયો હતો. પરંતુ તે સમયે મારી નાની ઉંમર અને પરિપક્વતાને ધ્યાનમાં રાખીને, તેમણે મને ખૂબ જ વ્યવહારુ સલાહ આપી. તેમણે મારું ધ્યાન ભારતમાં આવેલી એવી શ્રેષ્ઠ યુનિવર્સિટીઓ તરફ દોર્યું, જે આંતરરાષ્ટ્રીય કક્ષાનું શિક્ષણ, વાતાવરણ અને સુવિધાઓ પ્રદાન કરે છે. તેમનું આ માર્ગદર્શન મારા વ્યક્તિત્વ વિકાસ અને સલામતીની દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વપૂર્ણ અને મદદરૂપ સાબિત થયું છે.

દરેક સેશનમાં મને કંઈક નવું શીખવા મળ્યું છે. ખાસ કરીને એમ.એ. સાયકોલોજી (M.A. Psychology) માં મારી કારકિર્દીની ઉજ્જવળ તકો અને ભવિષ્યના પ્રોસ્પેક્ટ્સ વિશે તેમણે મને જે ઊંડાણપૂર્વક સમજ આપી છે, તે ખૂબ ઉપયોગી હતી. શૈલેન્દ્ર સર માત્ર ઉપરછલ્લું માર્ગદર્શન આપવાને બદલે વિદ્યાર્થીની પ્રગતિમાં અંગત રસ લે છે અને એક સર્વાંગી (holistic) અભિગમ અપનાવે છે, જેથી વિદ્યાર્થીનો સર્વાંગી રીતે વિકાસ થાય.

એક રચનાત્મક સૂચન તરીકે, મને લાગે છે કે યુનિવર્સિટી કે કોર્સના વિકલ્પો આપતી વખતે જે રીતે મારા માટે ખૂબ ચોકસાઈ (specificity) રાખવામાં આવી, જો તેવી જ ચોકસાઈ દરેક વિદ્યાર્થી માટે રાખવામાં આવે તો કારકિર્દી સંદર્ભે નિર્ણય લેવાની પ્રક્રિયા વધુ સરળ અને ઉપયોગી બની શકે છે. એકંદરે મારા અનુભવની વાત કરું તો, શૈલેન્દ્ર સરના માર્ગદર્શને મારા મનમાં રહેલી તમામ અસમંજસ અને શંકાઓને દૂર કરી છે અને મને મારા ભવિષ્ય માટે એક સ્પષ્ટ દિશા મળી છે.

***– વિશ્વા શાહ***

# અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર – ગીતા મંદિર

## પીના મેઘવાલ – ગામની યુવતીઓ માટે પ્રેરણા બની છે



પીના મેઘવાલ – સીરોહી, રાજસ્થાનની ૧૮ વર્ષની યુવતી - પરંપરાના બંધનો તોડી આત્મનિર્ભરતા તરફ વધેલી એક પ્રેરણાદાયી કહાની છે. અભ્યાસ માટે તકો ઓછી હોવા છતાં અને નાની ઉંમરે લગ્ન નક્કી થઈ ગયાં હોવા છતાં, પીનાના સપનાઓ અટક્યા નહીં. સ્વતંત્ર બનવાની તેની ઇચ્છા સમજતા પરિવારે તેને બ્યુટી થેરાપીસ્ટની તાલીમ માટે અમદાવાદ મોકલી.

અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરમાં મળેલી વ્યવસ્થિત તાલીમે પીનાનું જીવન બદલી નાખ્યું. શરૂવાતમાં શહેરના લોકો અને શહેરી ખર્ચા તેને ડરાવતા હતા, પરંતુ ટ્રેનર્સના માર્ગદર્શનથી તેણે પ્રેક્ટીકલ સ્કીલ્સ સાથે આત્મવિશ્વાસ, સંચાર અને ક્લાયન્ટ હેન્ડલિંગ જેવી મહત્ત્વપૂર્ણ કુશળતાઓ પણ શીખી.

કોર્સ પૂર્ણ થયા પછી પીના ગામ પરત ફરી અને પોતાના ઘરમાંથી ફેશિયલ, થ્રેડિંગ, મેકઅપ, હેરકટ અને હેરસ્ટાઇલિંગની સેવાઓ શરૂ કરી. થોડા સમયમાં જ તેની મહેનતથી ગામમાં ઓળખ મળવા લાગી અને આજે તે દર મહિને રૂા. ૫૦૦૦/- કમાઈને પરિવારને મદદરૂપ બને છે.

પીના માટે સૌથી મોટો વિજય - ભય પર જીત અને પોતાની ઓળખ બનાવવી. હવે તે ગામની યુવતીઓ માટે પ્રેરણા બની છે અને આવનારા સમયમાં પોતાનું નાનું સલૂન શરૂ કરવાના સપના સાથે આગળ વધે છે.

પીના હૃદયપૂર્વક શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરનો આભાર માને છે કે જેઓએ તેને વિકાસના પથ પર લાવી દીધી. ■

## ખૂબ જ સુંદર લખાણ... દિવસમાં એક વાર જરૂર વાંચો...

★ વિતી જશે આ સમય પણ. બસ, ધીરજ રાખો સાહેબ. સુખ ના ટકી શક્યું તો દુઃખની શું ઔકાત છે?

★ ગમી જઈએ છીએ આપણે ઘણાને એ પણ ગમતું નથી ઘણાને...

★ દીવાનું પોતાનું કોઈ ઘર નથી હોતું. જ્યાં મૂકો ત્યાં અજવાળું કરે છે.

★ જિંદગી ત્યારે સફળ ગણાય જ્યારે તમારો પરિચય તમારે ના આપવો પડે.

★ ઉંમર સાથે કંઈ લેવા-દેવા નથી. એકબીજાના વિચારો મળે ત્યાં જ દોસ્તી થાય છે.

★ હીરા પારખું કરતાં પીડા પારખુંનું સ્થાન ઉંચું છે.

★ ઓવરટેક કરવામાં થોડું ધ્યાન રાખજો સાહેબ. સૌથી આગળ ક્યાંક એકલું ના થઈ જવાય.

★ હક્ક વગરનું લેવાનું મન થાય છે ત્યારે મહાભારતનું સર્જન થાય છે... પરંતુ હક્કનું હોય છતાં પણ છોડી દેવામાં આવે છે ત્યારે રામાયણનું સર્જન થાય છે.

★ નાટકમાં સૌથી અઘરું પાત્ર મૂર્ખનું હોય છે અને તે ભજવનાર બહુ જ હોંશિયાર હોય છે.

★ શબ્દો તો હંમેશાં સંવેદનાથી છલોછલ હોય છે. તેમને છંછેડવા, છેતરવા, છાવરવા, છુપાવવા કે છલકાવવા એ નક્કી આપણે કરવાનું.

★ આપણે માફ તો વારંવાર કરી દઈએ છીએ પણ ભરોસો તો એક જ વાર કરીએ છીએ.

★ કેમ કરીને રહી શકાય ફુટપટ્ટીમાં? ઇચ્છાઓ તો હંમેશાં માપ બહારની હોય છે.

★ દુનિયામાં જો કોઈ સમયસર આવતું હોય તો તે ખુદ સમય છે, પછી તે સારો હોય કે ખરાબ.

★ ખોવાઈ ગયેલી વ્યક્તિ મળી શકે, પણ બદલાઈ ગયેલી વ્યક્તિ ક્યારેય મળતી નથી.

★ અભિમાન અને પેટ જ્યારે વધે છે ત્યારે વ્યક્તિની ઇચ્છા હોવા છતાં પણ બીજાને ભેટી નથી શકતો.

★ જબરી ચીજ બનાવી છે ધન, મોટાભાગનાનું ભેગું કરવા જ નિધન થઈ જાય છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

## નવનીત મેડિકલ સેન્ટર – પાલડી

**તા. ૧૬-૧૨-૨૦૨૫**

- ડૉ. તપન શાહ દ્વારા Sebaceous Cystની પ્રોસીજર કરવામાં આવી.

**તા. ૧૯-૧૨-૨૦૨૫**

- ડૉ. તપન શાહની Lipoma (ચરબીની ગાંઠ) કાઢવાની તથા ડૉ. આકાશ પટેલની Chalazion અને ડૉ. મેઘાવી શાહ દ્વારા કાનના રીપેરીંગની પ્રોસીજર કરવામાં આવી.

**તા. ૨૧-૧૨-૨૦૨૫**

- ડૉ. તપન શાહ દ્વારા Lipoma અને Sebaceous Cyst ની પ્રોસીજર કરવામાં આવી.

**તા. ૨૯-૧૨-૨૦૨૫**

- ડૉ. અપૂર્વ પટેલ દ્વારા Nail excision કરવામાં આવ્યું.

**તા. ૨-૧-૨૦૨૬**

- ડૉ. તપન શાહ દ્વારા Sebaceous Cyst અને પગમાંથી કણી કાઢવામાં આવી.
- આંખના સ્પેશિયાલિસ્ટ ડૉ. લીના કોઠારી દ્વારા Chalazionનું ઑપરેશન કરવામાં આવ્યું.

**તા. ૮-૧-૨૦૨૬**

- HR શ્રીમતી ખુશ્બુ શાહ દ્વારા સ્ટાફ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું. એમણે I-card, એપ્રન અને બીજા Rules and Regulation strictly પાલન કરવા જણાવ્યું. ઉપરાંત રજાઓ લેવા માટેના નિયમો ફરીથી સમજાવ્યા હતા. પાલડી મેડિકલ સ્ટાફ હવે ઘણોખરો સમયસર આવે છે એની સરાહના કરી હતી.

**તા. ૧૨-૧-૨૦૨૬**

- CR System ના AMC માટે એમ. કે. સર્વિસીસ સાથે પ્રોસીજર કરવામાં આવી.

*સફળ થયેલ લોકો કોઈ અલગ પ્રકારનુ કામ નથી કરતા, તેઓ માત્ર અલગ પદ્ધતિથી કામ કરે છે.*

## શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ

**તા. ૩-૧-૨૦૨૬**

- આજ રોજ શ્રી રજનીભાઈ પારેખે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત લીધી હતી. ડાયાલિસિસ સેન્ટરના બંને શીફ્ટના પેશન્ટ જોડે વાતચીત કરેલ હતી. ગીતા મંદિર ડાયાલિસિસ સેન્ટર માટે મોદી અને જાવેદ જોડે વિવિધ ચર્ચા વિચારણા કરેલ હતી.
- આજ રોજ ડૉ. કેતન શાહે શ્રી કચ્છી વિશ્રામ ગૃહની મુલાકાત લીધેલ હતી. જરૂરી સ્ટોક બાબતે ચર્ચા કરેલ હતી તથા ચાર રૂમના રીપેરીંગ બાબતે અનિલભાઈ સથવારા સાથે વાતચીત કરી ક્વોટેશન મંગાવેલા હતા.

**તા. ૧૦-૧-૨૦૨૬**

- આજ રોજ ડૉ. કેતન શાહે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ભવન કમિટીની મીટિંગ રાખેલ હતી. જેમાં ડૉ. કેતન શાહ, પીયૂષ સાવલા, રોહિત સંઘવી, નીતિન ધનજી ગાલા હાજર રહેલા હતા. રૂમના વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરેલ હતી.

## નવનીત મેડિકલ સેન્ટર – બોપલ

**તા. ૧૭-૧૨-૨૦૨૫**

- આજ રોજ ડૉ. ચાંદની મોદી દ્વારા મોતિયાનું એક ઑપરેશન થયેલ હતું. ડૉ. મિત પટેલ દ્વારા પણ મોતિયાનું એક ઑપરેશન થયેલ હતું.

**તા. ૧૯-૧૨-૨૦૨૫**

- ડૉ. કપીલ ભાટિયા દ્વારા મોતિયાના બે ઑપરેશન થયેલ હતા.

**તા. ૨૦-૧૨-૨૦૨૫**

- આજ રોજ ડૉ. ચાંદની મોદી દ્વારા મોતિયાના ત્રણ ઑપરેશન થયેલ હતા.
- આજ રોજ ડૉ. ફાલ્ગુની મહેતા (પીડિયાટ્રીશિયન) દ્વારા HPV Vaccine આપવામાં આવેલ હતી.

**તા. ૨૭-૧૨-૨૦૨૫**

- આજ રોજ ડૉ. અપૂર્વ પટેલ દ્વારા Sebaceous Cyst નું

ઑપરેશન કરવામાં આવેલ હતું.

- આજ રોજ ડૉ. જુબીન શાહ દ્વારા Lipoma નું ઑપરેશન કરવામાં આવેલ હતું.
- આજ રોજ ડૉ. મિત પટેલ દ્વારા મોતિયાનું એક ઑપરેશન કરવામાં આવેલ હતું.
- આજ રોજ શ્રી નરેન્દ્રભાઈ ચુડગર, જેઓ ફિઝીથેરાપીમાં સારવાર લઈ રહ્યા હતા, તેઓએ રૂા. ૫,૦૦૦/-નો ચેક ડોનેશન પેટે ડૉ. રીદ્ધિને આપેલ હતો. જેની જાણ ડૉ. હિતેન્દ્ર શાહને કરવામાં આવેલ હતી.

**તા. ૩૦-૧૨-૨૦૨૫**

- આજ રોજ ડૉ. ચાંદની મોદી દ્વારા મોતિયાના બે ઑપરેશન થયેલ હતા.
- આજ રોજ ડૉ. અપૂર્વ પટેલ દ્વારા Nail Excision ની પ્રોસીજર થયેલ હતી.

**તા. ૧-૧-૨૦૨૬**

- આજ રોજ નવનીત મેડિકલ સેન્ટર - બોપલને છ વર્ષ પૂરા થયેલ હતા.
- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધેલ હતી અને બધા સ્ટાફ સાથે કામગીરી અંગે વાતચીત કરેલ હતી.
- આજ રોજ ડિસેમ્બર-૨૦૨૫ માસનો માસિક અહેવાલ તૈયાર કરવામાં આવેલ હતો. જે મુજબ કુલ ૮૨૨૧ દર્દીઓએ નવનીત મેડિકલ સેન્ટરમાં સારવાર લીધેલ હતી. જેમાં ૨૪ મોતિયાના ઑપરેશન તથા ૧૧ જેટલા બીજા ઑપરેશન થયેલ હતા. ૨૮૦ ડાયાલિસિસ થયેલ હતા. જેની વિગતવાર માહિતી ડૉ. રીદ્ધિએ ડૉ. હિતેન્દ્ર શાહને આપેલ હતી.

**તા. ૩-૧-૨૦૨૬**

- આજ રોજ ડૉ. મિત પટેલ દ્વારા મોતિયાનું એક ઑપરેશન થયેલ હતું.

**તા. ૪-૧-૨૦૨૬**

- આજ રોજ ડૉ. ભૌમિક શાહ (ઇ.એન.ટી. સર્જન) દ્વારા કાનના બે Lobule Repair કરવામાં આવેલ હતા.
- ડૉ. ધવલ પટેલ (ઇ.એન.ટી. સર્જન) દ્વારા કાનનું એક Lobule Repair કરવામાં આવેલ હતું.
- આજ રોજ ડૉ. અપૂર્વ પટેલ (જનરલ સર્જન) દ્વારા Nail Excision ની પ્રોસીજર કરવામાં આવેલ હતી.

*મહેનતને સફળતામાં બદલવાની ચાવી ધૈર્ય છે.*

**તા. ૬-૧-૨૦૨૬**

- આજ રોજ ડૉ. ચાંદની મોદી દ્વારા મોતિયાના બે ઑપરેશન થયેલ હતા.

**તા. ૮-૧-૨૦૨૬**

- આજ રોજ ડૉ. નેહા શાહ (ઇ.એન.ટી. સર્જન) દ્વારા કાનનું એક Lobule Repair કરેલ હતું.

**તા. ૧૭-૧-૨૦૨૬**

- આજ રોજ ડૉ. મિત પટેલ દ્વારા મોતિયાનું એક ઑપરેશન કરવામાં આવ્યું.

**તા. ૧૯-૧-૨૦૨૬**

- આજ રોજ ડૉ. ચાંદની મોદી દ્વારા મોતિયાનું એક ઑપરેશન કરવામાં આવ્યું.

## પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર

**તા. ૧૯-૧૨-૨૦૨૫**

- આજ રોજ કોલ્ડેજ ઇન્ડિયા પ્રા.લિ. કંપનીમાંથી ૧૨ કર્મચારીઓના આંખનું ચેક-અપ ડૉ. હેમ દેસાઈ (ઓપ્થેલ્મોલોજિસ્ટ) અને ફિઝીશિયન કન્સલ્ટીંગ ડૉ. કિશન માળી દ્વારા સેન્ટર ઉપર કરવામાં આવેલ હતું.
- આજ રોજ શ્રી જયેશભાઈ મજમુદારે સેન્ટરની મુલાકાત લીધેલ હતી અને ડૉ. કિશન માળી તથા પ્રતીક વ્યાસ સાથે પેશન્ટ બાબતે ચર્ચા કરી હતી.

**તા. ૨૦-૧૨-૨૦૨૫**

- આજ રોજ મેઘાન્સ ઇન્ડસ્ટ્રીઝ - મોરૈયા કંપનીની મુલાકાત લીધી અને કંપનીના સુપરવાઇઝર શ્રી વિજયભાઈને મળીને કંપનીના કર્મચારીઓનું મેડિકલ ફિટનેસ સેન્ટર ઉપર કરાવવા બાબતે ચર્ચા કરી.

**તા. ૨૨-૧૨-૨૦૨૫**

- આજ રોજ કોલ્ડેજ ઇન્ડિયા પ્રા.લિ. કંપનીના બાકીના ૯ કર્મચારીઓનું મેડિકલ ફિટનેસ સેન્ટર ઉપર કરવામાં આવ્યું.

**તા. ૨૫-૧૨-૨૦૨૫**

- આજ રોજ મેઘાન્સ ઇન્ડસ્ટ્રીઝ કંપનીના કુલ ૬ કર્મચારીઓનું મેડિકલ ફિટનેસ સેન્ટર ઉપર કરવામાં આવેલ.
- તા. ૧-૧૨-૨૦૨૫થી તા. ૩૧-૧૨-૨૦૨૫ના રોજ નીચે જણાવેલ કંપનીના કર્મચારીઓ પરમકૃપા મેડિકલ સેન્ટર -

ચાંગોદર ખાતે મેડિકલ ફિટનેસ કરાવવા આવેલ હતા. જેમાં એમનિલ ફાર્માસ્યુટીકલ (ગામ - રજોડા) કંપનીના કુલ ૧૦૭, હેમટેક ઈન્ડસ્ટ્રીઝના ૧૨, હેમસ્ટાર ફિલામેન્ટ્સના ૯, સલામતી સિક્યોરીટીના ૧૧, સેનોલેટ લાઈફકેર પ્રા.લિ.ના ૪ કર્મચારીઓ આવેલ હતા. આમ ડિસેમ્બર ૨૦૨૫ મહિનામાં જે તે જણાવેલ કંપનીના કર્મચારીઓના મેડિકલ ફિટનેસ કરવામાં આવેલ હતા.

**તા. ૧-૧-૨૦૨૬**

- તા. ૧-૧-૨૦૨૬થી પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર ખાતે ડૉ. હિતેન્દ્ર શાહના કહેવા અનુસાર ડૉ. દિશાબેન પટેલ – લેબ ટેકનિશિયનને એપોઈન્ટ કરવામાં આવેલ છે.

**તા. ૨-૧-૨૦૨૬**

- આજ રોજ મેઘાન્સ ઈન્ડસ્ટ્રીઝ - મોરૈયા કંપનીના કુલ ૬ કર્મચારીઓના મેડિકલ ફિટનેસ સેન્ટર ઉપર કરવામાં આવેલ છે.

**તા. ૫-૧-૨૦૨૬**

- આજ રોજ PNDT ડિપાર્ટમેન્ટ - લાલ દરવાજા પર જઈને એન્ટીનેટલ સોનોગ્રાફીના ૩ ફોર્મ જમા કરાવ્યા.
- આજ રોજ જી.ઈ. હેલ્થકેર કંપનીમાંથી શ્રી ભાર્ગવભાઈ ચાવડા સેન્ટર ઉપર આવેલ હતા. જેમાં ડૉ. પલક ગોહેલ (એમ.ડી.)ને 2-D Echo કરવામાં ફયુઝનમાં જે પ્રોબ્લેમ થતો હતો તે આજરોજ એન્જિનિયર બોલાવીને મશીનમાં નવો ક્રોપ નાંખવામાં આવેલ છે અને પ્રોબ્લેમ સોલ્વ કરવામાં આવેલ છે.
- તા. ૧-૧-૨૦૨૬થી તા. ૭-૧-૨૦૨૬ સુધીના રોજ કુલ ૨૭ કંપનીના ડિસેમ્બર-૨૦૨૫ના બીલ જે તે કંપનીમાં જઈને જે તે જવાબદાર વ્યક્તિને મળીને બીલ આપવાનું કામ પૂર્ણ કરેલ છે.

**તા. ૧૦-૧-૨૦૨૬**

- આજ રોજ મહેતા કોમ્પ્યુટરમાંથી એન્જિનિયર સેન્ટર ઉપર આવેલ હતા. જે શ્રી કિશોરભાઈ ઠક્કરના કહેવા અનુસાર કોમ્પ્યુટર સિસ્ટમની સર્વિસ કરવામાં આવેલ છે.

## નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર

**તા. ૨૨-૧૨-૨૦૨૫**

- આજ રોજ જશોદાનગર મેડિકલ સેન્ટર પર તા. ૨૨-૧૨-૨૦૨૫થી તા. ૨૭-૧૨-૨૦૨૫ સુધી તમામ ડૉક્ટર્સના ફ્રી કન્સલ્ટેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ કેમ્પમાં કુલ ૧૦૧૪ લોકોએ લાભ લીધો હતો.
- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી. તેમણે રેડિયોલોજિસ્ટ ડૉ. નીલ ચોક્સી સાથે વાતચીત કરી અને રીસેપ્શન-૧ ની સામે ફિઝીયોથેરાપી અને દાંત વિભાગનું બોર્ડ લગાવવાની સૂચના આપી.
- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા મોતિયાના બે સફળ ઑપરેશન થયા.

**તા. ૨૩-૧૨-૨૦૨૫**

- આજ રોજ જશોદાનગર સેન્ટર પર બાળરોગ વિભાગમાં નવા ડૉક્ટરની નિમણુંક થઈ. જે દર મંગળવારે અને શનિવારે સવારે ૧૦.૦૦થી ૧૧.૩૦ ઓ.પી.ડી.માં મળશે.
- આજ રોજ શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી કે.ડી. શાહે ફ્રી કેમ્પ દરમિયાન સેન્ટરની મુલાકાત લીધી. તેઓ ઓ.પી.ડી.માં વિઝીટ કરતાં બધા ડૉક્ટર્સને મળ્યા અને તેમની સાથે વાતચીત કરી.
- આજ રોજ શ્રી ચેતનભાઈ ધરોડે સેન્ટરની મુલાકાત લીધી.

**તા. ૦૩-૦૧-૨૦૨૬**

- આજથી સેન્ટરમાં સેવા આપતા ચામડીના ડૉ. વર્નોમ જેમ્સે એમની ઓ.પી.ડી.ના સમયમાં ફેરફાર કર્યો. નવા સમય પ્રમાણે હવે દર સોમવાર અને ગુરૂવારે સવારે ૧૧.૩૦થી ૧.૦૦ તથા દર શુક્રવારે સાંજે ૪.૦૦થી ૫.૩૦ મળશે.

**તા. ૦૬-૦૧-૨૦૨૬**

- આજથી બાળકોના ડૉ. જગદીશ ગોહિલ ઓ.પી.ડી.માં દર મંગળવારે અને શનિવારે ૧૦.૦૦થી ૧૧.૩૦ મળશે.

**તા. ૧૬-૧-૨૦૨૬**

- આજ રોજ સેન્ટર પર HR ખુશ્બુ શાહ, પાલડીના મેડિકલ ઓફિસર ડૉ. દક્ષાબેન રાણાવત, સ્ટોર મેનેજર કિન્નરીબેન તથા મેનેજર કિશોરભાઈએ સેન્ટરની મુલાકાત લીધી. ખુશ્બુ મેડમે સ્ટાફ સાથે મીટિંગ કરી અને CL તથા એના નિયમો વિશે સ્ટાફને માહિતી આપી.

**તા. ૨૨-૧-૨૦૨૬**

- આજ રોજ આંખના ડૉ. હર્ષલ પટેલ દ્વારા Hergium with graft ની આંખની પ્રોસીજર સફળતાપૂર્વક કરવામાં આવી. ■

# જ્ઞાન વિજ્ઞાન – વૈજ્ઞાનિક માહિતી

• સંકલન •
રસીક ખીમજી મહેતા

## પ્રાચીનકાળથી ઉપયોગી અને પાલતુ પ્રાણી : ઘોડો

પાલતુ પ્રાણીઓમાં સૌથી શક્તિશાળી અને ઝડપી પ્રાણી ઘોડો પ્રાચીનકાળથી માણસનો વફાદાર મિત્ર છે. ઘોડેસવારી એ એક કૌશલ્ય અને શોખ તરીકે વિકસી છે. વિશ્વભરમાં ઘોડાની અનેક જાત જોવા મળે છે. ઘોડો જાણીતું પ્રાણી છે. તેની કેટલીક વિશેષતાઓ પણ જાણવા જેવી છે.

★ ઘોડાનું બચ્ચું જન્મ્યા પછી બે-ત્રણ કલાકમાં જ ઉભું થઈ ચાલવા લાગે છે.

★ ઘોડાના શરીરમાં ૨૦૫ હાડકાં હોય છે.

★ ઘોડા ઉભા ઉભા પણ ઊંઘી શકે છે.

★ ઘોડા સામાન્ય રીતે ૪૦થી ૪૫ કિ.મી.ની ઝડપે દોડી શકે છે. કેટલાક પાલતુ ઘોડા ૭૦થી ૭૫ કિ.મી.ની ઝડપે દોડતા હોવાનું પણ નોંધાયું છે.

★ પૃથ્વી પરના સ્થળચર સસ્તન પ્રાણીઓમાં ઘોડાની આંખ સૌથી મોટી હોય છે.

★ ઘોડાની બંને આંખો માથાની બંને તરફ હોય છે. તે ૩૬૦ ડિગ્રીના ખૂણે વિસ્તારને જોઈ શકે છે.

★ ઘોડાના દાંત ઘણા મોટા હોય છે. તેના મગજ કરતાં દાંત અને જડબું મોટા હોય છે.

★ વિશ્વનો સૌથી ઊંચો ઘોડો ૨૧ હાથનો લગભગ ૮૫ ઇંચ ઊંચો હતો.

★ ૧૭મી સદીથી ઘોડાનો સૈન્ય અને પોલીસદળમાં ઉપયોગ થાય છે.

★ ઘોડાને શક્તિશાળી માનીને એન્જિનોની ક્ષમતાને હોર્સ પાવરથી માપવામાં આવે છે.

## કમ્પ્યુટર નેટવર્ક વિશે આટલું તો જાણવું જ જોઈએ

ઘણા બધા કમ્પ્યુટર એકબીજા સાથે વાયર કે વાયરલેસ પદ્ધતિથી જોડાયેલા હોય તો તેને નેટવર્ક કહે છે. નેટવર્ક માટે લેન, પેન, કેન જેવા શબ્દો આપણે સાંભળીએ છીએ. આ બધા નેટવર્કના પ્રકાર છે.

નાના નેટવર્ક એક મુખ્ય હબ વડે એકબીજા સાથે જોડાયેલા રહે છે. જ્યારે મોટા નેટવર્કનું રાઉટર મારફત પ્રસારણ થાય છે.

નેટવર્કના બધા કમ્પ્યુટર માહિતીની આપ-લે અને સંગ્રહ માટે સર્વરનો આધાર લે છે. સર્વર, એ નેટવર્કના કમ્પ્યુટરનો નેતા છે.

એક વ્યક્તિને ઉપયોગી થાય તેવા નાના નેટવર્કને પર્સનલ એરિયા નેટવર્ક એટલે કે (PAN) કહે છે. લેન (LAN) એટલે લોકલ એરિયા નેટવર્ક જે એક ઓફિસમાં બધા કમ્પ્યુટરને જોડે છે. મોટી યુનિવર્સિટી કે કોલેજના વિશાળ સંકુલમાં રહેલા નેટવર્કને કેન (CAN) કેમ્પસ એરિયા નેટવર્ક કહે છે. હવે પછી આવનારી પેઢીનું નેટવર્ક વાઈડ એરિયા નેટવર્ક (WAN) હશે. એને વેન કહે છે. તે વિશ્વના બધા કમ્પ્યુટરને વાયરલેસ વડે જોડી શકશે.

## તાડ જેવા ઊંચા કેક્ટસ : સાગુઆરો

ગામડાના ખેતરની વાડ માટે થોર ઉગાડવાની પ્રથા જાણીતી છે. થોર રણ પ્રદેશમાં થતી અજાયબ વનસ્પતિ છે. ઓછા પાન અને કાંટાળી આ વનસ્પતિના થડ અને ડાળીમાં પાણીનો સંગ્રહ થાય છે. એટલે પ્રચંડ ગરમી સહન કરી શકે છે. કેક્ટસ તરીકે જાણીતા થોરની અનેક જાતો છે. ઘર આંગણે કે ઈન્ડોર પ્લાન્ટ તરીકે સુશોભનમાં પણ ઉપયોગી થાય છે. વળી બહુ ઓછા પ્રાણીઓ કેક્ટસ ખાય છે. એટલે તે સુરક્ષિત રહે છે.

સામાન્ય રીતે કેક્ટસ પાંચથી છ ફૂટ ઊંચા હોય છે. પરંતુ અમેરિકાના એરિઝોનામાં થતા સાગુઆરો કેક્ટસ પાંચ માળના મકાન જેટલા ઊંચા હોય છે. લીલા રંગના જાડા અને કાંટાવાળા થડ ઉપર લીલા રંગની ડાળીઓ ફૂટેલી હોય છે. રણ પ્રદેશમાં સંખ્યાબંધ સાગુઆરોનું દૃશ્ય જોવા જેવું હોય છે. સાગુઆરોનું થડ ૧૦ ફૂટનો ઘેરાવો ધરાવે છે. તેના ઉપર પીળા રંગના ફૂલો અને બોર જેવા ફળ પણ થાય છે. સાગુઆરોના થડમાં કીડી મંકોડા હજારો કીટકો દર કરીને રહે છે. નાના અને વિવિધ પ્રકારના કેક્ટસ ઘર આંગણાનું અને બગીચાનું સૌંદર્ય વધારે છે પરંતુ સાગુઆરો અફાટ રણ પ્રદેશનું સૌંદર્ય વધારે છે.

## એસ્ટ્રોઇડ બેલ્ટ

સૂર્યમાળામાં પૃથ્વી સહિતના આઠ ગ્રહ એકલા જ

પ્રદક્ષિણા કરે છે. આ બધા ગ્રહો મોટા કદના હોવાથી તેમના વજન અને કદ અનુસાર વિવિધ ભ્રમણકક્ષામાં ગોઠવાયા છે. પરંતુ સૂર્યમાળાની ઉત્પત્તિ વખતે મોટા ગ્રહોની સાથે સાથે નાના મોટા ખડકો પણ છૂટા પડેલા. આ બધા પથ્થર જેવા વિવિધ આકારના ખડકો એક સાથે સમૂહમાં રહી સૂર્યની પ્રદક્ષિણ કરવા લાગ્યા. સૂર્યમાળામાં બુધ, શુક્ર, પૃથ્વી અને મંગળ પછી આ લઘુગ્રહોના સમૂહને એસ્ટ્રોઈડ બેલ્ટ કહે છે અને તે સૂર્યમાળાના ગ્રહોના બાહ્ય અને આંતરિક એમ બે ભાગ પાડે છે.

જર્મનીના ડેનિયલ ટેરિયલ નામના ખગોળશાસ્ત્રીએ ઇ.સ. ૧૭૦૦માં આ લઘુગ્રહોના પટ્ટાની શોધ કરેલી. એસ્ટીરોઈડ બેલ્ટમાં ઘૂમતા લઘુ ગ્રહો કેટલાક માત્ર એકાદ ફરતા ટુકડા છે તો કેટલાક એક હજાર કિ.મી.ના કદના છે. તેમના આકાર પણ અનિયમિત છે. આ બધા લઘુ ગ્રહો સખત પથ્થર જેવા ખડકો છે. ફરતા ફરતા એકબીજા સાથે અથડાઈને નાના ટુકડા પણ થઈ જાય છે. ખગોળ શાસ્ત્રીઓએ આ બેલ્ટમાંથી લગભગ ૩૦૦ જેટલા મોટા લઘુ ગ્રહોનો અભ્યાસ કર્યો છે. આ પટ્ટામાં કરોડો ખડકો રહેલા છે. જેમાંના કેટલાક પ્રકાશિત છે. વિજ્ઞાનીઓએ વેસ્ટા, પાલસ, સિરીસ જેવા નામ આપીને કેટલાક લઘુ ગ્રહોની ઓળખ પણ સ્થાપિત કરી છે.

## દરિયાઈ સફરનો રોમાંચ આપતું હોવરક્રાફ્ટ

હોવર ક્રાફટનું નામ સાંભળતા જ દરિયાના પાણી ઉપર સાપની જેમ સરકતું જહાજ નજર સમક્ષ તરવરવા માંડે. રોમાંચ અને થ્રીલ આપતી હોવરક્રાફટની મુસાફરીને ૨૦૨૪માં પાંસઠ વર્ષ પૂરા થયા છે. આ સાડા છ દાયકામાં હોવરક્રાફટ સૌનું માનીતું વાહન બની ગયું છે. દસ-વીસ કે પચીસ-પચાસ વર્ષ નહીં પણ પાંસઠ વર્ષનો રોમાંચક પ્રવાસ કરાવતા હોવરક્રાફટના ઈતિહાસ પર એક નજર દોડાવીએ...

બ્રિટીશ એન્જિનિયર ક્રિસ્ટોફર કોકેરેલને આ અદ્‌ભુત વાહનની શોધનો યશ આપવો જ પડે. સાત વર્ષની અથાગ મહેનત પછી ક્રિસ્ટોફરે એસ.આર.એન. વન નામનું ચાર લોકો સફર કરી શકે તેવું હોવરક્રાફટ બનાવ્યું. તેમની આ મહામૂલી શોધને પરિણામે બ્રિટીશ સરકારે ૧૯૬૯માં ક્રિસ્ટોફરને 'સર'નો ખિતાબ આપ્યો. ૧ જૂન ૧૯૯૯માં હેમ્પશાયરમાં જ દુનિયાનું સૌથી મોટું હોવરક્રાફટ મ્યુઝિયમ આવેલું છે.

હોવરક્રાફટ માત્ર પાણી પર જ દોડે એવું નથી. હવે તો રેતી અને બરફ પર દોડતાં હોવરક્રાફટ પણ છે. મિલિટરી ઓપરેશન્સ તેમજ બચાવ કામગીરીમાં પણ હોવરક્રાફટ ખૂબ જ ઉપયોગી છે. આખે આખી કાર હોવરક્રાફટમાં ચઢાવી, લોકો દરિયાઈ સફર માણે છે.

## શરીરને હરતું ફરતું રાખતા મસલ્સ (સ્નાયુ)

માણસ અને પ્રાણીઓના શરીરના બંધારણમાં હાડપિંજર મુખ્ય છે. હાડપિંજર શરીરને ટટ્ટાર બનાવી આકાર આપે છે. શરીરને હાલવા, ચાલવા, ઉઠવા, બેસવા જેવી ક્રિયાઓ કરવા માટે દરેક હાડકાના છેડા મસલ્સથી જોડાયેલા છે. મસલ્સ લાંબા દોરડા જેવા અને સ્થિતિસ્થાપક હોય છે અને તે મજબૂત પણ હોય છે. મસલ્સ બે પ્રકારના હોય છે : સ્વૈચ્છિક અને અનૈચ્છિક. આપણી ઈચ્છિત ક્રિયા કરવા માટે ઐચ્છિક સ્નાયુઓ વપરાય છે.

આપણા ચાલવા દોડવાથી માંડીને પેન પકડવા જેવી ક્રિયાઓ સ્નાયુ વડે થાય છે. હસવું, બોલવું પણ સ્નાયુનું જ કામ છે. સ્નાયુઓ હાડકા ઉપર ચોંટેલા હોય છે અને છેડેથી હાડકાના છેડે જોડાયેલા હોય છે. આપણો હાથ ઊંચો કરવો હોય તો કોણી અને ખભા વચ્ચેનો સ્નાયુ ખેંચાઈ તે હાથ ઊંચો કરે છે. શરીરમાં ૪૦% વજન સ્નાયુઓથી ટકે છે. શરીરમાં કુલ ૬૦૦થી વધુ સ્નાયુઓ હોય છે. મોટાભાગના સ્નાયુઓનું આપણે ઈચ્છા મુજબ સંચાલન કરી શકીએ છીએ. હૃદય ધબકવું, ફેફસા દ્વારા શ્વાસ લેવો વગેરે કામ સ્નાયુઓ જ કરે છે પરંતુ તે આપણી ઈચ્છા મુજબ કામ કરતા નથી. સ્નાયુઓ આપણા અંગોને ખેંચવા કે ઢીલા મૂકવાનું કામ કરે છે. બે સ્નાયુઓની જોડી આ કામ કરે છે. સ્નાયુ લાલ રંગના હોય છે. તે કામ કરે ત્યારે ઓક્સિજન અને શક્તિ વપરાય છે.

## જગતની પ્રચંડ વસ્તી

વર્ષ ૨૦૨૫માં જગતની વસ્તી ૮૨૦ કરોડ ઉપર પહોંચી ગઈ છે. ઇ.સ. ૨૦૧૪માં જગતની વસ્તી ૭૩૮ કરોડ હતી, તે હવે અત્યારે વધીને ૮૨૦ કરોડ ઉપર પહોંચી ગઈ છે.

માન્યામાં ના આવે પરંતુ ૧૯૬૦માં જગતની વસ્તી માત્ર ૩૦૨ કરોડ હતી. ભારતની વસ્તી ૧૯૫૧માં ૩૫થી ૩૬ કરોડ હતી. પરંતુ ૨૦૨૫માં તે અંદાજિત ૧૪૬.૪ કરોડે પહોંચી છે. ભારતમાં એક સારી બાબત એ બની છે કે ઇ.સ. ૧૯૭૨થી ઇ.સ. ૧૯૮૩ના ગાળામાં ભારતનો વસ્તી વધારાનો દર ૨.૩ ટકા જેટલો પ્રચંડ મોટો હતો તે હવે ૨૦૨૫માં એક અંદાજ પ્રમાણે ૦.૯ ટકા થઈ ગયો છે. સમગ્ર જગતની વસ્તી વધારાનો દર પણ ૦.૯ ટકા પર પહોંચી ગયો છે.

## NanoNine® શબ્દ રમત-૨૨૭

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ■ | ૪ | ૫ | ૬ | ■ | ૭ | ૮ |
| ૯ | | ■ | | ■ | ૧૦ | | | | ■ | ૧૧ | |
| | ■ | ૧૨ | | | ■ | ૧૩ | | ■ | ■ | | ■ |
| ૧૪ | | | | ■ | ૧૫ | | ■ | ૧૬ | | | |
| | ■ | | ■ | ૧૭ | | ■ | ૧૮ | | ■ | | ■ |
| ■ | ૧૯ | ■ | ૨૦ | ■ | ૨૧ | ૨૨ | | ■ | ■ | ■ | ૨૩ |
| ૨૪ | | ૨૫ | | ■ | ૨૬ | | | ■ | ૨૭ | ૨૮ | |
| | ■ | ૨૯ | | ૩૦ | ■ | ૩૧ | | ૩૨ | ■ | ૩૩ | |
| ૩૪ | ૩૫ | | ■ | ૩૬ | ૩૭ | | ■ | ૩૮ | ૩૯ | | |
| ■ | | ■ | ૪૦ | ■ | | ■ | ૪૧ | | | ■ | ■ |
| ૪૨ | | ૪૩ | | ■ | ૪૪ | | | | ■ | ■ | ૪૫ |
| ૪૬ | | | ■ | ૪૭ | | ■ | | ■ | ૪૮ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૨૦-૦૨-૨૦૨૬ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. નાટક ભજવવાનું થિયેટર (૫)
૪. પ્રૌઢતા, મોટાઈ (૩)
૭. નૃપ, રાજ્ય કરનાર પુરુષ (૨)
૯. સંકલ્પ - વિકલ્પ કરનારી ઈન્દ્રિય (૨)
૧૦. પસીનો, પ્રસ્વેદ (૪)
૧૧. યતિ, જૈન સાધુ, ગોરજી (૨)
૧૨. કામ ધંધા વિનાનું (૩)
૧૩. નાક વાટે વરાળ લેવી (૩)
૧૪. વેગ, ગતિ, ઝડપ (૪)
૧૫. અવાજ, કંઠ, સૂર (૨)
૧૬. કરડાશ, કરડાપણું, કરડાકી-કડકાઈ (૪)
૧૭. દારૂગોળો ફેંકવાનું સાધન (૨)
૧૮. ઘરકામ કરનારો નોકર (૨)
૨૧. સભાનો સભ્ય, મેમ્બર (૪)
૨૪. બજાર, કામધંધો બંધ રાખવા તે (૪)
૨૬. પાણી પીવાની સાર્વજનિક જગ્યા (૩)
૨૭. લજ્જા, લયાનત (૩)
૨૯. શીકર, ફરફર છાંટ (૩)
૩૧. ચોમાસુ પાક (૩)
૩૩. અનુકૂળ, વખત, લાગ (૨)
૩૪. પરોઢ, મળસકું, સવાર (ફા.) (૩)
૩૬. ઉપયોગ વિનાનું, નિરર્થક (૩)
૩૮. દેશી રાજ્ય (૪)
૪૧. સમસાન, સ્મશાન (૩)
૪૨. દૂર કરવું (૪)
૪૪. અક્કલ, જ્ઞાન, ડહાપણ (૪)
૪૬. ગુવાર, ગવારની કુમળી સિંગ (૩)
૪૭. પુરુષ, માદાનો વિરોધી (૨)
૪૮. પછવાડે, પૂંઠે (૩)

### ઊભી ચાવીઓ

૧. નામ પાડવાની વિધિ (૫)
૨. આશરે ૫૬ મણનું અંગ્રેજી વજન, ૧૦૦૦ કિલો વજનનું માપ (૨)
૩. નાણાવટી, શરાફ (૪)
૪. પાણીના આવ-જા માટે બાંધેલો સાંકડો માર્ગ (૪)
૫. શાળામાં વચ્ચે મળતી છુટ્ટી (૩)
૬. દૂધ ઉકાળી કરાતો ઘટ્ટ પદાર્થ (૨)
૭. રાજા કે રાજ્યનો ખજાનો (૫)
૮. કુળ, નાત (૨)
૧૨. ૪૨ વર્ષની ઉંમરે આવતા ચશ્મા (૩)
૧૫. આડી અવળી નવરાશી વાત, ગપ્પા (૪)
૧૬. ચોખાની એક જાત (૩)
૧૮. સોડા લેમન જેવું એક પીણું, એક ફળ (૪)
૧૯. એક વિશાળ વૃક્ષ (૨)
૨૦. એક ભાજી (૩)
૨૨. ભાર ખમી શકે એવું (૪)
૨૩. બાળકોને રમવાની વસ્તુ (૪)
૨૪. પ્રતિસ્પર્ધી, સમાવડિયો (૩)
૨૫. લક્ષણ, સ્વભાવ, ગુણ (૩)
૨૮. રક્તવાત, ચામડીનો એક રોગ (૩)
૩૦. ક્રિકેટમાં દોડીને સામસામે લેવા તે (૨)
૩૨. કોઈપણ ફરસા સ્વાદની વાનગી (૪)
૩૫. લોકસેવા (૪)
૩૭. કામને માટે – અંગે (૪)
૩૯. આદમી, વ્યક્તિ (૨)
૪૦. નળિયું (૨)
૪૧. માળ, મેડો (૩)
૪૨. પક્ષી, સૂર્યદેવ, આકાશ (૨)
૪૩. ભય, બીક (૨)
૪૪. જીતાયેલું સરોવર (૨)
૪૫. કેશ, બાલ, મોવાળો (૨)

***નોંધ** : "શબ્દ રમત" તથા "સુડોકુ"ની સ્પર્ધામાં ભાગ લેનારે તેમના જવાબ નિયત સમય મર્યાદામાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી. સમય મર્યાદા પછી મળનાર જવાબો મોકલનાર વ્યક્તિઓને ઈનામો આપવા માટે ગણતરીમાં લેવામાં આવશે નહીં.*

## NanoNine® શબ્દ રમત-૨૨૬નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કા | ક | લૂ | દી | ■ | સ | ■ | સા | મે | લ | ગી | રી |
| ક | દ | મ | ■ | દા | મિ | ની | ■ | ળા | ■ | ત | ■ |
| ડો | મ | ■ | ધૂ | મ | ધા | મ | ■ | વ | જા | કા | ય |
| ■ | બો | ■ | મ | ન | ■ | હ | વા | ડો | ■ | ર | તિ |
| મા | સી | ■ | સ | ■ | પા | કી | ટ | ■ | ક | ■ | મ |
| લે | ■ | વિ | ■ | ગ | ર | મ | ■ | મ | ચ્છ | ■ | ખા |
| તુ | લ | ના | ■ | તા | સ | ■ | લો | જ | ■ | ■ | નુ |
| જા | ગ | ■ | બે | ગ | ■ | રં | ■ | બુ | લે | ટ | ■ |
| ર | ન | વે | ■ | મ | હા | ભા | ર | ત | ■ | પા | ન |
| ■ | ■ | ધ | ન | ■ | ■ | ■ | ક્ષા | ■ | સુ | લ | ભ |
| શ | મ | શા | દ | બે | ગ | મ | ■ | ન | ■ | પે | ■ |
| ક | મ | લા | ■ | ડું | ■ | સ | ક | ર | ટે | ટી | ■ |

*ડિસેમ્બર-૨૦૨૫ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૨૫ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા ચંદ્રકાંત શાહ – અમદાવાદ
૨. ગુણવંતી ગુલાબચંદ ડાઘા – અમદાવાદ
૩. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૪. સ્મિતા વિશાલ શાહ – અમદાવાદ
૫. હસમુખ દામજી શાહ (દેઢિયા) – અડાલજ, અમદાવાદ
૬. શાંતિલાલ રામજી લાલકા – હુબલી (કર્ણાટક)
૭. અરવિંદ જયંતીલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૮. મહેન્દ્ર ડી. પુજ – અમદાવાદ
૯. દમયંતી દિલીપ દંડ – અમદાવાદ
૧૦. ફાલ્ગુની ડી. શાહ – અમદાવાદ
૧૧. જ્યોતિ એલ. શાહ – અમદાવાદ
૧૨. લક્ષ્મી મહેશકુમાર ખત્રી – અમદાવાદ
૧૩. કંચનબેન નરેન્દ્રભાઈ સંઘવી – અમદાવાદ
૧૪. તૃપ્તિ વસંત સાવલા – અમદાવાદ
૧૫. પ્રભા મહેન્દ્ર શેઠિયા – વલસાડ
૧૬. મીનાક્ષી રજનીકાંત પારેખ – અમદાવાદ
૧૭. ઝરણા હેમાંગ પારેખ – અમદાવાદ
૧૮. નેહા ભાવેશ પારેખ – અમદાવાદ
૧૯. પ્રવીણ જેતશી દંડ – અમદાવાદ
૨૦. કામિની સ્નેહલભાઈ શેઠ – અમદાવાદ
૨૧. ઈલા નરેશ અંતાણી – ભુજ, કચ્છ
૨૨. ધનલક્ષ્મી કિશોર શાહ – મુંબઈ
૨૩. નવલ શિવજી નીસર – સુરત
૨૪. આરતી અગ્નિહોત્રી – અમદાવાદ
૨૫. સરોજ જયેશ શાહ – અમદાવાદ
૨૬. કંચનબેન વાડીલાલ મોરબીયા – ભુજ, કચ્છ
૨૭. જયંતીભાઈ એ. શાહ – અમદાવાદ
૨૮. પુષ્પા વિશનજી દેઢિયા – મુંબઈ
૨૯. રીદ્ધિ આશિષ પરીખ – બોપલ, અમદાવાદ
૩૦. અભયકુમાર હીરજી મોમાયા – હુબલી (કર્ણાટક)
૩૧. હંસાબેન ઠાકોર – અમદાવાદ
૩૨. જયશ્રી મોહન સાવલા – અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં ત્રણ વિજેતાઓના નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** : (૧) દમયંતી દિલીપ દંડ – અમદાવાદ
(૨) કંચનબેન વાડીલાલ મોરબીયા – ભુજ, કચ્છ
(૩) જયંતીભાઈ એ. શાહ – અમદાવાદ

તૃપ્તિ વસંત સાવલા તરફથી નેનો નાઈન શબ્દ રમત ક્રમાંક-૨૨૪ (નવેમ્બર-૨૦૨૫)ના જવાબ સમય વિત્યા પછી મળેલ છે.

---

## ડિસેમ્બર-૨૦૨૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૮૩ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ

૧. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૨. સ્મિતા વિશાલ શાહ – અમદાવાદ
૩. હેમલતા હસમુખ શાહ (દેઢિયા) – અડાલજ, અ'વાદ
૪. અરવિંદ જયંતીલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૫. મહેન્દ્ર ડી. પુજ – અમદાવાદ
૬. જ્યોતિ એલ. શાહ – અમદાવાદ
૭. અશોક વાડીલાલ શાહ – ગાંધીનગર
૮. નયના ઉદય કારાણી – અમદાવાદ
૯. વીણા પ્રવીણચંદ્ર વોરા – ગાંધીનગર
૧૦. દ્રવ્ય પીયુષ મોરબીયા – અમદાવાદ
૧૧. પ્રભા મહેન્દ્ર શેઠિયા – વલસાડ
૧૨. મીનાક્ષી રજનીકાંત પારેખ – અમદાવાદ
૧૩. ઝરણા હેમાંગ પારેખ – અમદાવાદ
૧૪. નેહા ભાવેશ પારેખ – અમદાવાદ
૧૫. કામિની સ્નેહલભાઈ શેઠ – અમદાવાદ
૧૬. મહેન્દ્ર દામજી છેડા – અમદાવાદ
૧૭. પારસ ગુણવંતલાલ શાહ – મુંબઈ
૧૮. આરતી અગ્નિહોત્રી – અમદાવાદ
૧૯. સરોજ જયેશ શાહ – અમદાવાદ
૨૦. નયના જય ગોગરી – અમદાવાદ
૨૧. માનસી પ્રીત શાહ – અમદાવાદ
૨૨. ઈંદુબેન મનુભાઈ પટેલ – અમદાવાદ
૨૩. મીનાબેન ધનેશભાઈ ખરીદીયા – અમદાવાદ
૨૪. પુષ્પા વિશનજી દેઢિયા – મુંબઈ
૨૫. આશિષ નવનીત પરીખ – બોપલ, અમદાવાદ
૨૬. હંસાબેન ઠાકોર – અમદાવાદ
૨૭. સુશાંત મોહન સાવલા – અમદાવાદ
૨૮. દિનેશકુમાર મોહનલાલ વોરા – અમદાવાદ
૨૯. લતા દિનેશ શાહ (મોમાયા) – પૂના

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં ત્રણ વિજેતાઓના નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાના ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** :

(૧) વીણા પ્રવીણચંદ્ર વોરા – ગાંધીનગર
(૨) પ્રભા મહેન્દ્ર શેઠિયા – વલસાડ
(૩) માનસી પ્રીત શાહ – અમદાવાદ

## NanoNine™ Sudoku

**ડિસેમ્બર-૨૦૨૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૮૩ના ઉકેલ મોકલનારનાં નામ માટે જુઓ પાના નં.–૩૬**

## ભારતીય વિદ્યાર્થી

*હાલે ભારતના અંદાજિત ૧૩,૫૦,૦૦૦ વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરે છે કે જેમાંથી અમેરિકામાં ૪ લાખ, કેનેડામાં ૪.૫૦ લાખ, બ્રિટનમાં ૨ લાખ, ઓસ્ટ્રેલિયામાં ૧ લાખ અને જર્મનીમાં ૫૦,૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. બાકી વિદ્યાર્થીઓ અન્ય દેશમાં રહી અભ્યાસ કરે છે.*

*મોટાભાગના વિદ્યાર્થીઓ અમેરિકા, બ્રિટન, કેનેડા કે ઓસ્ટ્રેલિયા જવાનું વધુ પસંદ કરે છે. ત્યાં તક ના મળે તો ન્યુઝીલેન્ડ, જર્મની અથવા તો આયર્લેન્ડમાં અભ્યાસ અર્થે જાય છે.*

*ઉપરોક્ત વિદ્યાર્થીઓમાંથી ૮૦ ટકા વિદ્યાર્થી પોતાના અભ્યાસ બાદ ત્યાં જ સેટલ થાય છે. આ રીતે ભારતીય બ્રેઈન અન્ય દેશમાં તણાઈ જાય છે.*

*અન્ય એ વિગત પણ છે કે ભારતના વિદેશ જતા ૨૪ વિદ્યાર્થી સામે માત્ર ૧ વિદ્યાર્થી જ ભારતમાં વિદેશથી અભ્યાસ કરવા આવે છે અને તે વિદ્યાર્થી ગરીબ અથવા તો અલ્પ વિકસિત દેશના હોય છે અને અભ્યાસ બાદ તેઓ ભારતમાં સેટલ થવાનું ના વિચારતા પોતાના દેશમાં પરત જાય છે.*

*ભારતની શિક્ષણ વ્યવસ્થા સુધરીને જરૂરિયાત મુજબ વિકસિત થાય તો જ ભારતનો વિદ્યાર્થી અહીં જ રહીને અભ્યાસ કરવાનું વિચારે અને વિદેશના વિદ્યાર્થી ભારતમાં અભ્યાસ કરવા આવે.*

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૮૫ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૦૨-૨૦૨૬ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૮૫

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 5 | 1 | | | | 3 | 6 |
| 9 | 1 | | 3 | 8 | | 4 | | 2 |
| 2 | | 7 | 9 | | 4 | | 5 | |
| | | 3 | 4 | 1 | | 2 | | 7 |
| 6 | | 1 | | 9 | 8 | 3 | | 5 |
| | 7 | 8 | | 3 | 2 | 6 | | |
| | 5 | | 6 | | 9 | | 1 | 3 |
| 1 | | 4 | | | 3 | | | 9 |
| 3 | 6 | | | 7 | 1 | 5 | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 2 | | | 1 | | | 4 | 3 |
| | | | 2 | | 5 | 7 | 6 | |
| 7 | | 9 | | | 3 | | | 5 |
| | 3 | | 5 | | | 4 | 1 | 8 |
| 5 | 1 | 4 | | 2 | 8 | | 7 | |
| | 6 | | | | 1 | | 3 | |
| 8 | | 6 | 9 | 3 | | 2 | | 1 |
| | | 1 | | | 2 | | | |
| 3 | 9 | | | 5 | 7 | | 8 | 4 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | | | | 1 | | 3 | 2 | |
| 3 | 7 | | | | 6 | 9 | 4 | |
| | | 4 | 3 | 8 | | 7 | | 5 |
| | 3 | | | | 8 | 1 | | |
| 8 | 1 | 7 | 4 | | 5 | | 9 | 6 |
| | 4 | | 6 | 2 | | | 3 | |
| 4 | | 1 | | 9 | 3 | 5 | | |
| | | 9 | | 6 | 2 | | 8 | 3 |
| 2 | | 3 | 5 | | | 6 | | 9 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 3 | 4 | 8 | 6 | | | 5 |
| | 6 | | | | | 3 | 2 | |
| 1 | 4 | | | 3 | 2 | 8 | | 9 |
| 9 | 1 | 2 | 6 | | | | | 7 |
| | 5 | 4 | 2 | 7 | 3 | 9 | | |
| | | | | | 1 | 6 | 4 | |
| | 2 | 9 | | | 4 | | 8 | |
| 4 | | 6 | 9 | | | | 5 | 3 |
| | | | 8 | 2 | 5 | 4 | | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૮૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 7 | 4 | 6 | 3 | 9 | 8 | 1 | 5 |
| 8 | 6 | 5 | 1 | 2 | 4 | 7 | 9 | 3 |
| 3 | 1 | 9 | 8 | 5 | 7 | 6 | 4 | 2 |
| 4 | 8 | 1 | 7 | 6 | 5 | 3 | 2 | 9 |
| 5 | 3 | 6 | 9 | 8 | 2 | 1 | 7 | 4 |
| 7 | 9 | 2 | 4 | 1 | 3 | 5 | 8 | 6 |
| 9 | 4 | 3 | 5 | 7 | 8 | 2 | 6 | 1 |
| 6 | 2 | 7 | 3 | 4 | 1 | 9 | 5 | 8 |
| 1 | 5 | 8 | 2 | 9 | 6 | 4 | 3 | 7 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 4 | 9 | 7 | 6 | 5 | 2 | 1 | 8 |
| 1 | 5 | 6 | 2 | 8 | 4 | 9 | 3 | 7 |
| 2 | 7 | 8 | 1 | 9 | 3 | 6 | 5 | 4 |
| 4 | 2 | 3 | 5 | 7 | 6 | 8 | 9 | 1 |
| 5 | 8 | 7 | 3 | 1 | 9 | 4 | 2 | 6 |
| 6 | 9 | 1 | 8 | 4 | 2 | 5 | 7 | 3 |
| 8 | 3 | 4 | 9 | 5 | 7 | 1 | 6 | 2 |
| 7 | 6 | 5 | 4 | 2 | 1 | 3 | 8 | 9 |
| 9 | 1 | 2 | 6 | 3 | 8 | 7 | 4 | 5 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 4 | 7 | 6 | 1 | 5 | 9 | 8 | 3 |
| 5 | 6 | 8 | 9 | 2 | 3 | 7 | 1 | 4 |
| 9 | 1 | 3 | 4 | 8 | 7 | 2 | 6 | 5 |
| 4 | 5 | 1 | 2 | 6 | 8 | 3 | 7 | 9 |
| 3 | 8 | 2 | 5 | 7 | 9 | 1 | 4 | 6 |
| 6 | 7 | 9 | 3 | 4 | 1 | 8 | 5 | 2 |
| 7 | 2 | 5 | 1 | 3 | 4 | 6 | 9 | 8 |
| 8 | 3 | 4 | 7 | 9 | 6 | 5 | 2 | 1 |
| 1 | 9 | 6 | 8 | 5 | 2 | 4 | 3 | 7 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 4 | 5 | 1 | 2 | 7 | 9 | 3 | 6 |
| 9 | 1 | 6 | 3 | 8 | 5 | 4 | 7 | 2 |
| 2 | 3 | 7 | 9 | 6 | 4 | 1 | 5 | 8 |
| 5 | 9 | 3 | 4 | 1 | 6 | 2 | 8 | 7 |
| 6 | 2 | 1 | 7 | 9 | 8 | 3 | 4 | 5 |
| 4 | 7 | 8 | 5 | 3 | 2 | 6 | 9 | 1 |
| 7 | 5 | 2 | 6 | 4 | 9 | 8 | 1 | 3 |
| 1 | 8 | 4 | 2 | 5 | 3 | 7 | 6 | 9 |
| 3 | 6 | 9 | 8 | 7 | 1 | 5 | 2 | 4 |

Nano 9® kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# આંજો કાગર

હાલ તાજેતરમાં અમે મોમ્બાસા કેન્યા આફ્રિકાના પ્રવાસે ગયેલા તો મોમ્બાસામાં આપણા કચ્છી અલગ અલગ જ્ઞાતિઓના લોકો વસેલા છે. એમાં કચ્છી લેવા પટેલની વસ્તી ઘણી સંખ્યામાં ત્યાં દાયકાઓથી વસવાટ કરે છે. અમે આ ખંતીલા કુણબીઓને જોઈને અત્યંત પ્રસન્ન થયા. ત્યાં વસવાટ કરતા આપણા કચ્છ ભુજથી ૧૦ કિ.મી. નજીક ફોટડી ગામના **શ્રીમાન હસમુખભાઈ (હસુ) કાનજી ભુડિયા** વિશે જાણવા મળ્યું. જે જોઈ અને સાંભળીને અમે અત્યંત પ્રભાવિત થઈ ગયા

૧. તેઓ રોજના ૪૦,૦૦૦ માણસોને ખુરશી ટેબલ પર બેસાડીને દરરોજ દિવસના ત્રણવાર સવારના ૬ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી જમાડે છે

૨. ૬,૦૦૦ થી વધુ અપંગ, મંદબુદ્ધિ બાળકોની સારસંભાળ માટે ૨૫ એકરના સંકુલમાં સહજાનંદ સ્પેશિયલ સ્કૂલ. જેમાં સ્કૂલ, દવાખાનું, હોસ્ટેલ કાર્યરત છે અને કૂપોષણના કારણે શારીરિક અને માનસિક વિકાસ થતો નથી, જેથી મા-બાપ ત્યજી દે છે એવા છોકરાઓની દેખભાળ અહીં થાય છે અને રહેવાની, જમવાની, કપડાની સાથે દર ૧૦ છોકરાઓની વચમાં એક કેરટેકર ૨૪ કલાક કાર્યરત છે

૩. રોજ સાંજે સ્વામિનારાયણ સમાજ મંદિર સામે બેસે અને જેને પણ કોઈ પણ તકલીફ હોય જેમકે અનાજની, સ્વાસ્થ્યની કે બીજી કોઈ પણ તેમને રોકડા રૂપિયા આપી મદદ કરે છે.

૪. કચ્છ ભુજમાં ૩૦૦ કરોડના ખર્ચે અત્યાધુનિક કે. કે. હોસ્પિટલનું નિર્માણ કરવામાં સૌથી મોટો સહયોગ.

સહજાનંદ સ્કૂલનો જ ફક્ત રોજનો ૨૦ લાખ રૂપિયા ખર્ચો એટલે કે મહિનાના ૬ કરોડ રૂપિયા થાય. તેમજ વર્ષમાં ૫૦૦ કરોડ રૂપિયાથી વધારેના સેવા કાર્ય તેમના દ્વારા કરવામાં આવે છે.

ખૂબ મહત્ત્વનું એ કે તેઓ ગયા વર્ષે જ્યારે ૫૬ વર્ષની ઉંમરે ધામમાં ગયા ત્યારે તેમની અંતિમ યાત્રામાં ૧૦ લાખથી વધારે લોકો જોડાયા હતા.

એમણે જે પ્રગતિ કરી અને સમાજ માટે પણ જે અર્પણ કર્યું, તે ખરેખર ધન્ય છે. વ્યવસાયે ૫૦૦૦ એકરમાં ફેલાયેલ સિમેન્ટ ફેક્ટરી, લોખંડના સળિયા, પતરાની રોલિંગ મિલ છે અને અમે તો આ બધું પ્રત્યક્ષ જોયું

આવા કચ્છ પંથકના જગડુશા પણ દૂર દેશોમા જઈને આવા સેવા કાર્ય કરે છે અને પોતાના ધર્મ સંસ્કૃતિ બધું જાળવી રાખ્યું છે અને જે સ્વામિનારાયણ સાથે સત્સંગ સાથે મળ્યા તે તેમના વારસદારોએ પણ જાળવી રાખ્યું છે અને તેમની મદદની પરંપરા તેમણે અવિરત ચાલુ રાખેલ છે.

આવા દાનવીર અને કચ્છ નહીં પણ સમગ્ર ભારતના ભડવીર દાતાને અમારી ધબકતી સલામ!

***દિનેશ જેઠાલાલ શાહ (માપર - વિલેપાર્લે)***
***મો. ૯૮૨૧૧ ૫૬૬૨૯***

## પ્રતિભાવ

**(અનુસંધાન : પાના નં. – ૩૯ ઉપરથી ચાલુ)**

operation of the entire staff.

Recommended 100% marks rating worth to visit, stay & have home like feel.

Have a good wishes & Keep it up. Thanks.

***Manish Yaduvanshi***

★

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખરેખર ખૂબ જ સુંદર, સુવ્યવસ્થા, વ્યવસ્થિત રહેવાનું.

મ્યુઝિયમ અને ડાયાલિસિસ અને રૂમમાં રહેવાનું સ્વચ્છતા અને માણસોનો સ્ટાફ, નમ્રતા, વિવેકતા બધું જ સ્વચ્છ, સુંદર વ્યવસ્થા, પ્લાનિંગ, રીઝનેબલ ભાડું, સેફ્ટી બધું જ સરસ છે.

***ડૉ. મધુરી સંગોઈ - કાંદિવલી, મુંબઈ***
***મો. ૯૯૨૦૭ ૮૦૩૫૭***

★

**Kutch Sanskruti Museum.**

So interesting. It was many historical but information about the different tribe as cultures of India. Which are still existing in the present time you will learn something about animal and the textile production. It may be small but a must to visit.

***Natalie – Switzerland***

# પ્રતિભાવ

હું તા. ૨૭-૧૨-૨૦૨૫ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના અતિથિ ભવનમાં આવેલ હતો. મને રૂમ નં.- ૨૦૩ આપવામાં આવેલ હતો.

મને અહીંની સ્વચ્છતા ખૂબ સારી લાગી. રૂમની અંદરની સગવડતાઓ પણ યોગ્ય હતી. રૂમની અંદર પંખા, એ.સી., ટી.વી., ગીઝર, ટેલિફોન વગેરે દરેક સાધનો સારી કન્ડિશનમાં ચાલુ હતા. કેન્ટીનનું ભોજન સ્વાદિષ્ટ હતું. સ્ટાફનું વર્તન પણ યોગ્ય અને વિવેકી હતું.

મારું એક સૂચન છે કે બાથરૂમમાં ટોવેલ જેવી વસ્તુઓ મૂકવામાં આવે તો બહારગામથી આવનારને તે વધુ અનુકૂળ રહેશે.

અંતમાં આટલી સુંદર વ્યવસ્થા આપવા બદલ હું શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો આભારી છું.

*મિલનકુમાર વી. શાહ*
*મો. ૯૪૪૭૦ ૨૦૮૪૦*

★

હું ઉન્નતિ માંકડ - ભુજ, કચ્છથી અહિંયા કચ્છી વિશ્રામ ગૃહમાં રહેવા પાંચ દિવસ માટે આવેલ હતી. ખૂબ સારી વ્યવસ્થા હતી અને સેફ અનુભવ રહ્યો.

*ઉન્નતિ માંકડ*
*મો. ૯૯૭૪૮ ૨૦૪૮૯*

★

I stayed for 1 night 2 days with my family of 6 members. We booked 2 rooms. Arrived at 12.09 AM. I was arranged to see the ________ and support of the staff. Very clean rooms and right guidance by Hareshbhai at the front desk.

The overall staff too is co-operative. The admin boy Bhavin is also very helpful in nature. Please keep up the good work.

*Tejas Jaykant Shah – Mumbai*
*(Kutch Bhuj)*

★

આભાર... આભાર... આભાર...

શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં રહેવા - જમવાની આર્થિક સહયોગ કરી આપવા બદલ કચ્છી વિશ્રામ ગૃહના ટ્રસ્ટીગણ, કારોબારી સભ્યોનો ખૂબ ખૂબ આભાર.

વિશેષ આભાર : કચ્છી વિશ્રામ ગૃહના મેનેજર મોદી સાહેબ અને ડાયાલિસિસ સેન્ટરના ટેકનિશિયન જાવેદભાઈ સચોટ માર્ગદર્શન અને હોસ્પિટલની સાચી સલાહ આપવા બદલ ખૂબ ખૂબ આભાર.

જય જિનેન્દ્ર.

*છગનલાલ વિશનજી સૈયા (ગામ પત્રી)*

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ દરેક વ્યક્તિ ઉપરાંત શાળાના વિદ્યાર્થીઓ, દર્દીઓ વગેરે માટે આશિર્વાદરૂપ છે. આપની સંસ્થા તરફથી અમોને ખૂબ જ સુંદર સગવડ કરાવવામાં આવી. ગરમ પાણી, રહેવાની સગવડ, ગાદલા, પીવાનું પાણી સુંદર વ્યવસ્થા બદલ અમો કચ્છથી આવેલ શૈક્ષણિક પ્રવાસ માટે આપનો ખૂબ જ સહયોગ મળી રહ્યો તે બદલ આપનો ખૂબ ખૂબ આભાર. શ્રી શાળા પરિવાર અંજાર કચ્છ તરફથી આપનો આભાર.

*એ.બી. મિસ્ત્રી*
*મિસ્ત્રી અમિષાબેન બી. - મુખ્ય શિક્ષક*
*શ્રી રામપર પ્રાથમિક શાળા, તા. અંજાર, કચ્છ.*

★

હમ આજ ભીલવાડા (રાજસ્થાન) સે યહાં આકર રૂકેં. હમે કાફી પ્રસન્નતા હુઈ કી યહ વિશ્રામ ગૃહ બહોત અચ્છા હૈ. યહાં કે સભી સ્ટાફ મિલનસાર હૈ. વહ હર તરહ કી મદદકે લીયે તૈયાર રહતે હૈં. સાફ-સફાઈ કાફી અચ્છી હૈ. કિરાયા કાફી કમ હૈ. જો ભી મેડિકલ કે કામ સે આતે હૈં, ઉનકો કાફી સહારા મિલતા હૈ. ઈનકા ખાના એકદમ ઘર જૈસા નોર્મલ રેટસે મિલતા હૈ. જો કાફી સાફ-સફાઈ સે બનતા હૈ.

મૈં યહાં એક દમ કાફી ખુશ હુઆ હું. આગે અગર કિસી મિલનેવાલે કો રૂકના હો તો મૈં યહાં રૂકને કો બોલુંગા.

*સંદીપ – ભીલવાડા, રાજસ્થાન.*

★

The Guest house is having extra ordinary family feel, comfort, fooding with entire co-

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૮ ઉપર)**

# અન્ય સંસ્થાના સમાચાર

## શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન સમાજ - અમદાવાદ

### બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ

શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન સમાજના નેજા હેઠળ 'અમદાવાદ પ્રીમિયર લીગ' સીઝન-૨ નવનીત કંપની બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન રવિવાર તા. ૨૧-૧૨-૨૦૨૫ના The Grid Turf ઝુંડાલ ખાતે યોજવામાં આવેલ હતું.

આ ટુર્નામેન્ટનું ઑક્શન રવિવાર તા. ૯-૧૧-૨૦૨૫ના બપોરથી નવનીત વિવિધલક્ષી ભવન - ચંદ્રનગર, પાલડી ખાતે કરવામાં આવેલ હતું.

રવિવાર, તા. ૨૧-૧૨-૨૦૨૫ના સવારના ૬ વાગ્યાથી ક્રિકેટ રસિયાઓ ધ ગ્રીડની ટર્ફ ઉપર આવવાના શરૂ થઈ ગયા હતા. Male ની ૧૨ ટીમ, Female ની ૬ ટીમ અને Kids ની ૨ ટીમ હતી. ૧૦ વર્ષથી કરીને ૭૦ વર્ષની ઉંમરના લોકોએ પ્રિ-રજિસ્ટ્રેશન કરાવીને આ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો. દરેક ટીમના ઑનર્સ અને કેપ્ટનની હાજરીમાં ટીમ પ્રમાણેના અલગ અલગ ટી શર્ટસ વિતરણ કર્યા બાદ સવારના ૬.૪૫ વાગે રાષ્ટ્રગાનથી પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવેલ હતી. ડૉ. ધીરેનભાઈ શાહે પ્રથમ મેચનો ટોસ ઉછાળીને ટુર્નામેન્ટની શરૂઆત કરાવી. દરેક ટીમમાં ૧૦ ખેલાડીઓ હતા. દરેક ટીમને ૮ ઓવરની મેચ રમવાની હતી. સવારના ૮ વાગે બ્રેકફાસ્ટની શરૂઆત થઈ. ખેલાડીઓની એનર્જી માટે કેળા, લીંબુ પાણી, ટેંગ વગેરેની સુંદર વ્યવસ્થા સવારથી રાત સુધીની હતી. સાથે ચોકલેટ અને ચીકી ચગળવાની મજા પણ સામેલ હતી. બપોરની ગરમીમાં Cooling Wipes ની સગવડ પણ રાખેલ હતી. રમતા રમતા વાગે એના માટે ફર્સ્ટ એઇડની સારવાર પણ ઉપલબ્ધ હતી. ખેલાડીઓનો ઉત્સાહ વધારવા માટે પ્રેક્ષકો પણ સવારથી જ સારી એવી સંખ્યામાં હાજર હતા. ૯૮ વર્ષના ભવાનજીભાઈ સોનીએ સવારના ૧૦થી રાતના ૧૦ સુધી હાજરી આપી સૌ ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આગલા દિવસે પોતાના નાનાનું અવસાન થયેલ, છતાં સુરભિ દેઢિયાએ Show must go On ની જેમ હાજર રહી પોતાની ટીમનું નેતૃત્વ સંભાળ્યું હતું. સમાજની યુવા બ્રિગેડરે કઈ ટીમ કઈ ટીમ સામે રમશે એનું પૂર્ણ દિવસનું શેડ્યુલ ખૂબ સારી રીતે કર્યું હતું. મેચનો લાઈવ સ્કોર Cric Heroes ઉપર મોબાઈલમાં બોલ ટુ બોલ દેખાતો હતો. દરેક ટીમની નામ નંબર સાથેની રંગબેરંગી ટી શર્ટસથી મેદાન સુંદર લાગતું હતું. દરેક ટીમે પ્રોફેશનલ અમ્પાયરોના નિર્ણય ખેલદિલીથી સ્વિકાર્યા હતા. બપોરના ૧૧ વાગ્યાથી લંચ, સાંજે ૪ વાગે હાઈ-ટી તેમજ સાંજે ચૌવિહારની વ્યવસ્થા બાદ મનભાવન ડીનરની સૌએ લહેજત માણી.

સાંજે મેઈન સ્પોન્સર "નવનીત"ના શ્રી રાજુભાઈ ગાલા અને શ્રીમતી સંગીતાબેન ગાલાએ હાજર રહી સેમિ ફાઈનલ અને ફાઈનલ મેચની મજા માણી. પ્રમુખ શ્રી શાંતિભાઈ સાવલા અને ટ્રસ્ટી ગણે હાજરી આપી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો. બધી મેચો પત્યા બાદ પ્રેઝન્ટેશન સેરેમનીમાં છેક છેલ્લે સુધી હાજર રહી પ્રેક્ષકોએ ખેલાડીઓને બિરદાવ્યા. બંને Kids ટીમને અવનવા ઈનામો મળ્યા. Female - Male ટીમમાં રનર અપ તેમજ વિજેતા ટીમને મેડલો અને ટ્રોફી અપાઈ. મેદાન ઉપર ફક્ત બોલ-બેટનો જ નહીં પણ જુસ્સો લગન અને ટીમ સ્પિરીટનો તહેવાર ઉજવાયો. દરેક ટીમે પોતપોતાની શ્રેષ્ઠ તૈયારીઓ કરી હતી. હાર જીતથી વધુ મહત્ત્વની રમતની ભાવના અને મૈત્રી થકી આખો દિવસ સાથે રહી સૌનું બોન્ડિંગ વધુ મજબૂત થવું, એ મહત્ત્વનું હતું.

મોબાઈલની આ દુનિયામાં નમેલી ડોકે જ્યારે સ્ક્રીન જોવામાં દિવસ પૂરો થઈ જાય છે એવા સમયમાં મેદાન ઉપર સેલિબ્રેશન થતું જોવા મળ્યું. જેમાં હસી હતી, ખુશી હતી, તો ક્યાં મીઠી નારાજગી પણ જોવા મળી. આ અનુભવ ખૂબ આનંદદાયક હતો. જેમાં ઉંમરનો કોઈ બાધ ન હતો. જ્યાં ઉંમરમાં મોટાઓએ નાના થઇ ભાગ લીધો, જ્યારે નાનાઓએ મોટા જેવા નિર્ણયો લઇ સમગ્ર ઈવેન્ટનું ખૂબ સારું અને સફળ આયોજન કર્યું. કે.વી.ઓ. અમદાવાદની આટલી મોટી સંખ્યામાં નવી તેમજ જૂની જનરેશનને એકી સાથે જોવાનો અને અનુભવવાનો આનંદ અનેરો રહ્યો.

છેલ્લા વર્ષોમાં અનુભવ્યું કે સામાન્ય રીતે આટલા બધા નવા સંબંધો બનાવવા શક્ય થતા નથી. પરંતુ આ કામ KVO APL એ કરી બતાવ્યું. છેલ્લા બે વર્ષમાં ગણી ના શકાય એટલા નવા સંબંધો આ સમય દરમિયાન બન્યા છે. આના ફાયદા શું મળશે એ શબ્દોમાં લખવા શક્ય નથી.

આખા દિવસની સુંદર યાદો દિલમાં ભરી સૌ છૂટા પડ્યા. અંતમાં એટલું જ કહી શકાય કે, આભાર તારો KVO APL.

***MALE TEAM :***

***Winner*** : Shahanand Beast
***Owner*** : Kamlesh Pravinchandra Shahnand

***Runner up*** : Haria Hurricane
***Owner*** : Varshaben Anilbhai Haria

***FEMALE TEAM :***

***Winner*** : G & M Giants
***Owner*** : Revantiben Manilal Gosar & Kanchanben Talak Maru

***Runner up*** : Savla Super Queens
***Owner*** : Manjulaben Harakhchand Savla

***KIDS TEAM :***

***Winner*** : Poladia's Power
***Owner*** : Ranjanbel / Kalpanaben Harakhchand Poladia

***Runner up*** : Dil Se Rock Star
***Owner*** : Dr. Dhiren Shantilal Shah

## ભાવનગર કચ્છ સમાજ

### *મૂળ કચ્છના વતની ભાવનગર સ્થિત શ્રી મહેન્દ્ર સુધાકરભાઈ શાહ (લાપસીયા)ને મળેલ "મહાજન શ્રેષ્ઠી ઍવોર્ડ"*

મૂળ કચ્છ નલીયાના વતની અને ઘણા વર્ષોથી ભાવનગરને કર્મભૂમિ બનાવી વસવાટ કરતા શ્રી મહેન્દ્ર સુધાકરભાઈ શાહને અમદાવાદ ચેમ્બર ઑફ કોમર્સ, વેલફેર ફાઉન્ડેશન તથા ગુજરાત ટ્રેડર્સ ફાઉન્ડેશન - અમદાવાદ દ્વારા તા. ૨૮-૧૨-૨૦૨૫ના રોજ અમદાવાદ ખાતે "મહાજન શ્રેષ્ઠી ઍવોર્ડ" જગવિખ્યાત બાલાજી વેફર્સના ચેરમેન શ્રી ચંદુભાઈ વિરાણીના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. અમદાવાદ ખાતેના આ ઍવોર્ડ ફંકશનમાં કુલ ૧૨ જણાને ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તે પૈકી સૌરાષ્ટ્ર કચ્છમાંથી માત્ર મહેન્દ્રભાઈ એસ. શાહની પસંદગી કરવામાં આવી હતી.

જે શ્રેષ્ઠીઓએ ૨૫ કે તેથી વધુ વર્ષથી વેપાર ઉદ્યોગના અનેક પડકારો સામે પોતાની સુઝબુઝ અને કુનેહથી મહાજનોને સફળતા અપાવી છે અને નીતિ વિષયક બાબતોમાં પોતાની આગવી સુઝબુઝથી રજૂઆતો કરી અને સફળતા મેળવી છે, તેવા શ્રેષ્ઠીઓને આ ઍવોર્ડ પ્રદાન કરવામાં આવ્યા છે.

છેલ્લા ૩૯ વર્ષોથી ભાવનગર કચ્છ સમાજ અને ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝમાં તથા અન્ય સંસ્થાઓ તથા રાજ્ય સરકારની કમિટીઓમાં સેવાઓ પ્રદાન કરતાં શ્રી મહેન્દ્રભાઈ એસ. શાહને અગાઉ ઘણા ઍવોર્ડ પ્રાપ્ત થયા છે. જે પૈકી વર્ષ ૨૦૨૨માં "કચ્છ શક્તિ"નો સમાજ રત્ન ઍવોર્ડ પણ તેમને મળેલ છે. છેલ્લા ૪૫ વર્ષથી સામાજિક અને ઔદ્યોગિક ક્ષેત્રે વિવિધ હોદ્દા તથા કમિટીઓમાં રહી, ખાસ કરીને વીજ ક્ષેત્રની પોલિસી, નિયમો અને મજુર કાયદાઓમાં તેમણે પોતાની રજૂઆતથી ઘણી સફળતાઓ મેળવેલ છે. આ ઉપરાંત સામાજિક ક્ષેત્રે પણ સરાહનીય કામગીરી કરેલ છે.

શ્રી મહેન્દ્રભાઈને આ ઍવોર્ડ પ્રાપ્ત થતાં ભાવનગર કચ્છ સમાજના પરિવારજનો ખૂબ જ આનંદ અને હર્ષથી કચ્છી તરીકેનું ગૌરવ અનુભવીએ છીએ.

## પ્રતિભા અને અવસર વચ્ચે સેતુ રચવા જૈન ટેલેન્ટ બ્રિજે નિઃશુલ્ક એપ્લિકેશન શરૂ કરી સમાજના યુવાનોને જૈન સંસ્થામાં જ નોકરી મળે તે માટે એપ લોન્ચ કરાઈ ૬ મહિનામાં જ ૫૦૦એ નોકરી મેળવી

સમાજના ઉત્થાન અને વિકાસ માટે જૈન સમાજના વિવિધ જૂથ અનેકવિધ કાર્યો કરે છે. યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી શકે, બહારગામના યુવાનો અમદાવાદમાં રહીને ભણી શકે, લગ્નોત્સવ જેવાં અનેક કાર્યો સમાજમાં થતા હોય છે ત્યારે યુવાનોને નોકરી મળી રહે અને નોકરી દાતાઓને યોગ્ય વ્યક્તિ મળે એ માટે જૈન ટેલેન્ટ બ્રિજ (JTB)એ મોબાઈલ એપ્લિકેશન લૉન્ચ કરી છે.

લોકાર્પણ પહેલાં પ્રાયોગિક ધોરણે શરૂ કરાયેલી એપ્લિકેશનથી ૬ મહિનામાં ૫૦૦થી વધુ યુવાનોને નોકરી મળી ગઈ છે. આ એપ્લિકેશનથી નોકરી મેળવવા કે આપવાની કોઈ ફી પણ લેવાતી નથી તેમ જણાવતાં જેટીબીના યશ શાહે કહ્યું કે પ્રારંભિક ધોરણે અમદાવાદ શહેરને લક્ષ્યમાં લીધું છે અને આગામી સમયમાં ગુજરાત અને ભારત ઉપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરે પણ જૈન સમાજ સુધી એપ્લિકેશન લોન્ચ કરાશે. હિમાંશુ શાહ, વૈભવ શાહ, સીએ જૈનિક વકીલ, જીજ્ઞેશ શાહ, આશિત શાહ, દેવલ શાહ, ઇન્દ્રેશ વોરા સહિત ઉદ્યોગ આગેવાનો, વ્યવસાયીકો અને સમાજના આગેવાનોએ એપ્લિકેશન લોન્ચ કરી હતી. ૬ મહિનામાં જ જૈન ટેલેન્ટ બ્રિજે ૧૩થી વધુ શહેરોમાંથી ૫૦૦થી વધુ પ્રતિભાઓને જોડી છે.

જેટીબીની એપ્લિકેશન ગુજરાતી, હિંદી અને અંગ્રેજી એમ ૩ ભાષામાં કાર્યરત છે. સાથે જ એપમાં નોકરીવાંચ્છુ, કંપની, ફ્રીલાન્સર અને ફાઇન્ડ ફ્રીલાન્સર્સ – એમ ૪ ભાગ પાડવામાં આવ્યા છે. તેમાં લોગ-ઇન કર્યા પછી બાયોડેટા સહિતની વિગત ભરવાની હોય છે.

આ એપ ૭૦૦૦થી વધુએ ડાઉનલોડ કરી છે. તેમાંથી ૪૫૦થી વધુ નોકરીદાતા, ૬૦૦થી વધુ નોકરીવાંચ્છુ અને ૩૫૦થી વધુ ફ્રીલાન્ચરે એપ્લિકેશનમાં સંપૂર્ણ બાયોડેટા અપલોડ કર્યો છે. એપ્લિકેશન લોન્ચ થઇ એ પહેલાં વોટ્સએપ ગ્રુપ થકી બાયોડેટા અને ઇન્કવાયરી આવી હતી. એવા લગભગ ૬૦,૦૦૦ લોકોને અત્યારે એપ્લિકેશનમાં શિફ્ટ કરવાની કામગીરી ચાલી રહી છે.

*પ્રેષક : અમરેશ કે. સંઘવી*
*મો. ૯૪૦૯૫ ૧૨૬૬૨*

## નિ:સ્વાર્થભાવે કરેલી સેવા ક્યારેય નિષ્ફળ જતી નથી – જૈન મુનિ નયશેખર મહારાજ

## પ્રેમરત્ન માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શિયાળાની ઠંડીમાં જરૂરિયાતમંદ પરિવારોને ધાબળા વિતરણ કરાયા

પ્રેમરત્ન માનવસેવા ચેરી. ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૧૧ વર્ષોથી શિયાળાની કડકડતી ઠંડીમાં જરૂરિયાતમંદોને ધાબળા વિતરણ કરવામાં આવે છે. માનવતાના મસીહા પ.પૂ.આ. શ્રીમદ્ વિજય રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાની ૫૦મી (ગોલ્ડન જ્યુબિલી) દીક્ષા તિથિના ઉપલક્ષમાં એક હજાર શ્રમજીવીઓને ધાબળા વિતરણ કરવામાં આવેલ. પૂજ્ય ગુરૂદેવશ્રીની પ્રેરણા અને આશીર્વાદથી પૂજ્ય નયશેખર મહારાજ સાહેબના માર્ગદર્શન હેઠળ આ સેવાકાર્ય કરવામાં આવે છે. આ વર્ષે પણ બનાસકાંઠા, કચ્છ, અમદાવાદ, શંખેશ્વર અને વિવિધ ગામોમાં ધાબળા વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે મુનિરાજશ્રી નયશેખર મ.સાહેબે પ્રવચન આપતા જણાવેલ કે, નિ:સ્વાર્થભાવે કરેલી સેવા ક્યારેય નિષ્ફળ જતી નથી. માનવતા અને સેવાનું ઉત્તમ કાર્ય શિયાળાની કડકડતી ઠંડીમાં ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો માટે જીવન વધુ કઠિન બની જાય છે. પૂરતા કપડાં અને ગરમ આવરણ ન હોવાને કારણે અનેક લોકો ઠંડીમાં દુ:ખ સહન કરવા મજબૂર બને છે. આવા સમયમાં જરૂરિયાતમંદ પરિવારોને ધાબળા વિતરણ કરવા એ માનવતા, કરૂણા અને સેવા ભાવનાનો ઉત્તમ દાખલો છે. ધાબળા વિતરણ કાર્યક્રમ દ્વારા ગરીબ, વૃદ્ધ, બાળકો અને રસ્તા પર રહેતા લોકો સુધી ગરમી અને સુરક્ષાનો સંદેશ પહોંચે છે. એક સામાન્ય ધાબળો પણ તેમના માટે આશિર્વાદ સમાન બની જાય છે. ઠંડીથી બચાવ થવાથી તેમનું આરોગ્ય સુરક્ષિત રહે છે અને જીવન જીવવાની હિંમત વધે છે. આ ધાબળા વિતરણ માત્ર દાન નહીં પરંતુ સામાજિક જવાબદારીનું પ્રતીક છે. નિષ્કર્ષરૂપે કહીએ તો, જરૂરિયાતમંદ પરિવારોને ધાબળા વિતરણ કરવા એ નાની લાગતી પરંતુ મહાન સેવા છે. આવા માનવતાભર્યા કાર્યો સમાજમાં પ્રેમ, સહાનુભૂતિ અને એકતાની ભાવનાને મજબૂત બનાવે છે. આપણે સૌએ શક્ય તેટલો સહયોગ આપી, માનવસેવા દ્વારા સમાજને વધુ સારો બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ સેવાકીય કાર્યમાં પ્રેમરત્ન માનવસેવા ચેરી. ટ્રસ્ટ તથા પ્રેમરત્ન પરિવારના સેવાભાવી કાર્યકર્તાઓ હરહંમેશ કોઈ પણ સેવાકીય કાર્યમાં પોતાનો કિંમતી સમય આપી સેવાકીય કાર્ય માટે તૈયાર હોય છે અને વિવિધ જગ્યાએ પોતે જઈને શ્રમજીવીઓને ધાબળા વિતરણ કરે છે.

## ભારતીય જૈન સંગઠન લેડીઝ વિંગ - ભુજ

ભારતીય જૈન સંગઠન લેડીઝ વિંગ - ભુજ દ્વારા માનવસેવાનો એક સરાહનીય પ્રોજેક્ટ યોજાયો. જેમાં શહેરની વિવિધ ઝુંપડપટ્ટીના અંદાજે ૧૫૦ જેટલા બાળકોને શિયાળાની ઠંડીમાં હૂંફ મળે તે હેતુસર મોજા તથા ચીકીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત ૧૫૦ જોડી મોજા મીનાબેન ભરત મહેતા દ્વારા દાનમાં આપવામાં આવ્યા હતા. જ્યારે ૭૫ પેકેટ ચીકી પારેખ શાંતિલાલ ઓતમચંદના સ્મરણાર્થે ગીતા મુકેશ પારેખ દ્વારા અર્પણ કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન પ્રમુખશ્રી ગીતા પારેખ તથા મહામંત્રી મનીષા મહેતાએ જીવદયાનું મહત્ત્વ સમજાવતા જણાવ્યું હતું કે, જીવદયા એ જ સાચો ધર્મ છે અને નાની માનવસેવા પણ મહાન પુણ્ય બની જાય છે.

આ પ્રસંગે નગરપાલિકા કાઉન્સિલર રસીલા પંડ્યાનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે ઉપપ્રમુખ નિશા ખંડોળ, દીપા શાહ, મંત્રી મનીષા મોરબીયા, સોનાલી મહેતા, વૈશાલી શાહ સહિતના સભ્યોની નોંધપાત્ર ઉપસ્થિતિ રહી હતી.

## ભારતીય જૈન સંગઠન લેડીઝ વિંગ - ભુજ દ્વારા 'સેલ્ફ મેકઅપ વિથ મહેકી' પ્રોજેક્ટનું સફળ આયોજન

ભારતીય જૈન સંગઠન લેડીઝ વિંગ – ભુજ દ્વારા આજરોજ સેલ્ફ મેકઅપ વિથ મહેકી પ્રોજેક્ટનું આયોજન પ્રમુખ શ્રીમતી ગીતા પારેખના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમસ્ત જૈન સમાજની બહેનો દ્વારા ઉત્સાહભેર અને નોંધપાત્ર સંખ્યામાં ભાગ લેવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં પ્રસિદ્ધ મેકઅપ આર્ટિસ્ટ મહેકી શેઠ દ્વારા મેકઅપની થિયરી સાથે વ્યવહારૂ રીતે સુંદર અને ઉપયોગી તાલીમ આપવામાં આવી હતી, જે બહેનો માટે અત્યંત માર્ગદર્શક અને લાભદાયી સાબિત થઈ.

આ પ્રસંગે પ્રમુખ શ્રીમતી ગીતા પારેખે જણાવ્યું હતું કે ભારતીય જૈન સંગઠન લેડીઝ વિંગ - ભુજ દ્વારા મહિલાઓ માટે નિયમિત રીતે કંઈક નવું શીખી શકાય તેવા વિવિધ પ્રોજેક્ટો, દર મહિને જીવદયા સંબંધિત પ્રવૃત્તિઓ તેમજ આનંદપ્રદ કાર્યક્રમો યોજવામાં આવે છે. આજના સમયમાં કોઈપણ સામાજિક પ્રસંગે પાર્લરમાં તૈયાર થવા માટે રૂા. ૨૫૦૦ થી ૩૦૦૦ જેટલો ખર્ચ થતો હોય છે, ત્યારે આવા સેલ્ફ મેકઅપ ડેમો દ્વારા બહેનો ઘરે જાતે તૈયાર થઈ શકે, ખર્ચ બચાવી શકે અને આત્મસંતોષ મેળવી શકે એ જ આ કાર્યક્રમનો મુખ્ય હેતુ હોવાનું તેમણે ઉમેર્યું.

ઉલ્લેખનીય છે કે, ભારતીય જૈન સંગઠન લેડીઝ વિંગ - ભુજની સ્થાપનાને માત્ર નવ મહિના થયા હોવા છતાં, અત્યાર સુધીમાં અઠ્યાવીસથી વધુ વિવિધ કાર્યક્રમો અને પ્રોજેક્ટો સફળતાપૂર્વક યોજાઈ ચૂક્યા છે. જે સંગઠનની સક્રિયતા અને બહેનોની એકતાનું ઉત્તમ ઉદાહરણ છે.

કાર્યક્રમનું સુચારૂ અને સુંદર સંચાલન મહામંત્રી શ્રીમતી મનીષા મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. મહેકી શેઠ તરફથી પણ બધા જ જોઈન્ટ થનારને ડિસ્કાઉન્ટ કુપન અને ૫ વિજેતાને પ્રાઈઝ આપવામા આવેલ. પ્રોજેક્ટ ચેરમેન તરીકે શ્રીમતી વૈશાલી પરેશ શાહ તથા શ્રીમતી વૈશાલી જિનદત્ત શાહે જવાબદારી સંભાળી હતી.

કાર્યક્રમની વ્યવસ્થામાં શ્રીમતી મિરલ શાહ, દીપા શાહ, નિશા ખંડોર, સરલા દોશી સહિત અનેક બહેનોએ હાજરી આપી મહત્ત્વપૂર્ણ સહયોગ આપ્યો હતો. કાર્યક્રમના અંતે અલ્પાહાર સાથે સહુ બહેનોએ કંઈક નવું શીખવાના આનંદ સાથે કાર્યક્રમનો હર્ષોલ્લાસપૂર્વક આનંદ માણ્યો હતો.

## ભારતીય જૈન સંગઠન - ભુજ ચેપ્ટર દ્વારા સમસ્ત જૈન સમાજ માટે બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૫

બી.જે.એસ. ભુજ ચેપ્ટરના પ્રમુખ શ્રી ધીરેનભાઈ શાહના નેજા હેઠળ તથા મહામંત્રી શ્રી મનીષભાઈ નાગડાના માર્ગદર્શનમાં શરદબાગ પેલેસ ગ્રાઉન્ડમાં સમસ્ત જૈન સમાજ માટે બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું. આ ટુર્નામેન્ટના મુખ્ય દાતા બરસાના હોમ્સના શ્રી જીગરભાઈ તારાચંદભાઈ છેડા હતા.

આ ટુર્નામેન્ટમાં બાળકો, મહિલાઓ તથા પુરૂષ – એમ ત્રણ કેટેગરીઓ રાખવામાં આવી હતી. જેમાં બાળકોની ૬, મહિલાઓની ૭ તથા પુરૂષોની ૧૬ મળી કુલ ૨૯ ટીમોએ ભાગ લીધો હતો.

તા. ૧૮થી ૨૧ ડિસેમ્બર દરમિયાન ચાર દિવસની બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સૌએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ ટુર્નામેન્ટનો મુખ્ય હેતુ જૈન સમાજમાં એકતા સાથે રમતગમત અને ખેલદિલીની ભાવના અંકુરિત થાય તેવા પ્રયાસો સાથે કરવામાં આવ્યું હતું.

સમાપન સમારોહમાં આમંત્રિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિજેતાઓને ટ્રોફી તથા ઇનામો આપી સન્માનિત કરવામાં આવ્યા. ઉપસ્થિત મહાનુભાવોમાં કે.વી.ઓ. જૈન મહાજન તથા સર્વ સેવા સંઘના પ્રમુખ શ્રી જીગરભાઈ તારાચંદભાઈ છેડા, બી.જે.એસ. કચ્છ પ્રમુખશ્રી હિતેશભાઈ ખંડોર, મહામંત્રી નીરવભાઈ શાહ તેમજ જૈન સાત સંઘના પ્રમુખશ્રી સ્મિતભાઈ ઝવેરી, બી.જે.એસ. વિવિધ ચેપ્ટરના પદાધિકારીઓ તથા ભુજ જૈન સંઘોના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રોમાંચક ફાઈનલ મેચોના અંતે વિવિધ કેટેગરીની પ્રથમ આવનાર ટીમોને વિજેતા તરીકે જાહેર કરાઈ હતી.

આ સમગ્ર આયોજનના મુખ્ય દારા 'બરસાના હોમ્સ'ના શ્રી જીગરભાઈ તારાચંદભાઈ છેડા રહ્યા હતા. આ ઉપરાંત સહયોગી દાતાઓ તરીકે કેપિટલ કેન્વાસ, હિતેશભાઈ ખંડોર, નીરવભાઈ શાહ, દીપક ચા, મિત્સુ કલેક્શન, સુરભી યુનિફોર્મ્સ, ભારત સ્ટેશનર્સ, મધુ ઓપ્ટીક્સ, સાગર વોચ અને પરમેશ્વરી મોબાઈલનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા માટે બી.જે.એસ. ભુજ ચેપ્ટરના પ્રમુખ શ્રી ધીરેનભાઈ શાહ અને મંત્રી શ્રી મનીષભાઈ નાગડાના માર્ગદર્શન હેઠળ પ્રોજેક્ટ ચેરમેન શ્રી નંદિત મહેતા, વિરાજ ગાંધી, ભવ્ય દોશી, જેકીલ મહેતા અને જેનીલ દોશીએ જહેમત ઉઠાવી હતી. ઈનામ વિતરણ કાર્યક્રમનું સંચાલન ઉપપ્રમુખ અમર મહેતાએ કર્યું હતું.

સમગ્ર ટુર્નામેન્ટનું ગ્રાઉન્ડ મેનેજમેન્ટ બી.જે.એસ. ભુજ સ્પોર્ટસ કમિટીના સભ્યો રાજુભાઈ શાહ, સ્નેહલ ઝવેરી, પ્રેમ ઝવેરી, મેહુલ દેસાઈ, ભાવિન દેઢિયા, આદર્શ સંઘવી, નીલ શાહ, અમર મહેતા, પારસ દલાલ, હિતેશ પારેખ અને સમીર દોશી દ્વારા ખૂબ જ સુદ્રઢ રીતે કરવામાં આવ્યું હતું.

## કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા - ભુજ

ભુજ કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા દ્વારા નરસિંહ ભગવાન મંદિર ખાતે પ્રમુખ દિલીપ આચાર્ય 'દિલકશ'ના અધ્યક્ષ સ્થાને બેઠક યોજવામાં આવેલ હતી. જેમાં ઉત્તરાયણ પર્વ વિવિધ ઉજવણી સાથે ગ્રુપ સભ્યોની રચના રજૂ કરવામાં આવી હતી. આ પ્રસંગે જ્યોતિબેન ગોહિલ સ્પોર્ટસમાં રાજ્ય કક્ષાએ પ્રથમ વિજેતા થતા પરિચય અને આવકાર પ્રવચન આ સિધ્ધિનો દિલીપ આચાર્યએ કરાવીને ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી.

જેમાં રાજેશ સોની - મકર સંક્રાંત, વિનોદ સલાટે સભ્ય ઉષા દાવડા (ઉત્તરાયણ)ની કૃતિ રજૂ કરેલ. મગનભાઈ ઠક્કર સ્વરચિત, ચંદુલાલ ગોર એ અન્ય કવિની રચના રજૂ કરી હતી. ખુશ્બુ સરવૈયાએ પારૂલ ખખ્ખરને ભારતી ભંડેરીની કૃતિનું દિલીપ આચાર્યએ પઠન કર્યું હતું. જેમાં સર્વે સભ્યો કનૈયાલાલ અબોટી, વિનોદ ગોર વગેરે કાર્યક્રમ સફળ કરવા માટે સહયોગી થયા હતા. સંચાલન ખુશ્બુ સરવૈયા અને આભારવિધિ ચંદુલાલ ગોરે કરી હતી.

★

ભુજ ખાતે કચ્છી સાહિત્ય મિલનનો વિશેષ કાર્યક્રમ કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા દ્વારા સાહિત્યકાર કચ્છી કવિ રવિભાઈ પેથાણી (તિમિર)ના અધ્યક્ષ સ્થાને અને મુંબઈના કવિ દીપક નંદા, હરેશ દરજી (કસબી), જયેશ ભાનુશાલી (જેયુ) તથા છાયા શાહ (સંખ્ય)ના અતિથિ વિશેષપદે યોજવામાં આવેલ હતું. જેનું આવકાર પ્રવચન દિલીપ આચાર્ય (દિલકશ - સંસ્થા પ્રમુખ)એ કરતા સંસ્થાના (કાવ્ય સંગ્રહ) કાવ્ય કિરણથી સન્માન રવિભાઈ પેથાણી (તિમિર)નું મોહનલાલ જોશી, જયેશ ભાનુશાલીનું મદન ભટ્ટ, દીપક નંદાનું કનૈયાલાલ અબોટી, હરેશ દરજીનું છાયા શાહ, જગદીશ મંગેનું દિલીપ આચાર્યએ અભિવાદન કરેલ હતું.

ચંદ્રકાંત ધલ, ચંદુલાલ ગોર, રાજેશ સોની, મોહનલાલ જોશી, મદન ભટ્ટ, કનૈયાલાલ અબોટી, ધર્મેન્દ્રસિંહ ઝાલા, જયદેવ ગઢવી, સમય શાહ વગેરે હાજર રહેલ હતા ને આયોજન વ્યવસ્થા સંભાળી હતી.

આ પ્રસંગે પુસ્તક સુખડી, મન ચમન, તોરણ વગેરે સંસ્થાને ભેટ આપવામાં આવેલ હતા. અંતમાં સદ. શંભુભાઈ જોશી અને સભ્ય ચંદુભાઈના માતાજીનું અવસાન થતાં શ્રદ્ધાંજલી આપવામાં આવેલ હતી. આભાર દર્શન ચંદુલાલ ગોરે કરેલ હતું. ■

## મહેફિલ

'દેવ'
થઈ ગયેલી 'મા'ની તસવીરને
જ્યારે હાથ જોડું છું ત્યારે
હૈયું ભરાઈ જાય છે
અહેસાસ એવો થાય છે કે
એક નહીં
મમતાભર્યા હજારો હાથ મારા મસ્તક પર
મૂકાય છે.

★

ખુલ્લી આંખોને
મુલાકાતની ખુશી સપનાની સાથે
સમેટાઈ ગઈ.
નજર કરી તો એકલતા સિવાય
બીજું કંઈ ન મળ્યું!

★

બીજે
ક્યાંય હોય તો અમને
ખબર નથી
પણ અમારા શહેરમાં
કોમવાદનું
નામ-ઓ-નિશાન નથી.
અહીં
હિંદુઓના વિસ્તારમાં બકરીઓ
ઉપર
કોઈ હુમલો કરતું નથી ને
મુસ્લિમોનાં મહોલ્લામાં
બિન્દાસ થઈને ગાયો ફરે છે.

***મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ***

## તન્કા

મન વિનાને
પરાણે કરવું પડે
જીવનમાં કાર્ય
સુખ, દુ:ખ અધ્યાયનો
જિંદગી મહી.

જીવનમાં મજા
નહીં કરવું પડે
પરાણે કામ હવે
સુખ-દુ:ખ જીવનમાં
દેખાય હવે.

***દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ***
***મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮***

**સરળ પદ્ધત્તિથી ગૂર્જરનાં વિવિધ પુસ્તકો વિશે માહિતી મેળવવા તથા ઘેર બેઠાં પુસ્તકોનો ઑર્ડર મોકલવા માટે અમારી નવી વેબસાઇટ**

**www.gurjarbooks.com**

[redacted]

## ઊર્મિલા શાહ

| | |
|---|---|
| અવર ચાઈલ્ડ, અવર ચૅલેન્જ | 180 |
| સંતાન સ્કૂલમાં અને ઘરમાં (પુરસ્કૃત) | 160 |
| બાળકને ઉછેરતાં શીખીએ | 150 |
| સંતાનને પણ કંઈક કહેવા દો | 150 |
| છોકરાં ભણાવવાં સહેલાં નથી | 160 |
| સંતાનનું ઘડતર – એક સાધના | 110 |
| બાળકને સમજીએ (પુરસ્કૃત) | 150 |
| મા-બાપ સાથે ગોષ્ઠી | 125 |
| મા-બાપ બનતાં શીખીએ (પુરસ્કૃત) | 240 |
| સંતાનોની સમસ્યાઓ | 160 |
| બાળપુષ્પોને મહેકવા દો (પુરસ્કૃત) | 170 |
| વડીલો સાથે વાતચીત | 150 |
| સંતાનનો સર્વાંગી વિકાસ | 160 |

## રોહિત શાહ

| | |
|---|---|
| હેન્ડલ વિથ કેર | 170 |
| કિડ્સ-કેર | 100 |
| Kids-અપગ્રેડ | 50 |

## લતા હિરાણી

| | |
|---|---|
| વહાલનું વાવેતર | 250 |

## હસમુખ પટેલ

| | |
|---|---|
| બાળઘડતરના અનુભવો | 100 |

## બેલા ઠાકર

| | |
|---|---|
| સંતાન ઘડતરના પડકારો | 110 |

## ગિજુભાઈ બધેકા

| | |
|---|---|
| મા-બાપોને | 150 |

## જગદીશ શુક્લ

| | |
|---|---|
| સંતાન સિંધુ | 150 |













[redacted]

## સ્વામી સચ્ચિદાનંદ

| | |
|---|---|
| આપણી બોધકથાઓ | 300 |
| મહાભારતની જીવનકથાઓ | 280 |
| ઉપનિષદ્રી કથાઓ અને ચિંતન | 230 |
| કચ્છીકથાઓ | 200 |
| સૌરાષ્ટ્રનું શૂરાતન | 250 |
| ક્રાન્તિકથાઓ | 160 |
| શહીદોની ક્રાંતિગાથાઓ | 260 |
| વિદેશયાત્રાના પ્રેરક પ્રસંગો (પુરસ્કૃત) | 170 |
| પૌરાણિક કથાઓ | 250 |
| કચ્છી કથાઓ | 200 |

## ગોવિંદ શાહ

| | |
|---|---|
| 20 પ્રેરણાત્મક પ્રસંગો | 60 |
| 55 પ્રેરણાત્મક વાર્તાઓ | 190 |

## કુમારપાળ દેસાઈ

| | |
|---|---|
| શ્રદ્ધાનાં સુમન | 120 |
| પ્રસન્નતાનાં પુષ્પો | 120 |
| ક્ષણનો ઉત્સવ | 150 |
| જીવી જાણનારા | 150 |
| માટીએ ઘડયાં માનવી | 150 |
| ફૂલની આંખે ઝાકળમોતી | 80 |
| મંત્ર માનવતાનો | 200 |
| મંત્ર મહાનતાનો | 200 |
| શીલની સંપદા | 150 |
| જીવનનું જવાહિર | 150 |
| મનની મીરાત | 150 |
| કેસરની ક્યારી | 120 |
| કેસર અને કસ્તૂરી | 120 |
| કેસર અને કુમકુમ | 120 |
| જિંદગી ચાહુ છું તને | 200 |
| ક્ષણનો વૈભવ | 180 |
| હારું તે હું નહીં | 260 |
| પરમનો સ્પર્શ | 250 |

## મહેશ દવે

| | |
|---|---|
| પાંદડે પાંદડે જ્યોતિ | 60 |
| પાંદડે પાંદડે દીવા | 60 |
| પાંદડે પાંદડે પર્ણકુટિ | 60 |
| પાંદડે પાંદડે સંગીત | 60 |
| પાંદડે પાંદડે રેખા | 60 |
| પાંદડે પાંદડ કિરણ | 60 |
| પાંદડે પાંદડે મોતી | 70 |
| પાંદડે પાંદડે લીલા | 60 |
| પાંદડે પાંદડે ટહુકો | 60 |
| પાંદડે પાંદડે પ્રીત | 60 |

## રોહિત શાહ

| | |
|---|---|
| **જીવનપંથ ઉજાળ (પુ. 5)** | 250 |
| પ્રસંગ અને પ્રેરણા | 50 |
| પ્રસંગની પરબ | 50 |
| પ્રસંગસૌરભ | 50 |
| પ્રસંગપીયૂષ | 50 |
| પુનિતપંથનાં પ્રવાસી | 50 |

## આચાર્ય વિષ્ણુદેવ પંડિત

| | |
|---|---|
| ઋગ્વેદની નીતિકથાઓ | 225 |
| અથર્વવેદની સમાજકથાઓ | 300 |
| યજુર્વેદ-સામવેદ કથાઓ અને સૂક્તો | 200 |

## ઝવેરચંદ મેઘાણી

| | |
|---|---|
| માણસાઈના દીવા (રવિશંકર મહારાજના પ્રસંગો) | 300 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

આ પુસ્તકોનાં પ્રાપ્તિ-સ્થાનો

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન : 07922144663, 09227055777 e-mail: goorjar@yahoo.com
Website : www.gurjarbooks.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com,
website : gspbooksmall.com

# અનેકાંતવાદ : જૈનો દ્વારા ઉપેક્ષિત થીયરી : ભાગ-૧

## ANEKANTVAD: THE MOST NEGLECTED & MISUNDERSTOOD CONCEPT

ડૉ. નવીન પારેખ

ઇન્ટરનેશનલ સ્કૂલ ઓફ જૈન સ્ટડીઝ - પુના અને જૈન એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યુશન્સ - દિલ્હી દ્વારા પ્રકાશિત થયેલ બુક "Applications of ANEKANTVADA (Jain Pluralism)" કે જેમાં મારા દ્વારા મોકલેલ એક પેપર "SECTORIAL DIFFERENCES AND ITS RESOLUTION" (સાંપ્રદાયિક મતભેદો અને તેનું સમાધાન) પ્રકાશિત થયેલ જે મૂળ અંગ્રેજીમાં છે તેનો ગુજરાતી અનુવાદ કરીને આ લેખ તૈયાર કરેલ છે. આ લેખમાં જૈન ધર્મના વિવિધ સ્તરે ઉભા થયેલ મતભેદો, તેના કારણો અને સંભવિત નિરાકરણ માટેના વિચારો આપેલ છે.

### ૧. પૂર્વભૂમિકા અને પરિચય

પરમાત્મા શ્રી મહાવીર સ્વામીએ પ્રરૂપેલ જૈન ધર્મના ત્રણ પાયાના સિદ્ધાંતો : (૧) અહિંસા, (૨) અપરિગ્રહ અને (૩) અનેકાંતવાદ – પૈકી અલગ-અલગ સંપ્રદાય સ્તરે અનેકાંતવાદનું સ્થાન અને તેનો પ્રાયોગિક અમલ લગભગ દુર્લક્ષનો શિકાર બન્યાં. પરમાત્મા શ્રી મહાવીર સ્વામીએ તેમના સમયમાં પ્રવર્તતા જુદા-જુદા ૩૬૩ મત અને માન્યતાઓનું અનેકાંતવાદના સિદ્ધાંત દ્વારા નિરસન કર્યું અને મુખ્ય પ્રવાહમાં સામેલ કર્યા. જ્યારે વર્તમાનમાં અનેક ગચ્છ, અનેક સંપ્રદાય, એક જ સંપ્રદાયમાં અનેક માન્યતાઓ, એક તિથી - બે તિથી, ત્રણ થોય - ચાર થોય વગેરે – આવાં અનેક મતભેદોથી ગ્રસ્ત આપણે શ્રી મહાવીર સ્વામીની ભાવનાઓનો અને તેમણે કરેલ કાર્યનો છેદ ઉડાડી દીધો. આપણે ફરી પાછા અનેક મત અને માન્યતાઓના વમળમાં ફસાઇ ગયા. મતભેદોને એ લેવલે લાવી દીધા કે, આપણા ઉપાશ્રયો કે સ્થાનકો આપણા જ અન્ય મતના સંન્યાસીઓ માટે બિન-પ્રવેશપાત્ર બન્યા. તેમને વંદન કરવાની ક્રિયાને પણ આપણે છુત-અછુતના દાયરામાં લાવી દીધી. આઘાતજનક તો એ છે કે સંન્યાસીઓને ગોચરી વહોરાવવા અંગે પણ આપણે તેમનું "કુળ" જોવા લાગ્યા. ઘણી જગ્યાએ અન્ય મત કે માન્યતાવાળા સંતોના પ્રવચનનો પણ બહિષ્કાર કરવાની સૂચનાઓ કે આદેશ આપવામાં આવે છે એ પારસ્પરિક નફરતની નિશાની છે. કોઇપણ સંન્યાસી તેમના વિહાર દરમિયાન કે શેષકાળમાં અન્ય મતના ઉપાશ્રય કે સ્થાનકમાં ઉતરવા માગે તો અનેક મર્યાદાઓ સાથે સહમતિ અપાય છે અથવા તો ના પાડવામાં આવે છે. કોઇ સંન્યાસી કોઇપણ ધર્મસ્થાનનો દસ્તાવેજ કરવા કે માલિકી હક્ક સ્થાપિત કરવા આવતા નથી. ઉપાશ્રય કે સ્થાનક સંઘની મિલ્કત છે જેનો ઉપયોગ માત્ર અણગાર માટે છે. કોઇપણ સંપ્રદાયના સંતો તેનો ઉપયોગ કરી શકે તેવી વિશાળ ભાવના હોવી જોઇએ.

કોઇપણ માન્યતાના સંન્યાસી ભગવંતો શ્રી મહાવીર સ્વામીએ નિર્દિષ્ટ કરેલ પાંચ મહાવ્રતોનું પાલન કરે જ છે. આ તેમની મુળભૂત પ્રતિજ્ઞા છે, આવશ્યક છે. એ દૃષ્ટિએ દરેક સંપ્રદાયનો સૈદ્ધાંતિક અને વૈચારિક ઢાંચો સમાન છે. પરંતુ, વાસ્તવિક્તા તો એ છે કે, શ્વેતાંબરો, દિગંબરો કે સ્થાનકવાસી માન્યતાવાળા એક બીજાના તીર્થ સ્થાનો, ધર્મસ્થાનો કે ઉપાશ્રયોમાં જતા નથી. એમના ધાર્મિક કાર્યક્રમોમાં ભાગ લેતા નથી. દરેકના પર્વ જુદા, ઉત્સવ જુદા, તીર્થ સ્થાનો પણ જુદા. એક જ ભગવાનના સ્વરૂપ જુદા, પૂજા વિધિ જુદી. દુઃખની વાત એ છે કે, જેણે અહિંસાનો ઉપદેશ આપ્યો તેની પૂજા વિધિ માટે લોહી રેડાય, કોર્ટ-કચેરી અને સરકારી દખલનો આશરો લેવાય એ સામાન્ય બાબત બની છે. વિધિવિધાન (Ritualistic) અલગ રીતે હોઇ શકે પરંતુ પાયાની બાબતો એકસમાન છે તો આટલા ભેદભાવ શા માટે છે?


પરમાત્મા શ્રી મહાવીર સ્વામીએ અહિંસાના આચરણ માટે શ્રાવકો માટે અણુવ્રતોની યોજના અમલમાં મૂકી જેથી દરેક જીવને જીવવાનો અધિકાર મળે અને સુરક્ષિત રહે. અપરિગ્રહ વ્રત દ્વારા સંયમ ધર્મનું પાલન થાય અને દરેક જીવને પ્રાકૃતિક સંસાધનોનો અધિકાર મળે. આ બંને વ્રતોનું શ્રાવકો માટે મર્યાદિત પાલન નિશ્ચિત કરીને સંયમિત અને અહિંસક જીવન જીવવાનો માર્ગ બતાવ્યો. વૈચારિક અને માનસિક સ્તરે શુદ્ધિ માટે પરમાત્માએ અનેકાંતની થિયરી આપી જે સમગ્ર વિશ્વમાં અદ્વિતીય છે અને જૈન ધર્મ દ્વારા મહાન ભેટ છે. પરંતુ કરૂણતા એ છે કે, ખુદ જૈનો અને જૈનાચાર્યોએ આ થિયરીને પોતાના સાંપ્રદાયિક સ્વાર્થ માટે કોરાણે મૂકી દીધી છે. "હું વિચારું છું એ જ સત્ય છે" એ માન્યતાને આગળ કરીને અનેકાંતની મૂળ ભાવનાનો વિચ્છેદ કર્યો. આ માટે મહત્તમ ફાળો આપણા સંન્યાસી ભગવંતોનો છે એ ખૂબજ ભારે હૃદયે સ્વીકારવું પડે. અનુયાયીઓ તેમના સંપ્રદાયના વડા જે પ્રમાણે આદેશ કરે તે રીતે તેનું અનુપાલન કરે છે. અનુયાયીઓની વૈચારિક લગામ તેમના સંપ્રદાયના ગુરૂના હાથમાં હોય છે જે તેમના અનુયાયીઓને અનેકાંતવાદના નિષ્કર્ષ સુધી પહોંચવા દેતી નથી. પરિણામે સંસ્થાકીય, તીર્થના વહીવટ અને માલિકી, સંઘ

વગેરે સ્તરે ખૂબ જ મતભેદો અને ઝઘડાઓ સામાન્ય બાબત બની છે અને જેના વૈચારિક ટેકા તરીકે સંન્યાસીઓનો ફાળો પણ ધ્યાને લેવો પડે.

તિથી મતભેદના કારણે જુદાજુદા દિવસોએ કાઢવામાં આવતી શોભાયાત્રાઓ જૈનેત્તર સમાજમાં આપણી મજાકનું કારણ બને છે અને આપણે શાસન પ્રભાવનાનો ઓડકાર ખાઈને સંતોષ લઈએ છીએ. આપણા મતભેદોના કારણે સરકાર પણ મુંઝાઈ જાય છે કે, કયા દિવસે જૈન પર્વની રજા જાહેર કરવી? વર્તમાન સમય અને સંજોગોની જરૂરિયાત એ છે કે, વૈચારિક મતભેદોને દૂર કરી તમામ સંપ્રદાય સ્તરે એકતા ઉભી થાય. હજુ પણ મોડું નથી થયું. જે રીતે વિધર્મીઓની કટ્ટરતા વધી રહી છે તે નજર સમક્ષ રાખી આપણે આપણા તમામ ક્ષેત્રોને સુરક્ષિત કરવા અત્યંત આવશ્યક છે. આપણે જુદાજુદા લેબલ હેઠળ જે વાડા ઉભા કર્યા છે અને વિભાજીત થયા છીએ તે માત્ર આપણા અહમને પોષવા સિવાય અન્ય હેતુ નથી.


પરમાત્મા શ્રી મહાવીર સ્વામી કેવલજ્ઞાની (Omniscient) હતા જેમને ત્રણે કાળનું, સર્વ પદાર્થોનું જ્ઞાન હતું. હાલે આ કાળમાં કોઈ એવી વ્યક્તિ નથી કે જે સંપૂર્ણ જ્ઞાની (Absolute knowledge or Perfect knowledge) હોય. સર્વજ્ઞના મુખેથી નીકળેલ દરેક શબ્દો કોઈપણ ક્ષતિ વગરના (Infallible) અને અર્થસભર (Meaningful) હતા જેના ઉપર કોઈ વિવાદ થઈ શકે નહીં (Undisputable and Incontestable). આપણે અજ્ઞાનતાવશ અથવા તો સ્વાર્થવૃત્તિથી પ્રેરાઈને આપણો સંપ્રદાય સુગઠિત રાખવા અને આપણી માન્યતાઓની પુષ્ટિ માટે પરમાત્મા શ્રી મહાવીર સ્વામીએ પ્રરૂપેલ ધર્મનું આપણી મર્યાદિત મતિ મુજબ તેનું સગવડતાભર્યું અર્થઘટન (Convenient meaning suitable to us) કરીએ છીએ. માત્ર ત્યાંથી ન અટકતાં અન્ય મતોનું ખંડન કરીને પોતાની માન્યતાઓથી અનુયાયીઓ ઉપર પ્રભાવ પણ પાડ્યો. આપણે સર્વ સાપેક્ષજ્ઞાન (Relative knowledge) ધરાવીએ છીએ. સંપૂર્ણ સત્ય માત્ર કેવલી જ જાણી શકે, આપણે તેનો દાવો કરી શકીએ નહીં. તેથી કોઈપણ માન્યતાને જડથી પકડીને આપણે આપણા અહમનું માત્ર પ્રદર્શન કરીએ છીએ.

સમુદ્રી જહાજ ટાઈટેનિકનો અકસ્માત દરેકને યાદ હશે, તેને માત્ર બરફની શિલાનો (Iceberg) ૧/૧૦ ભાગ જ દેખાયો પરંતુ ૯/૧૦ ભાગ કે જે સમુદ્રના પાણીમાં હતો તેને ધ્યાને ન લીધો. પરિણામે ભયંકર અકસ્માત થયો અને ૧૬૩૫ લોકોના મરણ થયાં. માત્ર આપણે જોઈએ છીએ તે સંપૂર્ણ સત્ય નથી. સત્યના મોટા હિસ્સાથી આપણે અજ્ઞાન છીએ. માત્ર દેખાતું સત્ય ભયંકર અકસ્માત નોતરી શકે છે. સત્યનાં અનેક પાસાં હોય છે જે માત્ર કેવલી ભગવંત જ જાણી શકે. નીચે દર્શાવેલ ઉદાહરણથી આપણે સહુ પરીચિત છીએ પરંતુ તે માત્ર એક પ્રકરણ બનીને પાઠ્ય પુસ્તકમાં કેદ થઈ ગયું.




ઉપર્યુક્ત હાથીનું સપૂર્ણ જ્ઞાન માત્ર પરમાત્માને જ છે આપણે તો પૂંછડી કે સુંઢ પકડીને સત્યનો દાવો કરીએ છીએ કારણકે આપણી આંખે અજ્ઞાનતાની કાળી પટ્ટી બાંધેલી છે. તમામ મતભેદ નિવારવા આ એક જ ઉદાહરણ પૂરતું છે. ઉપરના ઉદાહરણમાં સામાન્ય અલ્પજ્ઞાની લોકો સાથે ધર્મ ઉપદેશક સંન્યાસીઓ પણ સામેલ છે એ નોંધનીય બાબત છે.

અનેકાંતનો અર્થ છે દરેક વસ્તુનો અલગ-અલગ દૃષ્ટિકોણથી વિચાર કરવો, દરેક પાસાંને પરખવાં. કારણકે દરેક વસ્તુ અનેક-ધર્મી હોય છે. જેમકે એક કેરીનું ઉદાહરણ લઈએ તો તેના રંગ, સ્વાદ, ગંધ, આકાર વગેરે અલગ-અલગ હોઈ શકે, માટે તે બહુ ધર્મી છે. માત્ર એક જ બાબતને લઈને વિવાદ કરવો એ મૂર્ખતા છે.




અહીં કેરી વિષેના બંનેના અભિપ્રાય સાચા છે, પરંતુ તે બંને અલગ-અલગ દૃષ્ટિકોણથી તેમનો અભિપ્રાય આપે છે. તેથી અહીં વિવાદનું કોઈ કારણ ન હોવું જોઈએ કારણકે, બંનેની દૃષ્ટિ અલગ છે. બંને જણાએ એકબીજાના અભિપ્રાયનું

સન્માન કરવું જોઈએ. આ જ અનેકાંતવાદ છે જ્યાં બંનેના કેરી વિષેના અભિપ્રાયો તેમના દૃષ્ટિકોણથી સાચા છે. કોઈપણ વસ્તુ નાની અથવા મોટી નથી હોતી પરંતુ અન્ય વસ્તુની અપેક્ષાએ તે નાની અથવા મોટી હોય છે. જેમકે, બિલાડી ઉંદર કરતાં મોટી છે પરંતુ કુતરાની અપેક્ષાએ નાની છે અને એ જ કુતરો ઘોડાની અપેક્ષાએ નાનો છે. એક જ પુરૂષ અલગ-અલગ સંબંધોએ પુત્ર, ભાઈ, પતિ કે પિતા હોઈ શકે છે. પાણીનો ગ્લાસ અર્ધો ભરેલો છે કે અર્ધો ખાલી છે એ વિવાદનું કારણ ન બનવું જોઈએ.

''ન બોલવામાં નવ ગુણ'' અને ''બોલે તેના બોર વેચાય'' આ બંને કહેવતો વિરોધાર્થી છે પરંતુ તેમના સંદર્ભથી સાચી છે. બંનેનો અમલ ચોક્કસ સંજોગો અને સમયે કરવો પડે. બંને વાક્યો સત્ય-સૂચક છે તેથી કોઈપણ કથન બહુધર્મી છે અને બંનેના દૃષ્ટિકોણનો સ્વીકાર કરવો એ જ અનેકાંત છે.

જ્યારે આપણે સંપૂર્ણ સત્ય જાણતા નથી તો બીજાને ખોટો સાબિત કરવાની જીદ શા માટે છે? એના પ્રત્યે આપણે હિંસક કેમ બનીએ છીએ? અનેકાંતવાદ એ અહમના મૂળ ઉપર પ્રહાર કરે છે. વાસ્તવિક જીવનમાં સંસારી હોય કે સંન્યાસી, તેમનો અહમ ઘવાય તે તેઓ સ્વીકારી શકતા નથી. તેથી તેમની માન્યતાઓને યથાર્થ ઠેરવવા પ્રયત્ન કરે છે. વિવાદ અને ઝઘડાનું વાવેતર અહીં થાય છે.

જૈન ફિલસૂફીમાં અનેકાંતનો અર્થ છે - વિનમ્રતા સાથે માત્ર એક નિષ્કર્ષને ન વળગી રહેતા અન્યોના અભિપ્રાયનું પણ સન્માન કરવું. આ વૈચારિક અહિંસા છે એ દૃષ્ટિએ અનેકાંત પણ અહિંસાનું જ સ્વરૂપ છે.

પરમાત્મા શ્રી મહાવીર સ્વામીએ અનેકાંતવાદની થિયરી એપ્લાય કરીને જ શ્રી ગૌતમ સ્વામી સાથે ૧૧ ગણધરોના સંશયનું સમાધાન કર્યું ત્યારે જ જૈન ધર્મને ૧૧ ગણધર ભગવંતોની અમૂલ્ય ભેટ મળી છે. જ્યારે અગ્નિભૂત અને અન્ય બ્રાહ્મણ ગુરૂઓ તેમના શિષ્યોના સાથે, ખૂબજ ગુસ્સામાં શ્રી મહાવીર સ્વામી સમક્ષ પ્રસ્તુત થાય છે ત્યારે પરમાત્મા અત્યંત સૌમ્ય અને શાંત પ્રતિભાથી તે તમામ બ્રાહ્મણ ગુરૂઓની શંકાઓનું નિરાકરણ કરે છે. તેથી કોઈપણ સમસ્યા સમક્ષ અત્યંત સૌમ્ય, શાંત અને ધૈર્યવાન બનવું મહત્ત્વનું છે. વિરોધી માન્યતાઓવાળા લોકોની વાત પણ અત્યંત ધૈર્યપૂર્વક સાંભળવાથી સમાધાન સરળ બને છે. કોઈ વાત જ્યારે સાંભળવામાં ધીરજ ન હોય એ આપણી બિન-સમાધાનકારી વર્તણૂંક (Non-compromising approach) પ્રદર્શિત કરે છે . આ વલણ દરેક સંઘ કે સામાજિક સંસ્થા લેવલે જોવા મળે છે જ્યાં સંચાલકોના અહમ ટકરાય છે. “I am right” may be OK, but “Only I am right” is not at all OK..

જ્યારે આપણા વિચારોમાં અન્યોના વિચારો માટે કોઈ જ જગ્યા નથી એ પરિસ્થિતિ કોઈપણ સમસ્યાનું સમાધાન નહીં કરી શકે. આ બાબત સમાજ લેવલે, સંઘ લેવલે, સંસ્થાકીય વહીવટમાં કે કૌટુંબિક બાબતો માટે સનાતન સત્ય છે. આ તમામ સ્તરે અનેકાંતવાદ જ ફળદાયી નીવડશે. શ્રી સિદ્ધસેન દિવાકર (ઇ.સ. ૫મી સદી) મુજબ ''દરેક દર્શન ત્યાં સુધી મિથ્યા છે જ્યાં સુધી એકબીજાને મિથ્યા સિધ્ધ કરવાનો પ્રયત્ન કરે છે અને એકબીજાના દૃષ્ટિબિંદુ સમજવા પ્રયત્ન નથી કરતા.'' અનેકાંતવાદથી સહિષ્ણુતા અને સમજણ વધે છે, જે ધર્મ અને સમાજના તમામ ક્ષેત્રોની શાંતિ, વિકાસ અને એકતા માટે અત્યંત જરૂરી છે.

***(ક્રમશઃ)***

## પતંગ ઉડાડવાનો અમદાવાદનો ઇતિહાસ

★ **૧૪૭૫ :** અમદાવાદના સ્થાપક બાદશાહ અહમદશાહના શાસન દરમિયાન શાહ આલમ સાહેબે ઇ.સ. ૧૪૭૫ નાનપણમાં પતંગ ઉડાડતા ત્યારે એમના પિતા કુત્બે આલમ એમને વાંચવા લખવામાં ધ્યાન આપવાનું કહેતા હતા તેવો ઉલ્લેખ સૈયદ મહંમદ મકબૂલ આલમે લખેલ ‘જમઆતે શાહિયા’ નામના ગ્રંથમાં છે.

★ **૧૬૬૯ :** મુઘલકાળમાં ઔરંગઝેબના સમયમાં શાંતિવિજયના શિષ્ય માનવિજયગણિ ઇ.સ. ૧૬૬૯-૧૬૮૩માં રચેલા વૃષભદેવના સ્તવનમાં કહે છે કે ‘ગવાન તમે અમારાથી આગળ થશો તે કેમ ચાલે?’ જેમ આકાશમાં પતંગ ઘણે દૂર ઉડતો હોય પણ દોરીના જોરથી હાથમાં જ રહી શકે છે ને નીચે પણ લાવી શકાય છે.

★ **૧૭૫૦ :** ઇ.સ. ૧૭૫૦માં શામળ ભટ્ટે રચેલા ચંદ્ર ચંદ્રાવલિની વાર્તામાં પતંગ માટે ‘પડાઈ’ શબ્દ પ્રયોજ્યો છે અને લખ્યું છે કે ‘પ્રીતિ વતી છે પવનથી પદ્યની નામ પડાઈ સૂત્ર સંગ લઈ સંચરે પૂર પંડિત પરખાઈ.’

★ ભારતમાં એકમાત્ર પતંગ મ્યુઝિયમ અમદાવાદમાં આવેલું છે જેમાં દેશ વિદેશના ઉત્તમ કલાત્મક પતંગોનો સંગ્રહ છે.

★ પતંગની રમત ક્રિડાનો પ્રચાર મુસ્લિમોએ આ દેશમાં કર્યો છે. આજે પણ પતંગનો કસબ અને ધંધો નવાબી લખનૌ - અજમેરના મુસ્લિમ કારીગરોના હાથમાં છે.


★ પૂર્વ અગ્નિ એશિયા, ચીન, જાપાન, કોરિયા જેવા દેશોમાં પણ પતંગનું વિશેષ મહત્ત્વ છે.

★ પતંગની પરંપરા ઇ.સ. પૂર્વે ૨૦૦૦થી ચીનમાં થઈ અને વિશ્વ અને ભારતમાં ૧૨મી સદીમાં પ્રસરી હતી. જ્યારે ગુજરાતમાં અંદાજે ૯મી કે ૧૦મી સદીમાં શરૂઆત થઈ હોવાનું મનાય છે. ■

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૯૪

### શ્રી કેસરિયાજી તીર્થ (શ્રી આદિનાથ ભગવાન)



ઉદયપુર સીટી સ્ટેશનથી ૬૬ કિ.મી. દૂર આવેલું એવું અમદાવાદ - ઉદયપુર માર્ગ પર આકર્ષક શિલ્પકલાયુક્ત તીર્થ છે. અહીં ઋષભદેવ ગામમાં પહાડની નજીક મેવાડ રાજ્યનું આ એક ભવ્ય તીર્થ આવેલું છે. મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનની શ્યામ વર્ણની લગભગ ૧૦૫ સે.મી. ઊંચી પદ્માસનસ્થ પ્રતિમા યાત્રાળુઓને ભક્તિભાવથી તરબોળ કરે તેવી છે. પ્રભુ પ્રતિમાની આ કલા અવર્ણનીય છે અને તેનો પ્રભાવ એટલો બધો છે કે જૈન અને જૈનેતર સહુ કોઈ એના દર્શન કરીને પાવન બને છે. પ્રભુનું મુખમંડળ અત્યંત આકર્ષક અને મનોહારી છે. આખુંયે મંદિર મૂળ ગભારો, ગૂઢ મંડપ, નવ ચોકી, સભા મંડપ, ભમતિ, બાવન દેવકુલિકાઓ, શૃંગાર ચોકી, શિખર અને કોટબંધી રચનાવાળું છે. આ ભવ્ય બાવન જિનાલયનું મંદિર દૂરથી જ મનમોહક લાગે છે અને એનાં શિખરો, તોરણ, દ્વારો અને સ્તંભોની કલા અત્યંત કમનીય છે. પ્રાંગણમાં વિ.સં. ૧૬૮૮માં સ્થાપિત હાથી પર આરૂઢ શ્રી મરૂદેવી માતાની મૂર્તિ તથા જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનની પ્રતિમાની પ્રાચીનતા અને એના ઈતિહાસ વિશે ઘણી ગૌરવપૂર્ણ અને ચમત્કારભરી કથાઓ મળે છે. એમ કહેવાય છે કે આ મંદિર પ્રથમ ઈંટોનું બનેલું હતું અને પછી તે પથ્થરનું બનાવવામાં આવ્યું. ઈ.સ. ૧૪૩૧માં એનો જીર્ણોધ્ધાર થયાના પુરાવા મળે છે અને ત્યાર પછી જીર્ણોધ્ધારની માહિતી પ્રાપ્ત થાય છે. ભક્તોની ભાવના પૂર્ણ કરતાં આ દેવને સદીઓથી કેસર ચડાવવામાં આવે છે. કેસરનો એટલો બધો લેપ થઈ જાય છે કે પ્રભુનું વર્ણ કેસર જેવો પ્રતીત થાય છે. તેથી આ જ આ પ્રભુને કેસરિયાનાથ કે કેસરિયાલાલ કહેવામાં આવે છે. મેવાડ રાજ્યમાં આવેલું જૈનોનું આ એક પ્રમુખ તીર્થસ્થાન છે.

## તીર્થ દર્શન-૯૫

### શ્રી કરેડા તીર્થ (શ્રી કરેડા પાર્શ્વનાથ ભગવાન)



ચિત્તોડ - ઉદયપુર માર્ગ પર આવેલું શ્રી કરેડા તીર્થ ચિત્તોડથી ૫૬ કિ.મી. દૂર આવેલા ભોપાલસાગર ગામની મધ્યમાં આવેલું છે. મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની શ્યામ વર્ણની લગભગ ૯૦ સે.મી. ઊંચી પદ્માસનસ્થ પ્રતિમા છે. આ મંદિર અત્યંત ભવ્ય છે. શ્વેત પાષાણનું આ બાવન જિનાલય મંદિર પ્રાચીન બાંધણી ધરાવે છે. મૂળ ગભારો, ગૂઢમંડપ, ચોકીઓ, વિશાળ સભામંડપ અને શિખર સાથેની રચનાવાળું છે. તાજેતરમાં જીર્ણોધ્ધાર સમયે અહીંથી વિ.સં. ૫૫નો લેખ ધરાવતો પ્રાચીન સ્તંભ મળી આવ્યો. જ્યારે વિ.સં. ૧૦૨૯માં ભટ્ટારક આ. શ્રી યશોભદ્રસૂરીશ્વરજી દ્વારા શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાની પ્રતિષ્ઠા થયાનો ઉલ્લેખ મળે છે. ભમતિમાં કેટલીક મૂર્તિઓ પર વિ.સં. ૧૩૦૩, ૧૩૪૧ અને ૧૪૯૬ના લેખ કોતરેલા છે. એવો ઉલ્લેખ મળે છે કે માંડવગઢના મહામંત્રી શ્રી પેથડશાહે અહીં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર બનાવ્યું હતું અને એના પુત્ર ઝાંઝણશાહે સાત માળનું મંદિર બનાવ્યાનો ઉલ્લેખ મળે છે. પરંતુ આજે એ ભવ્ય મંદિરની કોઈ ભાળ મળતી નથી.

હાલના મંદિરનો પુનઃ જીર્ણોધ્ધાર થયો અને વિ.સં. ૨૦૩૩ના મહા સુદ તેરસના શુભ દિને આ. શ્રી સુશીલસૂરીશ્વરજીના સુહસ્તે પ્રભુ પ્રતિમાની પુનઃ પ્રતિષ્ઠા થઈ. જૈન ઈતિહાસમાં શત્રુંજયની યાત્રાએ સંઘ લઈ જનારા અહીં ઉપસર્ગ હરનાર શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમાના દર્શનાર્થે આવતા હતા. વર્તમાન પ્રતિમા પણ અત્યંત ચમત્કારિક અને ઉપસર્ગ દૂર કરનારી છે. દર વર્ષે પાર્શ્વપ્રભુના જન્મ કલ્યાણકના અવસરે અહીં વિશાળ મેળો ભરાય છે, જ્યારે હજારો નર-નારીઓ ઉમંગભેર પ્રભુ ભક્તિમાં ભાગ લે છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

# સરહદ પારના દેવી – 'મા શારદા'

નરેશ અંતાણી

## વાત, પાક. અધિકૃત કાશ્મીરમાં આવેલા ખંડિયર બનેલાં શક્તિપીઠની

ભારત પાકિસ્તાનના ભાગલા પડ્યા પરંતુ આજે પણ પાકિસ્તાનમાં હિંદુ સંસ્કૃતિનો અમીટ વારસો સંગ્રહાયેલો છે. હજારો હિંદુ મંદિરો આજેય પાકિસ્તામાં છે તે પૈકી કેટલાકની માવજત ત્યાં રહેલા હિંદુ પરિવારો કરી રહ્યા છે. પરંતુ આજે અહીં વાત પાકિસ્તાન કબજાગ્રસ્ત કાશ્મીરમાં આવેલાં પ્રખ્યાત શારદા મંદિરની કરવાની છે. પાકિસ્તાન કબજાગ્રસ્ત કાશ્મીરની હદમાં આવેલો ને ભારતીય નિયંત્રણ રેખાથી માત્ર ૨૫ કિલોમીટર દૂર આવેલું શારદા નામનું એક જાણીતું ગામ છે. અહીં એક શારદાપીઠ શારદામંદિર આવેલું છે. જો કે આજે આ મંદિરના માત્ર ખંડેરના જ દર્શન કરી શકાય છે, મંદિરના કેટલાક અવશેષો જ જોવા મળે છે.

અહીં નોંધવા જેવી બાબત એ છે કે, આ મંદિરની ગણના બાવન શક્તિપીઠોમાં નહીં પરંતુ ૧૮ મહાશકિતપીઠમાં કરાય છે. સનાતન ધર્મશાસ્ત્ર મુજબ ભગવાન શંકરે પોતાના અપમાન પછી સતીના નિસ્તેજ દેહ સાથે જયારે તાંડવનૃત્ય કર્યું હતું ત્યારે સતીનો જમણો હાથ શારદા ગામમાં પડ્યો હતો જ્યાં આ શારદા મંદિર આવેલું છે. આજે જો કે તેના ખંડેરના જ દર્શન કરી શકાય છે.

શૈવ સંપ્રદાયના જનક ગણાતા શંકરાચાર્ય અને વૈષ્ણવ સંપ્રદાયના પ્રવર્તક રામાનુજાચાર્ય – એ બંને અહીં આવ્યા હતા અને અહીં કરેલી સાધના પછી બંનેએ મહાન સિદ્ધિઓ મેળવી હતી. તો પંજાબી ભાષાની ગુરૂમુખિ લિપિનો ઉદ્‌ગમ પણ આ શારદાલિપિથી થયો હોવાનું મનાય છે.

આ મંદિર કિશનગંગા નદી (આજની નીલમ)ના કિનારે આવ્યું છે. આ સ્થાન એ સમયે અભ્યાસ માટે એક આદર્શ સ્થાન લેખાતું. એટલા માટે જ તેને શારદાપીઠ નામ આપવામાં આવ્યું. અહીંથી જ શારદાલિપિ જન્મી, જે એક સમયે ઉત્તર ભારતમાં અત્યંત લોકપ્રિય હતી. તેમાંથી જ પંજાબી અને શીખોની ગુરૂમુખી લિપિનો જન્મ થયો.

આજે તો આ મંદિરની પથ્થરની દિવાલો અને ખંડેર જ જોવા મળે છે. મંદિરનો ગુંબજ પણ જોવા મળતો નથી. આ મંદિરને ભારશતમાં આવેલાં માર્તંડ મંદિરની પ્રતિકૃતિ માનવામાં આવે છે.

આ સ્થાન આમ તો ઘણું પ્રાચીન માનવામાં આવે છે પરંતુ પુરાતત્ત્વિય આધાર અને પ્રમાણોની દષ્ટિએ જોઈએ તો માર્તંડ મંદિરની જેમ જ આ શારદા પીઠ ૧૩૦૦ વર્ષ અગાઉ બાંધવામાં આવી હશે. અને એવું માનવામાં આવે છે કે, આજથી અંદાજે ૫૦૦ વર્ષ અગાઉ કાશ્મીરમાં ઈસ્લામ ધર્મની સ્થાપના સમયે વિધર્મી રાજવી સિકંદર બુતશિનકના લશ્કરે તેનો નાશ કર્યો હતો.

ઓગણીસમી સદીમાં કાશ્મીરના મહારાજા ગુલાબસિંહે શારદાપીઠનો જીર્ણોદ્ધાર કરાવ્યો હોવાની નોંધ મળે છે પરંતુ એ પછી ૧૯૪૮માં પુશ્તુન લોકોએ તેને ફરી નુકસાન પહોંચાડ્યું. ત્યારથી આ મંદિર ભગ્ન અને અપૂજ અવસ્થામાં રહ્યું હતું. એ પછી ઈ.સ. ૨૦૦૧માં આ પ્રદેશમાં આવેલા ભૂકંપે તેને ફરી વ્યાપક નુકસાન પહોંચાડ્યું. પરિણામે આજે હવે માત્ર ખંડેર જ જોવા મળે છે.

આમ, કાશ્મીરમાં સરસ્વતી મંદિર હતું અને આ પ્રદેશમાં હિંદુ અને બૌદ્ધ ધર્મ લાંબો ઈતિહાસ ધરાવે છે પરંતુ આઝાદી પછીના વર્ષોમાં અને ખાસ કરીને આ પ્રદેશમાં જન્મેલા આતંકવાદ પછી ખિલાફતની યશોગાથા ગાવા અને ભારતીય સંસ્કૃતિને ધિક્કારવા માટે અહીંના યુવાધનને પ્રોત્સાહિત કરવામાં આવે છે. પરંતુ તેને ઈસ્લામના આગમન અગાઉના ઈતિહાસની સાચી માહિતીથી માહિતગાર કરવામાં આવતા નથી અને એવા પ્રયાસો કરવામાં આવે છે કે, ધીમે ધીમે બધું ભૂંસાઈ જાય.

મા શારદાની ઋચાઓમાં અહીંના રહીશોને કાયમ કાશ્મીરવાસી કહેવામાં આવ્યા છે અને લાંબા સમય સુધી કાશ્મીરનું નામ જ શારદા પ્રદેશ હતું. જ્ઞાનદેવીની ભૂમિ, શારદા પીઠ જ્ઞાનનું કેન્દ્ર હતું.

આ શારદાપીઠના નિર્માણ અંગેની મળતી વિગતો મુજબ અહીં તક્ષશિલા જેવી જ વિશાળ વિદ્યાપીઠ હતી. તેની ચારે દિશામાં મોટા મોટા દ્વાર રાખવામાં આવ્યાં હતાં. એવું નોંધાયું છે કે, આશરે ૧૨૦૦ વર્ષ પહેલાં આ વિધાપીઠનું દક્ષિણ દિશાનું દ્વાર શંકરાચાર્યના પ્રવેશ માટે ખોલવામાં આવ્યું હતું. શંકરાચાર્યે અહીં અનેક દેવી પ્રશસ્તિના કાવ્યો લખ્યાં જેમાં 'સૌંદર્ય લહેરી' અને 'શારદા ભુજંગ સ્તોત્રમ' જાણીતા છે.

શંકરાચાર્યની કાશ્મીર મુલાકાત અંગે અનેક દંતકથાઓ મળે છે પરંતુ જે અહીં અપ્રસ્તુત છે.

શંકરાચાર્યથી પહેલાં અંદાજે ૧૪૦૦ વર્ષ પહેલાં ચીની બૌદ્ધ વિદ્વાન હ્યુએન સંગે પણ શારદા મંદિર અને જ્ઞાનપીઠની મુલાકાત લીધી હતી. અરબી ઈતિહાસકાર અલિબીરુનીએ આ મંદિર અને તેમાં રહેલી પ્રતિમાની વાત લખી છે તો કલ્હણ નામના લેખકે પણ પોતાની ઐતિહાસિક રચના 'રાજતરંગિણી'માં પણ આ મંદિર અને જ્ઞાનપીઠનો સંદર્ભ આપ્યો છે. વૈષ્ણવ સંપ્રદાયના રામાનુજાચાર્યે પોતાનું વેદાંત પરનું ભાષ્ય લખતાં પહેલાં આ મંદિરની મુલાકાત લીધી હતી. જૈન વિદ્વાન હેમચંદ્રાચાર્ય વ્યાકરણની રચના કરતાં પહેલાં શારદા જ્ઞાનપીઠમાં રચાયેલાં વ્યાકરણનો અભ્યાસ કર્યો હોવાની નોંધ દેવદત્ત પટનાયકે પોતાના પુસ્તકમાં કરી છે.

અહી શારદાદેવીની પ્રતિમા કેવી હશે એ અંગે એવું માનવામાં આવે છે કે, આરંભમાં અહીં મા શારદાની કાષ્ટ પ્રતિમા હશે અને પાછળથી પથ્થરની મૂર્તિ સ્થાપિત કરાઈ હશે. અહીંની પ્રતિમા પરથી જ આદિ શંકરાચાર્યે કર્ણાટકના શ્રીનગેરીમાં દેવી શારદાની મૂર્તિની પ્રતિષ્ઠા કરી છે. શ્રીનગેરીમાં આવેલી શારદાદેવીની પ્રતિમાને ચાર ભુજાઓ છે. એકમાં તેમણે દેવી પાર્વતીનું પ્રતીક પોપટ ધારણ કર્યો છે, બીજા હાથમાં લક્ષ્મીનું પ્રતીક પાત્ર છે. ત્રીજામાં માતા સરસ્વતીનું પ્રતીક ધારણ કર્યું છે જ્યારે ચોથી ભુજા જ્ઞાનનું પ્રસરણ સૂચવી રહી હોય તેવી મુદ્રામાં છે. આથી આપણે કલ્પના કરી શકીએ કે કાશ્મીરમાં આવેલા શારદા મંદિરમાં પણ આવી જ પ્રતિમા પ્રતિષ્ઠિત કરાઈ હશે.

આમ, આપણી સંસ્કૃતિનું એક મહત્ત્વનું સ્થાનક આજે ખંડિયેર હાલતમાં પોતાના ભવ્ય ભૂતકાળની સાક્ષી આપતું ઊભું છે.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે, ભુજ-માધાપર રીંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૨૨૦. ● મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

---

# એક મંદિર હતું

એક મંદિર હતું. એમાં બધા જ માણસો પગાર ઉપર હતા. આરતીવાળો, પૂજા કરવાવાળો, ઘંટ વગાડવાવાળો માણસ પણ પગાર ઉપર હતો. ઘંટ વગાડવાવાળો માણસ આરતી વખતે ભાવમાં એટલો મશગૂલ થઈ જાય કે, એને ભાન જ રહેતું નહીં. ઘંટ વગાડવાવાળો માણસ પૂરા ભક્તિભાવથી પોતાનું કાર્ય કરતો, જેથી મંદિરમાં આવતા લોકો ભગવાનની સાથે સાથે આ ઘંટ વગાડતા માણસના ભાવના પણ દર્શન કરતા. એની પણ વાહ વાહ થતી. એક દિવસ મંદિરનું ટ્રસ્ટ બદલાયું અને નવા ટ્રસ્ટીએ એવું ફરમાન કર્યું કે આપણા મંદિરમાં કામ કરતા બધા માણસો ભણેલા હોવા જરૂરી છે. જે ભણેલા ના હોય એમને છૂટા કરી દો.

પેલા ઘંટ વગાડવાવાળા ભાઈને ટ્રસ્ટીએ કહ્યું કે, 'તમારો આજ સુધીનો પગાર લઈ લો, ને હવેથી તમે નોકરી પર આવતા નહીં.'

પેલાએ કહ્યું, 'સાહેબ, ભલે ભણતર નથી, પરંતુ મારો ભાવ જુઓ!'

ટ્રસ્ટી કહે, 'સાંભળી લો. તમે ભણેલા નથી એટલે નોકરીમાં રાખવામાં આવશે નહીં.'

બીજા દિવસથી મંદિરમાં નવા લોકોને રાખવામાં આવ્યા. પણ આરતીમાં આવતા લોકોને પહેલા જેવી મજા આવતી નહીં. ઘંટ વગાડવાવાળા ભાઈની ગેરહાજરી લોકોને વર્તાવા લાગી. થોડા લોકો ભેગા થઈ પેલા ભાઈના ઘરે ગયા. એમણે વિનંતી કરી કે તમે મંદિરમાં આવો. પેલા ભાઈએ જવાબ આપ્યો, 'હું આવીશ તો ટ્રસ્ટીને લાગશે કે આ નોકરી લેવા માટે આવે છે. માટે હું આવી શકીશ નહીં.' ત્યાં આવેલા લોકોએ ઉપાય જણાવ્યો કે મંદિરની બરાબર સામે તમને એક દુકાન ખોલી આપીએ છીએ. ત્યાં તમારે બેસવાનું અને આરતીના સમયે ઘંટ વગાડવા આવી જવાનું. બસ, પછી કોઈ નહીં કહે કે તમારે નોકરીની જરૂર છે.

હવે એ ભાઈએ મંદિરની બહાર દુકાન શરૂ કરી. જે એટલી ચાલી કે એકમાંથી સાત દુકાન ને સાતમાંથી એક ફેક્ટરી થઈ ગઈ. હવે એ માણસ મર્સીડીઝમાં બેસીને ઘંટ વગાડવા આવતો. સમય વિત્યો. આ વાત જૂની થઈ ગઈ. મંદિરનું ટ્રસ્ટ ફરીથી બદલાઈ ગયું. નવા ટ્રસ્ટને મંદિરને નવું બનાવવા માટે દાનની જરૂર હતી. મંદિરના નવા ટ્રસ્ટીઓએ વિચાર્યું કે સહુ પહેલાં આ મંદિરની સામેની ફેક્ટરીના માલિકને વાત કરીએ... ટ્રસ્ટીઓ માલિક પાસે ગયા. સાત લાખનો ખર્ચો છે એવું જણાવ્યું. ફેક્ટરી માલિકે એક પણ સવાલ કર્યા વગર ચેક લખીને ટ્રસ્ટીને આપી દીધો. ટ્રસ્ટીએ ચેક હાથમાં લીધોને કહ્યું, 'સાહેબ, સહી તો બાકી છે.' માલિક કહે, 'મને સહી કરતા નથી આવડતું. લાવો અંગુઠો મારી આપું, ચાલી જશે...'

આ સાંભળીને ટ્રસ્ટીઓ ચોંકી ગયા અને કહે, 'સાહેબ, તમે અભણ છો તો આટલા આગળ છો. જો ભણેલા હોત તો ક્યાં હોત?' પેલા શેઠે હસીને કહ્યું, 'ભાઈ, હું ભણેલો હોત ને તો બસ મંદિરમાં ઘંટ જ વગાડતો હોત.'

***<u>સારાંશ</u> : કાર્ય ગમે તેવું હોય, સંજોગો ગમે તેવા હોય, તમારી લાયકાત તમારી ભાવનાથીઓ જ નક્કી થાય છે. ભાવનાઓ શુદ્ધ હશે ને, તો ઈશ્વર અને સુંદર ભવિષ્ય ચોક્કસ તમારો સાથ આપશે.***

*પ્રેષક : અમરીષ સંઘવી - અમદાવાદ*
*મો. ૯૪૦૯૫ ૧૨૬૬૨*

# દામજીભાઈ એન્કરવાલા : ટપાલ ટિકિટ પર સ્થાન પામનાર ત્રીજા કચ્છી માડુ!

ભરત'કુમાર' પ્રા. ઠાકર

## દામજીભાઈ એન્કરવાલા

*જન્મ : ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૩૭ ● નિધન : ૨૯મી જાન્યુઆરી, ૨૦૨૩*

કચ્છમાં નર્મદા યોજનાના અભિયાનકર્તા, સામાજિક અગ્રણી, દાનવીર અને મૂળે કચ્છમાં કંઠી પ્રદેશના ગામ કુંદરોડી (તા. મુંદ્રા)ના વતની એવા કચ્છી માડુ શાહ દામજી લાલજી વેલજી મામણિયા (એન્કરવાલા)ની સ્મૃતિમાં તાજેતરમાં ટપાલ વિભાગ દ્વારા ખાસ ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી છે. વિદાય લેતા વર્ષની પૂર્વસંધ્યા જેવા દિવસ ૨૯મી ડિસેમ્બર, ૨૦૨૫ના 'માય સ્ટેમ્પ' હેઠળ પ્રસિદ્ધ થયેલી આ બહુરંગી ટિકિટ પાંચ રૂપિયા મૂલ્યની છે.

### ● નર્મદા નીરના ભગીરથ

ટિકિટ સાથે પ્રસિદ્ધ થયેલા હિંદી અંગ્રેજી દ્વિભાષી વિવરણ (બ્રોશર)માં એમના વિષે જે નોંધ મૂકાઈ છે તેનો શબ્દશઃ ગુજરાતી અનુવાદ આ મુજબ છે : "કચ્છના જળ ક્રાંતિકારી તરીકે વિખ્યાત દામજીભાઈ લાલજીભાઈ શાહ એન્કરવાલાને 'કચ્છના જળયોદ્ધા' નામે પણ ઓળખવામાં આવે છે. એમણે કચ્છમાં જળ વ્યવસ્થાપન ક્ષેત્રે બહુમૂલ્ય ફાળો આપ્યો છે. પ્રસિદ્ધ સમાજસેવી અને ઉદ્યોગપતિ દામજીભાઈનું જીવન કચ્છ અને સામાજિક ઉત્થાન માટે સમર્પિત હતું."

ગુજરાતમાં નર્મદા યોજના આડેના અંતરાયો દૂર કરવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવીને 'વૉટરમેન ઑફ કચ્છ' તરીકે નામના મેળવનારા દામજીભાઈ એન્કરવાલાના પ્રદાનની નોંધ આ નાનકડી ટિકિટ દ્વારા વિશ્વભરમાં પહોંચશે. એમના પ્રયાસો અને દીર્ઘદ્રષ્ટિના પરિણામે કચ્છના છેવાડા સુધી નર્મદા નીર પહોંચતાં થયાં છે. આમ, એમનું કામ હવે ઇતિહાસમાં અંકિત થયું છે.

### ● ટિકિટો પર કચ્છીયતના રંગ

કચ્છ વિષયક પ્રથમ ટિકિટ બહાર પડ્યાનાં ૪૭ વર્ષના ગાળા (૧૯૭૮ – ૨૦૨૫) દરમિયાન કચ્છને લગતી કુલ નવ ટપાલ ટિકિટો બહાર પડી છે. તેમાં ત્રણ મહાનુભાવ (વર્મા, આચાર્ય, એન્કરવાલા), ત્રણ લોક સંસ્કૃતિ (ગ્રામીણ મહિલા, હાથપંખા, વાજિંત્ર), એક સંસ્થા (મ્યુઝિયમ), એક બંદર (કંડલા) અને એક રક્ષિત પ્રાણી (ઘુડખર)નો સમાવેશ થાય છે. જ્યારે એક વ્યક્તિ વિદેશ (યમન)ની ટિકિટ પર સ્થાન પામી છે. આ નવ ટિકિટોમાં સૌથી ઓછા મૂલ્યની ૨૫ પૈસા (વર્મા) અને સૌથી વધુ મૂલ્યની ૨૫ રૂપિયા (કંડલા)ની છે.

કચ્છમાં હજુ ઘણા એવા લોકપ્રિય વિષયો છે, જેના પર ટિકિટ પ્રસિદ્ધ કરી શકાય. તેમાં નારાયણ સરોવર, કોટેશ્વર, વસહી જેવાં પ્રાચીન તીર્થધામો; વિશ્વખ્યાત કચ્છનું સફેદ રણ અને તેનો વાર્ષિક મહોત્સવ; કાઢવાંઢથી શરૂ થતો 'રોડ ટુ હેવન'નો નજારો; વિશ્વવારસામાં સ્થાન પામેલ ધોળાવીરા; રૂપાળાં સુરખાબ પક્ષી જેવાં તરત યાદ એવાં નામો છે.



*<u>વૉટરમેન ઑફ કચ્છને અનોખું બહુમાન</u> : ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના સામેના અંતરાયોને દૂર કરવામાં ચાવીરૂપ યોગદાન આપનાર કચ્છી દાનવીર અને પ્રેરક, સામાજિક આગેવાન દામજીભાઈ એન્કરવાલાના માનમાં તાજેતરમાં ભારતીય ટપાલ વિભાગે એક ખાસ ટપાલ ટિકિટ બહાર પાડી છે. નર્મદા યોજનાને સાકાર કરવામાં પાયારૂપ ભૂમિકા ભજવનારા દામજીભાઈને જળયોદ્ધાની ઉપમા સાથે આ ટપાલ ટિકિટ માય સ્ટેમ્પ જાહેર કરાઈ છે. પ્રથમ તસવીરમાં વિમોચિત શીટ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને અર્પણ કરી રહેલા રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા અને સૌરાષ્ટ્ર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી હાર્દિકભાઈ મામણિયા સાથે દામજીભાઈ પરિવારના અતુલભાઈ એન્કરવાલા અને સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ટ્રસ્ટી સંજયભાઈ એન્કરવાલા. બીજી તસવીરમાં ટપાલ ટિકિટ. જ્યારે ત્રીજી તસવીરમાં નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીને આ ખાસ ટપાલ ટિકિટ અર્પણ કરી રહેલા એન્કરવાલા પરિવારના બંને યુવાન મોભી દેખાય છે.*

## કચ્છીયતને ઉજાગર કરતી કચ્છ વિષયક ટપાલ ટિકિટો

| ક્રમ | પ્રકાશન | વ્યક્તિ – સંસ્થા – ઘટના | પ્રાસંગિકતા | મૂલ્ય |
|---|---|---|---|---|
| ૧. | ૨૭-૦૭-૧૯૭૮ | કચ્છ સંગ્રહસ્થાન (ભુજ) શતાબ્દી; ટિકિટ પર ઐરાવત હાથીનું શિલ્પ | 'ભારતના સંગ્રહાલયો' શ્રેણી તળે ચાર ટિકિટોનો બ્લોક | ૨૫ પૈસા |
| ૨. | ૦૪-૧૦-૧૯૮૯ | પંડિત શ્યામજી કૃષ્ણવર્મા (૧૮૫૭ - ૧૯૩૦) માંડવીના લંડન સ્થિત સ્વાતંત્ર્ય વીર | ૧૩૨મી જન્મ જયંતી | ૬૦ પૈસા |
| ૩. | ૧૫-૧૦-૧૯૯૭ | લુડિયા, તા. ભુજ (બન્ની)નાં હરિજન મહિલા ખેતાબહેનની તસવીર | 'ઇન્ડિપેક્સ-૯૭' પ્રસંગે 'ભારતીય ગ્રામીણ મહિલાઓ'ની શ્રેણી તળે ચાર ટિકિટોનો બ્લોક | ૬ રૂપિયા |
| ૪. | ૧૦-૦૫-૨૦૧૩ | કચ્છના નાના રણના ઘુડખર | 'ભારતના જંગલી ગધેડા' પર બે ટિકિટોનો મિનિયેચર સેટ | ૨૦ રૂપિયા |
| ૫. | ૩૦-૧૨-૨૦૧૭ | કચ્છનો ચામડાનો વીંજણો; નિરોણા તા. નખત્રાણા (બન્ની)ની ચર્મકલા | 'ભારતીય હાથપંખા' શ્રેણી તળે સોળ ટિકિટોનો સંપુટ | ૧૫ રૂપિયા |
| ૬. | ૧૭-૦૨-૨૦૧૮ | દિનદયાળ બંદર - કંડલા (પૂર્વેનું કંડલા પોર્ટ ટ્રસ્ટ) | ભારત-ઈરાન સંયુક્ત ટિકિટ (બે સિ-ટેનન્ટ સ્ટેમ્પ) | ૨૫ રૂપિયા |
| ૭. | ૩૦-૦૮-૨૦૧૯ | વૈદ્ય જાદવજી ત્રિકમજી આચાર્ય; મૂળે લખપત તાલુકાના વતની; જામનગરમાં ઔષધોપચારક | 'માસ્ટર્સ હિલર્સ ઓફ આયુષ' (આયુર્વેદાચાર્યો) શ્રેણી તળે બાર ટિકિટોનો સંપુટ | ૫ રૂપિયા |
| ૮. | ૨૫-૦૬-૨૦૨૦ | કચ્છના ફકીરાણી જત કોમનું લોકવાજિંત્ર 'સુરંદો' (બે ટિકિટ) | 'ઘુમક્કડ ગાયકોનાં વાદ્યો'ની છ જોડિયા (કુલ બાર) ટિકિટોનો સંપુટ | પ્રત્યેક ૫ રૂપિયા |
| ૯. | ૨૯-૧૨-૨૦૨૫ | શાહ દામજી લાલજી એન્કરવાલા (૧૯૩૭-૨૦૨૩) મૂળે કુંદરોડી (તા. મુંદ્રા)ના વતની મુંબઈના દાનવીર ઉદ્યોગપતિ | કચ્છમાં નર્મદા યોજનાના વિસ્તરણમાં પ્રદાન બદલ 'માય સ્ટેમ્પ' હેઠળ ટિકિટ | ૫ રૂપિયા |
| ૧૦. | ઓગસ્ટ ૧૯૭૫ | જયંતીલાલ ભાણજી જોશી માંડવીના વતની અને એડન વસતા કારખાનાના કારીગર | સ્વાતંત્ર્યોત્તર ઔદ્યોગિક પ્રગતિ તળે દક્ષિણ યમનની ટિકિટ પર સ્થાન | ૧૦ દિનાર |

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, વૈશાલી સિનેમા રોડ, અંજાર, જિ. કચ્છ – ૩૭૦ ૧૧૦.*
*મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

*ઘડિયાળને એમ છે કે દુનિયા હું ચલાવું છું. પણ એને કદાચ ખબર નહીં હોય કે દુનિયા સેલ નાંખીને તેને ચલાવે છે. આપણું પણ કાંઈક આવું જ છે. ભાગ્ય તમારા હાથમાં નથી હોતું પણ નિર્ણય તમારા હાથમાં હોય છે. ભાગ્ય તમારો નિર્ણય નથી બદલી શકતો, પણ તમારો નિર્ણય તમારું ભાગ્ય બદલી શકે છે.*

# અરવલ્લીનો વિવાદ

ડૉ. મિહિર એમ. વોરા

અરવલ્લી પર્વતમાળાને લગતા વિવાદ વચ્ચે, સુપ્રીમ કોર્ટે પોતાના જ આદેશ પર સ્ટે આપ્યો છે. આગામી સુનાવણી ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ થશે. ત્યાં સુધી ખાણકામ પર પ્રતિબંધ રહેશે. કોર્ટે એક્સપર્ટ્સ કમિટી દ્વારા તપાસનો આદેશ આપ્યો છે. આ માટે એક ઉચ્ચ સ્તરીય કમિટીની રચના કરવામાં આવશે. આ કમિટી હાલની એક્સપર્ટ્સ કમિટીના અહેવાલનું વિશ્લેષણ કરશે અને પછી સંબંધિત મુદ્દાઓ પર કોર્ટને ભલામણ કરશે.

કોર્ટે કેન્દ્ર અને ચાર અરવલ્લી રાજ્યો જેમાં રાજસ્થાન, ગુજરાત, દિલ્હી અને હરિયાણાને પણ નોટિસ ફટકારી છે જેમાં આ મુદ્દા પરના તેના સુઓ મોટો કેસમાં તેમનો જવાબ માંગવામાં આવ્યો છે.

સુપ્રીમ કોર્ટે અરવલ્લી પર્વતમાળાના વિવાદ પર સુનાવણી કરી, જસ્ટીસ સૂર્યકાંતે આદેશ આપ્યો છે કે નિષ્ણાત સમિતિની ભલામણો અને તેના પર સુપ્રીમ કોર્ટ દ્વારા કરવામાં આવેલી વધુ ટીપ્પણીઓ હાલ પૂરતી સ્થગિત રહેશે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે આ ભલામણો આગામી સુનાવણી સુધી લાગુ કરવામાં આવશે નહીં.

સોલિસીટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને જણાવ્યું હતું કે આ કેસમાં કોર્ટના આદેશો, સરકારની ભૂમિકા અને સમગ્ર પ્રક્રિયા અંગે ઘણી ગેરસમજો ફેલાવવામાં આવી રહી છે. આ ગેરસમજો દૂર કરવા માટે એક નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવી હતી. સમિતિએ પોતાનો અહેવાલ રજૂ કર્યો, જેને કોર્ટે સ્વીકાર્યો હતો.

CJI સૂર્યકાંતે કહ્યું કે કોર્ટને એવું પણ લાગ્યું કે એક્સપર્ટ્સ કમિટીના અહેવાલ અને તેના આધારે કોર્ટ દ્વારા કરવામાં આવેલા કેટલાક અવલોકનોનું ખોટું અર્થઘટન કરવામાં આવી રહ્યું છે.

CJIએ સંકેત આપ્યો કે આ ગેરસમજોને દૂર કરવા માટે સ્પષ્ટતાની જરૂર પડી શકે છે જેથી કોર્ટના ઇરાદા અને તારણો વિશે કોઈ મૂંઝવણ ન રહે.

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે એક્સપર્ટ્સ કમિટીના અહેવાલ અથવા કોર્ટના નિર્ણયને લાગુ કરતા પહેલા નિષ્પક્ષ અને સ્વતંત્ર મૂલ્યાંકન જરૂરી છે જેથી ઘણા મહત્ત્વપૂર્ણ પ્રશ્નો પર સ્પષ્ટ દિશા મળી શકે.

★ શું અરવલ્લીની વ્યાખ્યાને ફક્ત ૫૦૦ મીટરના દાયરા સુધી સીમિત કરવાથી સંરક્ષણ ક્ષેત્ર સંકોચાઈ જાય છે અને તેનાથી એક પ્રકારનો માળખાકીય વિરોધાભાસ ઊભો થાય છે?

★ શું આ વ્યાખ્યાને કારણે નોન-અરવલ્લી વિસ્તારોમાં નિયંત્રિત ખાણકામનો વ્યાપ વધી ગયો છે?

★ જો બે અરવલ્લી ક્ષેત્રો ૧૦૦ મીટર કે તેથી વધુના હોય અને તેમની વચ્ચે ૭૦૦ મીટરનું અંતર હોય, તો શું તે ગેપમાં નિયંત્રિત ખાણકામની મંજૂરી આપી શકાય?

★ આ સમગ્ર પ્રક્રિયામાં પારીસ્થિતિક સાતત્યતાને કેવી રીતે સુરક્ષિત રાખવામાં આવશે?

★ જો નિયમોમાં કોઈ મોટો નિયમનકારી શૂન્યતા સામે આવે, તો શું અરવલ્લી પર્વતમાળાની માળખાકીય મજબૂતી જાળવી રાખવા માટે એક વ્યાપક મૂલ્યાંકન જરૂરી બનશે?

CJI એ કહ્યું કે કોર્ટે પહેલાથી જ સંકેત આપ્યો છે કે આ પ્રશ્નો પર ઊંડાણપૂર્વક વિચારણા જરૂરી છે. આને ધ્યાનમાં રાખીને, સુપ્રીમ કોર્ટે નિષ્ણાતોની એક ઉચ્ચ સત્તાવાળી સમિતિ બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ સમિતિ હાલની નિષ્ણાત સમિતિના અહેવાલનું વિશ્લેષણ કરે અને આ મુદ્દાઓ પર સ્પષ્ટ સૂચનો આપે.

ચીફ જસ્ટીસ સૂર્યકાંતની વેકેશન બેન્ચમાં કેસની સુનાવણી ચાલી રહી છે. જમીનથી ૧૦૦ મીટર કે તેથી વધુ ઊંચાઈવાળી ટેકરીઓને જ અરવલ્લી માનવાની નવી વ્યાખ્યાનો વિરોધ થઈ રહ્યો છે. આ મુદ્દે સુપ્રીમ કોર્ટે સુઓમોટો કર્યો છે. CJIના વેકેશન કોર્ટમાં આ મામલો પાંચમા નંબરે લિસ્ટેડ હતો.

સુપ્રીમ કોર્ટે અરવલ્લી પર્વતોમાં ખાણકામ સંબંધિત સુઓમોટો કેસની સુનાવણી કરી. CJIની અધ્યક્ષતામાં ત્રણ જજોની બેન્ચે આ કેસની સુનાવણી કરી હતી.

સુપ્રીમ કોર્ટે ૨૦ નવેમ્બર ૨૦૨૫ના રોજ કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયની સમિતિની ભલામણ સ્વીકારી, જેમાં ૧૦૦ મીટર કે તેથી વધુ ઊંચાઈવાળી ટેકરીઓને અરવલ્લી તરીકે માન્યતા આપવાની વાત કહેવામાં આવી હતી. આ પહેલા ૧૯૮૫થી ચાલી રહેલા ગોદાવર્મન અને એમ.સી. મહેતા કેસમાં અરવલ્લીને વ્યાપક સંરક્ષણ મળેલું હતું.

નવા નિર્ણય બાદ રાજસ્થાન, હરિયાણા અને દિલ્હી-એનસીઆરમાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. પર્યાવરણ કાર્યકરો તેને ઇકોલોજીકલ આપત્તિ ગણાવી રહ્યા છે. પર્યાવરણવિદો અને વિરોધ પક્ષોના નેતાઓએ કેન્દ્ર સરકાર પર સવાલો ઉઠાવ્યા છે.

પર્યાવરણવિદો દલીલ કરે છે કે અરવલ્લી રેન્જમાં ૧૦૦ મીટરથી નાની ટેકરીઓમાં ખાણકામને મંજૂરી મળવાથી આ પર્વતમાળાઓનું અસ્તિત્વ સમાપ્ત થવાનું જોખમ ઉભું થયું છે. જ્યારે કેન્દ્રનું કહેવું છે કે આ ગેરસમજ છે અને સંરક્ષણ જાળવી રાખવામાં આવશે.

અરવલ્લીના દુઃખને સમજતા પર્યાવરણવાદીઓ અને સામાજિક કાર્યકરો માટે આ એક મોટી આશાનું કિરણ છે, કારણ કે હાલના સમયમાં ૧૦૦ મીટરની નવી વ્યાખ્યાએ ઘણો વિવાદ ઉભો કર્યો છે. દલીલ એવી છે કે અરવલ્લીની 'ખોટી વ્યાખ્યા' આ પ્રાચીન પર્વતમાળાના મોટા ભાગનો નાશ કરી શકે છે.

આખો વિવાદ અરવલ્લી પર્વતમાળાની "નવી વ્યાખ્યા" બાબતે છે, જે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં પ્રસ્તાવિત કરી હતી. કેન્દ્ર સરકારે સૂચવ્યું હતું કે ફક્ત તે ટેકરીઓ અથવા ભૂમિ સ્વરૂપોને અરવલ્લી તરીકે ગણવામાં આવે જેની ઊંચાઈ સ્થાનિક સપાટીથી ૧૦૦ મીટર કે તેથી વધુ હોય. પર્યાવરણીય નિષ્ણાતો દલીલ કરે છે કે જો આ વ્યાખ્યા સ્વીકારવામાં આવે તો, અરવલ્લીની નાની ટેકરીઓ અને નીચલા ભાગો સંરક્ષણના દાયરાની બહાર થઈ જશે અને પછી તે વિસ્તારો અને ટેકરીઓમાં ખાણકામ અને બાંધકામ મુક્તપણે શરૂ થઈ જશે.

પર્યાવરણવાદીઓએ સુપ્રીમ કોર્ટનું ધ્યાન એ હકીકત તરફ દોર્યું છે કે અરવલ્લી પ્રદેશને ફક્ત તેની ઊંચાઈના સંદર્ભમાં જ નહીં, પરંતુ તેની સમગ્ર ઇકોસિસ્ટમ અને જૈવ વિવિધતાના સંદર્ભમાં જોવો જોઈએ. કેન્દ્ર સરકારે હાલમાં અરવલ્લીમાં નવા ખાણકામ લીઝ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદ્યો હોવા છતાં, હાલની ખાણો અંગે પરીસ્થિતિ હજુ પણ જટીલ છે. આ સંદર્ભમાં, સુપ્રીમ કોર્ટમાં યોજાનારી સુનાવણી કદાચ નક્કી કરશે કે ભવિષ્યમાં અરવલ્લીનો કેટલો ભાગ 'સુરક્ષિત' રહેશે.

૨૦૨૫ના અંત સાથે અરવલ્લી ટેકરીઓ પરનો વિવાદ વધુ ગંભીર બન્યો છે. આ મુદ્દો હવે ફક્ત ખાણકામ પર નથી, પરંતુ તે વાત પર આધાર રાખે છે કે "પર્વત"ની વ્યાખ્યા શું હોવી જોઈએ.

૨૦ નવેમ્બર ૨૦૨૫ના રોજ, સુપ્રીમ કોર્ટે એક નવી સમાન વ્યાખ્યા સ્વીકારી, જે મુજબ ફક્ત તે જ ભૂમિ સ્વરૂપને અરવલ્લી ટેકરીઓ તરીકે ગણવામાં આવશે, જેની ઊંચાઈ આસપાસની જમીન કરતા ઓછામાં ઓછી ૧૦૦ મીટર વધુ હોય. તેમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે ફક્ત એકબીજાથી ૫૦૦ મીટરની અંદરની ટેકરીઓના જૂથને અરવલ્લી પર્વતમાળા ગણવામાં આવશે.

પર્યાવરણીય નિષ્ણાતો કહે છે કે આ વ્યાખ્યા અરવલ્લી પ્રદેશની લગભગ ૯૦ ટકા નાની ટેકરીઓને કાનૂની રક્ષણમાંથી બાકાત રાખી શકે છે. આ નિર્ણયથી હજારો ડુંગરાળ વિસ્તારોમાં વન સંરક્ષણ કાયદાઓ બિનઅસરકારક બનશે. જેનાથી ખાણકામ અને અન્ય પ્રવૃત્તિઓ માટે માર્ગ ખુલશે. પર્યાવરણવાદીઓ આ નિર્ણય અંગે ખૂબ ચિંતિત છે.

પર્યાવરણવિદોનો તર્ક છે કે અરવલ્લી ફક્ત એક પર્વત નથી, પરંતુ ઉત્તર ભારતને રણમાં ફેરવાતા અટકાવવાનું સૌથી મોટું સાધન છે. અભ્યાસો દર્શાવે છે કે અરવલ્લી પર્વતમાળા થાર રણમાંથી ઉદ્‌ભવતા રેતીની આંધીને દિલ્હી અને હરિયાણા તરફ જતા અટકાવે છે. તે સમગ્ર દિલ્હી-એનસીઆર અને રાજસ્થાન માટે ભૂગર્ભજળનું સ્તર જાળવવાનો મુખ્ય સ્ત્રોત પણ છે. તે દિલ્હી-એનસીઆરની ઝેરી હવાને સાફ કરવામાં 'ગ્રીન લંગ્સ' તરીકે પણ કામ કરે છે.

*સંદર્ભ : વિવિધ અખબારી અહેવાલ અને સુપ્રીમ કોર્ટના નિર્ણયનો અહેવાલ.*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,***
***વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## કેટલાક દેશોની માથાદીઠ સરેરાશ વાર્ષિક આવક

| | |
|---|---|
| અમેરિકા | : ૮૯,૬૦૦ ડોલર (દુનિયાના કોઈ પણ દેશ કરતાં વધુ) |
| દક્ષિણ કોરિયા | : ૩૫,૯૬૨ ડોલર |
| તુર્કી | : ૧૮,૧૯૮ ડોલર |
| રશિયા | : ૧૭,૭૪૬ ડોલર |
| ચીન | : ૧૩,૮૦૬ ડોલર |
| ભારત | : ૨,૮૧૮ ડોલર |
| ઉત્તર કોરિયા | : ૧,૭૫૦ ડોલર |
| પાકિસ્તાન | : ૧,૭૦૭ ડોલર |

★ જે દેશોમાંથી ઓઈલ નથી નીકળતું તેવા દેશો – સુદાન, અફઘાનિસ્તાન, સોમાલીયા, યમન વગેરેની માથાદીઠ સરેરાશ વાર્ષિક આવક ૧૦૦૦ ડોલર કરતાં પણ ઓછી છે.

★ જે દેશોમાંથી ક્રુડ ઓઈલ નીકળે છે તેવા દેશોના લોકોની માથાદીઠ સરેરાશ વાર્ષિક આવક ખૂબ જ સારા પ્રકારની હોય છે.

# ભારત દેશની આઝાદી

યોગેશ જોષી

આઝાદીની દરેક વ્યક્તિએ અલગ અલગ વિચારસરણી હોય છે. આઝાદી એટલે બંધનમુક્તતા, સ્વતંત્રતા અથવા સ્વચ્છંદતા એવા સમાનાર્થી શબ્દો થઈ શકે છે. ઘણી વ્યક્તિઓ કોઈ રોકટોક વગરની જિંદગીને આઝાદી માને છે. દરેક વ્યક્તિને બંધનમુક્ત રહેવું ગમે છે. પિંજરમાં પૂરાયેલ પંખીને પણ ગગનમાં મસ્ત થઈ ઉડવાના ખ્વાબ હોય છે.

અહીં આપણે વાત કરવાની છે આપણા ભારત દેશની આઝાદી વિશે. અંગ્રેજોએ ભારતમાં વેપાર કરવાના બહાને પગપેસારો કર્યો હતો અને તે વખતે આપણો દેશ અલગ અલગ પ્રાંતોમાં વહેંચાયેલો હતો. વળી આપણા જે રાજાઓ હતા તે બધા કુસંપી, એશોઆરામી અને ઐય્યાશ હતા. અંગ્રેજોએ આ તકનો લાભ લઈને રાજા મહારાજાઓને અંદરોઅંદર લડાવીને પોતાની રોટલી શેકવા માંડી હતી. પછી લાગ જોઈને સત્તા પણ હાંસિલ કરી લીધી અને આપણા પૂર્વજોને ગુલામાની જંજીરોમાં જકડી લીધા હતા. અંગ્રેજોએ આપણા પૂર્વજો અને વડવાઓ ઉપર કાળો કેર વરતાવ્યો હતો.

આપણા દેશમાં જ આપણી પ્રજા ગુલામ બની ગઈ હતી. ત્યાર પછી મોહનદાસ કરમચંદ ગાંધી નામનો એક વિરલો આગળ આવ્યો અને લોકોને ગુલામીમાંથી આઝાદી સુધી લઈ જવાની ટેક લીધી. પછી ધીમે ધીમે લોકો ગાંધીજીની વિચારધારાને સમજવા લાગ્યા અને એમની સાથે જોડાવા લાગ્યા. આઝાદી કાંઈ આપણને સસ્તામાં નથી મળી ગઈ. પરંતુ એના માટે લાખો લોકોએ પોતાના પ્રાણોની આહૂતિ આપી છે. કેટલાય લોકોએ કારાવાસ ભોગવ્યો છે તો કેટલાય પોલીસની લાઠીઓ તથા ગોળીનો શિકાર બન્યા છે. લોકોને સત્ય સમજાયું કે આઝાદીની કિંમત શું હોઈ શકે છે. આમ, આપણા દેશને કરોડો લોકોનું લોહી વહાવ્યા પછીથી આઝાદીના ફળ ચાખવા મળ્યા છે.

ભારતના દરેક નાગરિકને દેશનું ગૌરવ હોવું જોઈએ અને જરૂર પડે તો માભોમ કાજે મરી ફીટવાની તમન્ના હોવી જોઈએ.

*ઈન્સાનિયત કે સર પર ઈજ્જત કા તાજ (મુગટ) રખના,*
*તન-મનકી ભેટ દેકર ભારત કી લાજ રખના*
*જીવન નયા મિલેગા અંતિમ ચિતા મેં જલકે.*

*સિનિયર સિટીઝન તથા કવિ/લેખક*
*હાલોલ, જિ. પંચમહાલ - ૩૮૯ ૩૫૦.*

## કોઈ પણ ઇશ્વર ત્રાસવાદને માફ કરતો નથી

(અનુસંધાન : પાના નં. – ૫૭ ઉપરથી ચાલુ)

★ ઇસ્લામમાં તમામ મુસ્લિમોની સર્વસંમતિ વિના ખલીફાનું રાજ્ય ઘોષિત કરવા પર પ્રતિબંધ છે.

ભગવદ્ ગીતા અને કુરાનની ફિલસુફીમા સામ્યતાની દષ્ટિએ જોઈએ તો પણ પવિત્ર કુરાનનો પ્રારંભ "બિસ્મિલ્લાહ અર્રહેમાન ની ર્રહીમ" અર્થાત "શરૂ કરું છું અલ્લાહના નામે, જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે." તે પછી મુકાયેલ કુર્રાનની આયાતોમાં ઈસ્લામની કોઈ પ્રક્રિયા, ઈબાદત પદ્ધતિ કે નિયમોની વાત નથી. તેમાં માત્ર રબ્બીલઆલમીન એટલે કે સમગ્ર સૃષ્ટિનાં ઈશ્વર કે સમગ્ર માનવજાતનો રખેવાળ છે તેના ગુણગાન કરવામાં આવ્યાં છે. ખુદા તરફથી રહી દ્વારા મળેલ નેક આચરણનો સંદેશ કુરાને શરીફ છે ત્યારે તેની આડમાં જેહાદી વલણ નથી તો માનવીય, બુદ્ધિગમ્ય કે પછી સૂચારૂ શાંતિપ્રિય બંધારણીય શાસન વ્યવસ્થાને માન્ય.

બાબર યુગથી દેશમાં વિકસિત હિંદુ મુસલમાન વૈમનસ્યનું હેન્ડલર તો સત્તાકારણ અને રાજકારણ રહ્યું છે. અમેરિકા અને પાકિસ્તાન જેવા દેશો તેના આર્થિક હિતની કાળજી માટે ગરીબોને જેહાદના નામે આગળ કરે છે ત્યારે ઇતિહાસકારો કોમી તનાવની કાર્ય પ્રણાલી (મોડસ ઑફ ઓપરેન્ડી)નો અભ્યાસ જનતા સમક્ષ માનવ કલ્યાણ માટે થઈ તટસ્થ ભાવે રજૂ કરે તો નિરક્ષીર અલગ દેખાશે.

*મો. ૯૮૯૮૪ ૬૩૪૮૯*

## મુક્તક

એક દિન મુલાકાત થઈ,
સાંજ પડી છૂટા પડ્યા અહીં;
તમે વિદાય લઈ ચાલ્યા ગયા,
જે 'દિલકશ' પીગળાવી ગયા.

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

# કોઈ પણ ઇશ્વર ત્રાસવાદને માફ કરતો નથી : બરાક ઓબામા

ડૉ. નાનક ભટ્ટ

મુસલમાન વિદ્વાનો અને સુફી સંતોના દર્શનને ઈસ્લામના નામે ચોકસાઈથી નાશ કરી રહેલા જેહાદીઓ માટે દુનિયાભરનાં ૧૨૦ કરતાં વધુ મુસ્લિમ બુદ્ધિજીવીઓ દ્વારા ૨૯ પાનાનો એક પત્ર ૨૪ સપ્ટેમ્મ્બર ૨૦૨૨માં વોશિંગ્ટનમાં પ્રકાશિત કરાયો હતો. કાઉન્સિલ ઑફ અમેરિકન ઈસ્લામિક રીલેશન્સનાં એકઝીક્યુટીવ ડિરેક્ટર "નિહાદ આવાદ" દ્વારા અરેબિક અને પછીથી અંગ્રેજીમાં પ્રકાશિત આ લેખનો આધાર કુરાન હોય તેમાં જેહાદ અને ઈસ્લામના નામે થતી અવિરત હિંસાને વ્યાપક રીતે રદીયો અપાયો છે.

મિસ્ત્ર દેશના મુફ્તિ અલ્લામ અને જેરૂસલેમનાં મુફ્તિ શેખ જેવા મુસ્લિમ વિશ્વનાં પ્રખ્યાત ધાર્મિક વિદ્વાનોનાં વિચારો સાથે પ્રકાશિત લેખમાં ભાર દઈને કહેવાયું છે કે "ઈસ્લામમાં અત્યાચાર કરવા પર પ્રતિબંધ છે. ઈસ્લામમાં દુષ્ટ કૃત્યોનું શ્રેય અલ્લાહને આપવા પર પ્રતિબંધ છે. અને માણસ ઈસ્લામમાં ખુલ્લેઆમ અશ્રધ્ધા જાહેર કરે નહી ત્યાં સુધી તેને બિન મુસ્લિમ જાહેર કરવા પર પ્રતિબંધ છે."

જર્મનીમાં સેન્ટ્રલ કાઉન્સિલ ઑફ મુસ્લિમ્સનાં ચેરમેન ઈમાન મઝવેકે દ્વારા તે ખુલ્લાં પત્રનાં સમર્થનમાં આવતા જણાવાયું કે કુરાનની ફિલોસોફીને ટેકો આપનાર મુસ્લિમોએ આગળ આવી ત્રાસવાદ અને હત્યાઓ વિરુદ્ધ અવાજ ઉઠાવવો રહ્યો. કારણ ત્રાસવાદ ઈસ્લામને કાદવથી ખરડી રહ્યો છે. બુધવારનાં પત્ર તરીકે જાણીતા લખાણનું અનુમોદન કરતા વિશ્વનાં મુસ્લિમ બુદ્ધિજીવીઓ જણાવે છે કે ઈસ્લામિક સ્ટેઈટ અને જોહાદઈ એક નિરાધાર તર્ક છે. યુનાઈટેડ વોઈસ ઑફ અમેરિકાના પૂર્વ પ્રમુખ અહમદ બેદીએર તો ત્યાં સુધી કહે છે કે "કૃપા કરી ઈસ્લામિક સ્ટેઈટ તેવો શબ્દ પ્રયોગ બંધ કરો. કારણ અલગાવવાદીઓનુ નથી તો કોઈ રાજય હોતુ કે નથી તો કોઈ ધર્મ હોતો."

વિશ્વવ્યાપી ત્રાસવાદને વખોડતા બરાક ઑબામાએ પણ યુનોમાં વક્તવ્ય આપતા જણાવ્યું કે, 'હત્યાઓ માટે બંદુકની ગોળીઓનો આશ્રય લેનાર માટે કોઈ પણ ઈશ્વર માફી આપનાર નથી." વિશ્વશાંતિ માટેનાં મુસ્લિમ બુદ્ધિજીવીઓના પ્રથમ પ્રયત્નનાં ૧૮ પાનાનાં પત્રનો સાર આ પ્રમાણે છે.

★ ઈસ્લામમાં તમામ જરૂરી શૈક્ષણિક - સામાજિક અનિવાર્યતા વિના ફતવાઓ જારી કરવા પર પ્રતિબંધ છે. તે ફતવાઓ પણ શાસ્ત્રીય લખાણોમાં વ્યાખ્યાયિત એવા ઈસ્લામિક કાનૂની સિદ્ધાંતોનું પાલન કરતા હોવા જોઈએ. કુરાન અને હડિથ જણાવે છે કે જોયા વિના મનસ્વી નિર્ણય લેવા પર અથવા તો કુરાનમાંથી કોઈ કલમાનો એક હિસ્સો અથવા કોઈ કલમાનો ભાગ અવતરણ તરીકે ટાંકવા પર પ્રતિબંધ છે.

★ ઈસ્લામમાં અરેબિક ભાષાની નિપુણતા વિના કોઈ પણ બાબતો પર કાનુની અભિપ્રાયો જારી કરવા પર પ્રતિબંધ છે.

★ ઈસ્લામમાં નિર્દોષની હત્યા કરવા પર પ્રતિબંધ છે.

★ ઈસ્લામમાં જિહાદ રક્ષણાત્મક યુદ્ધ છે. તે યોગ્ય કારણ અને ઉચિત હેતુ વિના અને આચરણના યોગ્ય નિયમો વિના સ્વીકાર્ય નથી.

★ ઈસ્લામમાં લોકોને બિનમુસ્લિમ જાહેર કરવા પ્રતિબંધ છે સિવાય કે તે (અથવા તેણી) ખુલ્લેઆમ પોતાને બિનમુસ્લિમ જાહેર કરે.

★ ઈસ્લામમાં ખ્રિસ્તીઓ અથવા અન્ય ધર્મપુસ્તક પર શ્રદ્ધા ધરાવતા લોકોને કોઈ પણ પ્રકારનું નુકસાન પહોંચાડવા, તેમની સાથે દુર્વ્યવહાર કરવા પર પ્રતિબંધ છે.

★ ઈસ્લામમાં ગુલામીનાં પુનઃસ્થાપન પર પ્રતિબંધ છે. તેને સાર્વત્રિક સર્વસંમતિથી નાબુદ કરવામાં આવી છે.

★ ઈસ્લામમાં લોકોને ધર્મ પરિવર્તન માટે મજબુર કરવા પર પ્રતિબંધ છે.

★ ઈસ્લામમાં મહિલાઓ અને બાળકોને તેમના અધિકારો ન આપવા પર પ્રતિબંધ છે.

★ ઈસ્લામમાં ન્યાય અને દયા સુનિશ્ચિત કરતી સાચી કાર્યવાહીઓનું પાલન કર્યા વિના કાનૂની સજાઓ (હુદુદ)નો અમલ કરવા પર પ્રતિબંધ છે.

★ ઈસ્લામમાં લોકોને ત્રાસ આપવા અને મૃતદેહને વિકૃત કરવા પર પ્રતિબંધ છે.

★ ઈસ્લામમાં પયગંબરો અને સાથીદારોની કબરો અને સમાધિઓનો નાશ કરવા પર પ્રતિબંધ છે.

★ ઈસ્લામમાં કોઈ પણ કારણસર સશસ્ત્ર વિદ્રોહ પર પ્રતિબંધ છે, સિવાય કે શાસકની સ્પષ્ટ અસ્વીકૃતિ હોય અને લોકોને પ્રાર્થના કરવાની મંજૂરી ન હોય.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૬ ઉપર)**

# સ્નેહ અને સંવેદનાની સરવાણી : કરૂણાસેતુ ટ્રસ્ટ

પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર

*"હું પગલું માંડું એક*
*પગલે પગલે શ્રદ્ધા પ્રગટી*
*પહોંચાડી દે છેક*
*હું પગલું માંડું એક"*

*– દિનકર ભટ્ટ*

- **ભૂમિકા :**

શુદ્ધ, સ્ફટિક સમું નિર્મળ ઋષિતુલ્ય જીવન જીવી ગયેલા નારાયણભાઈ દેસાઈના શબ્દોમાં 'સ્વર્ગલોકથી ઉતરી આવેલા હંસ' ડો. વસંતભાઈ પરીખે (ઈ.સ. ૧૯૨૯-૨૦૦૭) વડનગર મુકામે ઈ.સ. ૧૯૮૪માં સ્થાપેલા 'કરૂણાસેતુ ટ્રસ્ટ'નો પરિચય જીજ્ઞાસુઓ માટે પથદર્શક બની રહેશે. જામનગરની આયુર્વેદિક કોલેજમાંથી ડી.એ.એસ.એફ.ની પદવી પ્રાપ્ત, સેવાધર્મી, ૪૨ પુસ્તકોના સંવેદનશીલ લેખક અને માત્ર રૂા. ૬૦૦૦/- ના ખર્ચે ચૂંટાયેલા અપક્ષ ધારાસભ્ય વસંતભાઈની ઓળખ પહેલા આપવી પડે. પોતે લીંબડીના સરકારી દવાખાનામાં ૧૯૫૪માં મેડિકલ ઓફિસર તરીકે સેવાઓ આપી રહ્યા હતા ત્યારે સર્વોદય અગ્રણી, સમાજસેવી ડો. દ્વારકાદાસભાઈ જોષીનું તેમને નિમંત્રણ આવ્યું. 'વડનગર નાગરિક મંડળની હોસ્પિટલમાં તારી જરૂર છે' અને જેની બુદ્ધિ પર હૃદયની કોમળતાનું પ્રભુત્વ સ્થપાયેલું હતું તેવા વસંતભાઈ આ સંદેશાને 'તામ્રપત્ર' તરીકે સ્વીકારીને પહોંચી ગયા તે નગરમાં. આ નપાણીયા પ્રદેશમાં આંખના અસંખ્ય દિનહીન દર્દીઓ. તેમના જીવન અને અંતરના અજવાળાં પાથરવા આંખનો વિભાગ શરૂ કરવાનો હતો.

વસંતભાઈ આંખના રોગો, તેની સારવાર અને સર્જરીનું જ્ઞાન મેળવવા મુંબઈ કે.ઈ.એમ. હોસ્પિટલના આંખના વડા પારસી ડો. કપૂરે તેમને પાંચ માસ પુત્રવત્ શિક્ષીત-દિક્ષીત કર્યા. જયારે આંખના નિષ્ણાત ડોકટર - સર્જન ઉપલબ્ધ નહોતા ત્યારે વસંતભાઈએ ૪૫ વર્ષ સુધી સેવાઓ આપીને નિર્ધન-ધની, વિધવા-અપંગ કે રકતપિત્તગ્રસ્ત દોઢેક લાખ લોકોના ખોવાયેલા તેજ પાછા આપ્યા.

## પ્રવર્તમાન પ્રવૃત્તિઓ

**(૧) આરોગ્ય :**

**૧.૧ : વસંતપ્રભા હોસ્પિટલ :**

ડો. વસંતભાઈ અને માતૃવત્સલા રત્નપ્રભાબહેનની સ્મૃતિ સાથે જોડાયેલ, ઈ.સ. ૨૦૦૭થી સ્થાપિત આ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં આંખ, દાંત, જનરલ સર્જિકલ, ગાયનેક તમામ પ્રકારના ફૂલટાઈમ ડૉકટર્સ છે. ૭૫૦ પથારી છે. કેસ ફી રૂા. ૧૦/- છે. ઈન્ડોર ચાર્જ રૂા. ૫૦ છે. ૩૦૦૦ રૂપિયામાં ઑપરેશન થાય છે. ડિસ્કાઉન્ટથી દવાઓ અપાય છે. ભોજન સુવિધા ફ્રી છે. દર વર્ષે પાંસઠ હજારથી વધુ દર્દીઓ આઉટડોર સેવાઓનો લાભ મેળવે છે. વર્ષે વિવિધ પ્રકારના ૪૦ કેમ્પ થાય છે. શિબિરમાં આવતા દર્દીઓના નિઃશુલ્ક ઑપરેશન કરી આપવામાં આવે છે. થેલેસેમિયા મુકિત માટે તાલુકાની તમામ સગર્ભા માતાઓના લોહીનું ટેસ્ટીંગ કરાય છે.

**૧.૨ : આયુર્વેદિક હોસ્પિટલ :**

આ વિસ્તારની એક માત્ર આયુર્વેદિક હોસ્પિટલ દર્દીઓની વિનામૂલ્ય તપાસ તથા ઉપચાર કરે છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ ૬૩,૮૦૭ દર્દીઓ લાભાન્વિત થયા હતા. લોકોની પ્રતિકારશકિત કેળવવા કડુ-કરિયાતાનો ઉકાળો આપે છે. ચૈત્ર માસમાં લીમડાના મ્હોરનો રસ પીવડાવે છે. પથરી, મસા, ડાયાબિટીસ કે સાંધાના દુઃખાવા માટે અપાયેલ આયુર્વેદિક પાવડરે સેંકડો દર્દીઓને ઓપરેશનની જંજાળમાંથી બચાવ્યા છે.

**૧.૩ : રત્નપ્રભા નર્સિંગ કોલેજ અને સંઘવી નર્સિંગ સ્કૂલ:**

આર્થિક રીતે મધ્યમવર્ગની બહેનોને પગભર કરવા માટે, ઓછી ફીના ધોરણે ઈ.સ. ૨૦૧૫થી નર્સિંગ માટે ૧૨મા ધોરણ પછી બે વર્ષનો ANM, ધોરણ ૧૨ પછી અંગ્રેજી વિષય સાથે ૩ વર્ષનો કોર્સ GNM તેમજ ચાર વર્ષનો B.Sc. અભ્યાસક્રમ ચાલે છે. કુલ ૧૪૦ વિદ્યાર્થીઓ પાસેથી શૈક્ષણિક સાધન-સામગ્રી પેટે કોઈ રકમ લેવામાં આવતી નથી. વનવાસી ૪૮ દિકરીઓના નિવાસ-ભોજન પેટે કોઈ ચાર્જ નથી.

**૧.૪ : ડો. વસંત પરીખ આયુર્વેદિક મેડિકલ કોલેજ :**

ઈ.સ. ૨૦૨૧થી આ કોલેજ સ્થાપિત છે.

**૧.૫ :** નર્સિંગ કોલેજની બહેનો માટે કન્યા છાત્રાલય (સંખ્યા ૨૬૨) તથા મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ માટે કુમાર છાત્રાલય (સંખ્યા – ૯૨)

**(૨) શિક્ષણ :**

૩૯૦ આંગણવાડીઓના ૬ વર્ષ સુધીના બાળકો, સગર્ભા-ધાત્રી માતાઓ, કિશોરીઓએ લાભ મેળવ્યો હતો. પૂરક પોષણ, આરોગ્ય તપાસ-સારવાર, સ્તનપાન, વાત્સલ્યદિનની ઉજવણી જેવા સુઆયોજિત કાર્યક્રમો, વીસ

હજારથી વધુ જનસંખ્યા માટે આશિર્વાદ સમાન સિધ્ધ થયા હતા. બાળમરણ અને માતૃમરણના દરમાં ઘટાડો નોંધાયો હતો.

વીરમપુર વિસ્તારમાં ૨૫૦ વનવાસી બાળકો માટે ચાર પૂર્વ પ્રાથમિક શાળા કાર્યરત હતી. હવે તેનું સંચાલન ગુજરાત સરકારે સંભાળ્યું છે.

- **અન્યઃ**

'વસંત વગડો' ઔષધવનમાં ૪૫૦ ઔષધિ અને ૪૦૦૦ વૃક્ષોની નિયમિત કાળજી લેવાય છે. ૧૦૮ ગાયો સાથેની ગૌશાળા છે. નાના ખેડૂતો પાણીનો વૈજ્ઞાનિક ઉપયોગ-બચત કરતા થાય તે ઉદ્દેશ્યથી તેમને સરકારી યોજનાઓની જાણકારી અપાય છે. સીમાંત ખેડૂતો સાધન ખરીદી માટે ટ્રસ્ટની વિશેષ સહાય પ્રાપ્ત કરે છે. તેમના ઉત્પાદનને સાચવવા માટે તાડપત્રી કે કેનાલના પાણી લેવા માટે જરૂરી ગુણવત્તાયુક્ત પાઈપ રાહતદરે પૂરા પાડવામાં આવે છે.

વડનગરના અન્નક્ષેત્રમાં દૈનિક ૧૦૦ વ્યકિતઓ ભોજન મેળવે છે. બીજી અસહાય ૧૦૦ વ્યક્તિઓને ઘેર બેઠા અનાજ, જરૂરી વસ્તુઓ કે રોકડ પૂરી પાડવામાં આવે છે. પારડી તાલુકાના ૫૦૦ નિરાશ્રિત વૃદ્ધો પણ આવી મદદ પ્રાપ્ત કરી રહ્યા છે. જરૂરિયાતમંદો માટે સાડી, ધોતી, ગરમ કપડાનું વિતરણ કરાય છે. મકાન બાંધવા માટે સહાય આપવામાં આવે છે. કિશોરીઓ ગૌરીવ્રતના સમયે સુકોમેવો-મીઠાઈ પ્રાપ્ત કરી ખુશખુશાલ થઈ જાય છે. કન્યાઓ તેમના લગ્નપ્રસંગે કરિયાવરમાં સાડી મેળવે છે. નાના બાળકો-બાલેશ્વરને નિત્ય નાસ્તો અપાય છે. સમયાંતરે તેઓ રમકડાં કે બુટ ચપ્પલનાય હક્કદાર બને છે.

- **સમાપન :**

સત્ય, પ્રેમ, કરૂણાના અનુબંધીત મંત્ર સાથે આંસુ લુછવાના આ અદ્વિતીય પ્રયોગને પૂ. મોરારિબાપુ, હરિઓમ્ આશ્રમના પૂ. નંદુભાઈથી માંડીને અનેક નામી-અનામી શુભેચ્છકોનો વિનમ્ર સહયોગ સાંપડ્યા કરે છે. જેમણે સેવા-શિક્ષણને સાચા અર્થમાં જાણી, પચાવીને આચરણમાં મૂક્યું તેવા વસંતભાઈની આ મશાલને અત્યારે અમિતાબહેન ઠક્કર અને રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના વાઈસ પ્રેસિડેન્ટ રહી ચૂકેલા સંજયભાઈ ઠક્કર જેવા ટ્રસ્ટીઓ પ્રદીપ્ત રાખી રહ્યા છે.

*સંદર્ભ : ૨૦૨૪-૨૫ : 'આંસુ લુછવાનો નાનો શો પ્રયોગ.'*

***ડી-૨૦૪, અભિષેક એન્ટીલિયા,***
***સમા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ સામે,***
***પુનિત નગર, ન્યુ સમા રોડ, વડોદરા - ૩૯૦ ૦૨૪.***
***મો. ૯૪૨૬૪૬૧૦૯૦***

## બ્રેઇન સ્ટ્રોક (બ્રેઇન એટેક)

**(અનુસંધાન : પાના નં.– ૬૨ ઉપરથી ચાલુ)**

૨. જો હાઈ બ્લડ પ્રેશરના કારણે હોય તો લોહીનું દબાણ ઘટાડવાની દવાઓ.

૩. જો લોહીની નળી પહોળી થયેલી હોય (ANEURSYM), જેને ક્રોઈલ દ્વારા ક્લેમ્પિંગ કરવાનું. આ માટે ન્યુરોસર્જનની મદદ લેવી પડે છે.

૪. જો AVM હોય – નસોની અનિયમિતતા, તેને રીપેર કરવી પડે. ઘણી વખત તેને બ્લોક કરવા ઈન્જેક્શન અથવા રેડિયેશન આપવું પડે છે.

- **બ્રેઇન સ્ટ્રોકથી જીવનમાં થતા પ્રશ્નો :**

૧. શરીરના કેટલાક ભાગ ઉપર તમારો કાબૂ જતો રહેવો (પેરાલિસીસ).
૨. વાતચીત કરવામાં મુશ્કેલીઓ, ગળવામાં પ્રશ્નો.
૩. યાદ શક્તિમાં ઘટાડો, વિચાર શક્તિમાં ઘટાડો.
૪. ભાવાત્મક બનવું - ડિપ્રેશનમાં સરી જવું.
૫. જ્યાં પેરાલિસીસ થયું હોય તે અંગમાં દુઃખાવો, ઝણઝણાટી થવી.
૬. વર્તણુંકમાં ફેરફાર - બીજા ઉપરનો સહારો.

***દિમાગ કચરે કા ડિબ્બા નહીં, જીસમેં આપ ક્રોધ, લોભ, મોહ, અભિમાન ઔર જલન રખે;***
***દિમાગ એક ખજાના હૈ જીસમેં આપ પ્યાર, સન્માન, જ્ઞાન વિજ્ઞાન, માનવતા, દયા જૈસી બહુમૂલ્ય ચીજેં રખી જાતી હૈ.***

- **બ્રેઇન સ્ટ્રોક અટકાવવાના ઉપાયો**

૧. ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશરને ચુસ્ત રીતે કાબૂમાં લેવું.
૨. જીવન જીવવાની પદ્ધતિમાં બધો જ ફેરફાર – ખાવાપીવામાં - લોહીમાં રહેલી ચરબી તેના ઘટકોને સલાહ પ્રમાણે કાબૂમાં રાખવા.
૩. ધૂમ્રપાન - તમાકુનું વ્યસન છોડવું.
૪. આદર્શ વજન - જેટલા ઇંચ ઊંચાઈ તેટલા કિલો વજન. પુરુષોમાં ૫ કિલો+, સ્ત્રીઓમાં ૫ કિલો–.
૫. ફળફળાદિ, તાજા શાકભાજી, Anti Oxdiantsનો ઉપયોગ.
૬. નિયમિત યોગા ને કસરત, ચાલવાનું (૩૦ મિનિટ).
૭. દારૂના સેવનથી બી.પી. હાઈ રહે જેનાથી સ્ટ્રોક થવાની શક્યતા વધે.
૮. નશાકારક વસ્તુઓ ઉપર સંપૂર્ણ નિષેધ.

***આમ કરતાં તંદુરસ્ત જીવન જીવી શકાય.***

# પોઝીટીવ બનો અને સ્વસ્થ રહો

ચૌલા કુરૂવા

તબિયત તમારી હંમેશાં ફાઈન જ છે અને ફાઈન જ રહેશે તેમ માનીને જ ચાલો – બસ, આજ થયો તમારો પોઝીટીવ અભિગમ. જિંદગી મજાની છે અને આપણે તો હમેશા ફક્કડ જ રહેવાના... ઓકે જ હોઈએને... જિંદગીમાં સકારાત્મક અભિગમ હમેશાં સુખી કરે છે... પણ મોટાભાગના લોકો નેગેટીવ હોય છે કે સકારાત્મક વલણ ધરાવતા નથી. આપણે ત્યાં જે ટેવ લોકોની છે તે વધારે નેગેટીવ વલણની છે. આવા લોકો એમ જ માને છે કે મને કંઈક થઇ જશે.... હું કમજોર છું... મને આ નહીં જ ફાવે. મારી તબિયત હમેશાં સારી જ રહી શકે એમ માનવામાં આ લોકોનો આત્મવિશ્વાસ ખૂટે છે. સકારાત્મક બનવા તમારે પણ પોઝીટીવ રીતે વિચારવું પડશે. કારણ તમારું વલણ અને વર્તન તમારા વિચારો થકી છે. માટે હમેશાં પોઝીટીવ રીતે વિચારો... સકારાત્મક વિચાર કરો. જેથી તમારો અભિગમ પણ પોઝીટીવ બને. સકારાત્મક વલણ સરળ અને સુખી જીવન જીવવાની અદ્‌ભુત ચાવી છે. તેમજ સ્વસ્થતા માટે પણ જરૂરી છે. નેગેટીવ વલણ અને નેગેટીવ ફીલિંગ્સ આરોગ્યને નુકસાન કરે છે તે આપણે સૌ જાણીએ છીએ. નકારાત્મક વલણથી દૂર રહો અને નેગેટીવ લોકોથી પણ દૂર રહો... નકારાત્મક વલણ તમને જ નુકસાન કરે છે. અશાંતિમાં રાખે છે અને ટેન્શન વધારશે...

શાંતિ જોઈએ છે? આનંદ જોઈએ છે? સુખી થવું છે? તો પોઝીટીવ બનો.... હકારાત્મક બનો અને હકારાત્મક વાતાવરણ તમારી આસપાસ ઉભું કરો. પોઝીટીવ થીન્કિંગ રાખો... એવા જ મિત્રો રાખો જે પોઝીટીવ હોય. નેગેટીવ મિત્રો કે લોકોથી દૂર રહો... આનંદ ને મસ્તીમાં જીવન વિતાવવા નેગેટીવ લોકોથી દૂર રહો. નકારાત્મક લોકોની ઉર્જા તમને નુકશાન કરશે. નકારાત્મક લોકો કાં તો રડતા રહે છે અથવા લડતા રહે છે. આવા લોકો તમારી આસપાસ હોય તો કઈ રીતે તમે આનંદમાં રહી શકશો? આવા લોકો ન તો પોતે સુખી થાય છે, ન તો બીજાને આનંદ લેવા દે છે. નેગેટીવ લોકોની ઉર્જા તમને પણ નુકસાન કરે છે. આવી નેગેટીવ ઉર્જા તમારી ઉર્જાને દબાવી નાખે છે.

આથી તમારી આસપાસના લોકોની ઉર્જા પોઝીટીવ હોય તો તમને ફાયદો થાય છે. જીવન સારી રીતે સ્વસ્થતાથી વીતી શકે છે. પોઝીટીવ ઉર્જા અને પોઝીટીવ થીન્કિંગવાળા લોકોની આસપાસ તમે રહેશો તો જ તમે આગળ વધી શકશો, સુખી અને સફળ બની શકશો, પ્રગતિ કરી શકશો અને જીવનમાં સુખ શાંતિનો અનુભવ કરી શકશો. સકારાત્મક વલણ રાખવા પોઝીટીવ થીન્કિંગ અનિવાર્ય શરત છે. સકારાત્મક વિચારધારા અને આશાવાદી વલણ જ તમને પોઝીટીવ બનાવશે. સંબંધો અને સંજોગો પ્રત્યે પણ સકારાત્મક વલણ કેળવતા શીખો. ટેવ પાડો, આદત નાખો કે તમે સકારાત્મક જ બનો.

જિંદગી થોડી છે. જિંદગી એકમાત્ર છે. સમય કિંમતી છે. એને વેડફો નહીં. જિંદગી જીવવા જેવી છે. એને સકારાત્મક ને પોઝીટીવ વલણથી જ સાર્થક કરી શકાય. જ્યાં સુધી જિંદગી છે, બધું જ કરી શકાય તેમ છે. બધું જ શક્ય છે.

'સાંસ હૈ તબ તક આસ હૈ...'માં વિશ્વાસ રાખો. નસીબ અને કર્મના રોદણા રડશો નહીં. પુરૂષાર્થ અને પરમ શક્તિનો જ ધ્યેય રાખો તેમજ વિશ્વાસ રાખો. શક્તિ, હિંમત અને પુરુષાર્થ જ જીવનમાં સફળતા આપે છે, આનંદ આપે છે. સકારાત્મક વલણ જીવનમાં નવી આશા અને ઉત્સાહ આપે છે.

જીવન જીવવા જેવું છે તેમ સતત આપણને લાગે છે. બધા સારા છે અને સૌ સારા વાના થશે એમ ફીલ કરાવે છે, ફીલગુડની અનુભૂતિ કરાવે છે. નવી આશા, સંચાર અને જોમ-જુસ્સો બક્ષે છે. નવી શક્તિ અને અને નવો ઉત્સાહ આપે છે. સકારાત્મક વલણ જીવનમાં કૈંક સારું કરવા તમને પ્રેરશે, નવી શક્તિ આપશે. શક્તિનો ઉપયોગ સકારાત્મક રીતે કરવા અને નવું સર્જન કરવાની પ્રેરણા આપે છે. તમારું પોઝીટીવ વલણ માત્ર તમને જ નહીં આખા પરિવારને સુખી કરે છે .

જુઓ... આ એક બહુજ પ્રેરણાદાયી વાત છે....

જાપાનના એક ડોક્ટર છે... તેમનું નામ ડૉ. શીગૈકી હિનોહરા. તેઓ ૧૦૨ વર્ષના થયા. તેમણે સુખ અને સ્વાસ્થ્ય વિશે પંદર પુસ્તકો લખ્યા છે. ૧૦૧ વર્ષના થયા ત્યારે લીવિંગ લોંગ, લીવિંગ ગુડ વિશે એક ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું કે, એનર્જી માત્ર સારું ખાવાથી કે પૂરતી ઊંઘ કરવાથી નથી આવતી. પણ ખરી એનર્જી માત્ર સારું ફીલ કરવાથી આવે છે, મજામાં રહેવાથી આવે છે. તેમણે કહ્યું કે જિંદગીને છુટ્ટી મૂકી દો. જમવા અને સૂવા માટે બહુ નિયમો ન બનાવો. બાળકો આવા કોઇ નિયમોને અનુસરતા નથી છતાં એ મસ્ત, ખુશ અને તંદુરસ્ત રહે છે. કારણકે એ દરેક વસ્તુનો આનંદ ઉઠાવે છે. તમે મજામાં રહેશો

(અનુસંધાન : જુઓ પાના નં. – ૬૪ ઉપર)

# બારી મનની

દિનકર ખીમજી ગડા

ઘર એટલે આપણા માટે શાંતિધામ. દેશ વિદેશ ફરી આવ્યા પછી જ્યાં હાશકારો થાય અને થાક ઉતરી જાય. પરસ્પરની હૂંફ અને પ્રેમ લાગણીનું મૂળ સાક્ષી એટલે ઘર. કહે છે કે ઘર તો દુનિયાનો છેલ્લો છેડો છે. જ્યાં સહુને વિશ્રામ આપતો આશ્રમ જ હોય. આપણા જીવનનાં દરેક તબક્કાનું મૂળ સાક્ષી બની રહેતું ઘર. ઘર એટલે એવું સ્થળ જ્યાં મુક્તપણે વિહરી શકાય. ઘર એટલે મન થાય ત્યારે પગ ફેલાવીને આરામ કરી શકાય, ને ધ્રુસકે ધ્રુસકે રડી પણ શકાય. અને એ ઘરનાં બારણાના બે કાન સમી સખીઓ એટલે બારીઓ.

પ્રકાશ અને ઠંડી હવાની લહેરખીનો પ્રવેશદ્વાર એટલે બારી. એ બારીમાંથી ડોકિયા કરી બહારની ચહલપહલ જોવી એક અનેરી મજા છે. બારી બારણાને બંધ કરતા મારે પણ કમને મારી આંખ બંધ કરવી પડે છે, ત્યારે મારા બગલમાંથી કિચુડ કિચુડનો અવાજ કઠે છે. જંખ જેવા રોગ માટે મારે તેલરૂપી દવાના ઘુંટડા પણ ભરવા પડે છે, છતાં સારું લાગે છે.

ઘણીવાર હું બારણાની ગોદમાં ડોકાબારી બની જાઉં છું. ભલભલા ચમરબંદીને પણ મારા પ્રવેશદ્વારે નમવું પડે છે. ત્યારે મારી છાતી ગજ ગજ ફૂલાઈ જાય છે. ડોકાબારી ઘણીવાર ચોકીદારનું કામ કરી જાણે છે. ગીચ ગિર્દીમાં પણ જ્યારે ટ્રેનમાં બારી પાસે બેઠક મળી જાય ત્યારે પ્રવાસીને રાષ્ટ્રપતિ ભવનમાં પ્રવેશ મળ્યા જેટલી ખુશી લાગે છે. હા, એ બારી દુશ્મન લાગે છે કે જ્યારે સોનાની ચેઈન ચોરટોનાં હાથમાં સરકી જાય.

ટ્રેન, મેલમાં પ્રવેશવા મારી ગોદમાંથી ઘુસણપટ્ટી પણ થાય છે. બારીની બહાર જોતાં બધા જ પ્રકૃતિ પ્રેમીઓ નથી હોતા. રેલવે, ઍરપોર્ટ, પોસ્ટ ઓફિસ, રેશનિંગ ઓફિસ, સિનેમા હોલની ડોકાબારી સામે માથુ નમાવવાથી જ પ્રસાદ મળે છે.

વર્ષોની બંધ બારી ખૂલતા જ પ્રકૃતિનો પગપેસારો જમાવટ કરે છે. સવાર સવારનાં સૂર્ય કિરણો ગુડમોર્નિંગ કરતાં મારી છાતી પર ટકોરા મારે છે. બારી બંધ હોય ત્યારે જીવનમાં તાજગી ક્યાંથી આવે? એ.સી. પ્રેમીઓ તો બારી બંધ કરીને મારી છાતીએ બરફનો લપેડો કરી નાખે છે, ત્યારે ગરમીને મારે દુશ્મની વહોરી લેવી પડે છે. બારી ખુલ્લી હશે તો પક્ષીઓનો કલશોર સંભળાશે. બારીમાંથી ક્ષિતિજની પેલે પાર જોવાથી જીવનમાં જીવવાની જડીબુટ્ટી મળી જશે. ખુલ્લી બારી અનહદ તકોની લોટરી સમાન છે. ખુલ્લી બારી જીવનમાં સંસારની વિટંબણાઓનો સામનો કેવી રીતે કરવો એ બોધ આપે છે.

પૂનમની ચાંદની મારામાં પ્રવેશી આખા ઓરડાને પ્રકાશિત કરી જાય છે. સદીઓ પહેલાં વાનર પણ ગુફારૂપી બારીમાંથી પ્રવેશીને જ મનુષ્ય બન્યો હતો ને!

કલાત્મક બારીને બદલે સમયને અનુરૂપ મારા સ્વરૂપમાં પણ બદલાવ આવ્યા છે. છતાં મારો મૂળ સ્વભાવ એ જ કે તાજી હવાને અંદર લાવી પ્રકૃતિના રંગીન દર્શન કરાવવા. બારી ચોવીસ કલાક કામ કરે છે. દિવસે દુનિયા સાથે ભળવાનું કામ કરે અને રાત્રે નીરવ શાંતિમાં તમરાનું સૂરીલું સંગીત મનને પ્રફુલ્લિત કરી આપે.

વિન્ડો સીટની પહેલી પસંદગીની જેમ સામાજિક સંસ્થાઓમાં પણ પ્રવેશ માટે લાગવગ, ભ્રષ્ટાચારની બારી ખુલ્લી રાખવી પડે છે. હિંદી પિક્ચરોમાં પણ બારીનું પદાર્પણ થયેલું જ છે. ફિલ્મ 'પડોશન'માં હીરો હીરોઈનને પ્રભાવિત કરવા બારી સામે બેસીને ગીત ગાય છે. મેરે સામને વાલી ખીડકી મેં એક ચાંદ સા મુખડા રહતા હૈ... ફિલ્મ 'ખિલોના'માં સંજીવ કુમાર હીરોઈન મુમતાઝને પોતાની દર્દભરી દાસ્તાનથી પોકારે છે. એ બંને બારી બંધ થઈ જાય તો?

ઘરની વળીયોમાં ચકલી માળા બાંધવા સળીઓ લઈને મારી રજા વગર ફરરર કરતી વહી જાય છે. આજે બારણાના બે કાન સમી બારીઓ એટલે શુભ અને લાભની સાથે ગળીથી દોરેલા મોરના ચિત્રો પણ વખત જતાં મોરના પીંછા ખરી ગયા છે.

મન પણ એક બારી છે. મનરૂપી બારીમાં કેવા વિચારો દાખલ કરવા એ મનુષ્યની પ્રકૃતિ પર છે. જીવન સુમધુર ત્યારે જ બને જ્યારે મનની બારી ખુલ્લી હશે. મનની બંધ બારીના કારણે ભૌતિક સુખ અને પ્રકૃતિ સાથેનું સુખ ગુમાવી દે છે. સરવાળે તન અને મન મારી જેમ બંધિયાર બની જાય છે. ભલે આપણે શહેરમાં વસતા હોઈએ પણ બારીમાંથી જેટલું આકાશ દેખાય, એટલું જોઈ તો લઈએ. ભલે આપણે કારમાં હોઈએ, કારની બારીમાંથી પણ એકાદ દૃષ્ટિ દરિયા પર પડે તો એટલી ક્ષણ એ નાવ થઈને ભલે તરે. શહેરમાં ભલે ટાવરો હોય પણ વચ્ચે ક્યાંક વૃક્ષો જોવા મળે તો એકાદ ક્ષણ માનસિક રીતે ફૂલ થઇને એની ડાળ પર ઝુલી તો શકીએ. અંતે વૃંદાવનમાં વેદનાનું રૂપાંતર ત્યારે જ થાય જ્યારે મનની બારી ખુલ્લી હોય.

*મુલુંડ, મુંબઈ. ● મો. ૯૮૬૭૩ ૩૧૬૨૮*

# બ્રેઈન સ્ટ્રોક (બ્રેઇન એટેક)

ડૉ. કમલેશ એન. શાહ
M.D.

મગજમાં જ્યારે તેના કોષોને લોહી પહોંચાડવામાં અડચણ આવે ત્યારે બ્રેઈન સ્ટ્રોક આવે છે. આ સમયે મગજના કોષોને ઓક્સિજન તથા લોહીના અગત્યના ખોરાકના તત્ત્વો પહોંચતા નથી. આ કારણે મગજના કોષો થોડીક મિનિટોમાં મૃત્યુ પામે છે. હવે આ સમય કેટલો છે તેના ઉપર મગજને નુકશાનની ખબર પડે છે. જેના કારણે અપંગતા (પેરાલિસીસ), કોમા કે મૃત્યુ આવી શકે છે.

*બ્રેઈન સ્ટ્રોકના બે પ્રકાર છે.*

૧. લોહીનો પુરવઠો મગજની નસને – તેમાં ગઠ્ઠો કે ગઠ્ઠી થવાના કારણે અવરોધ પામે છે. આ પ્રકાર લગભગ બ્રેઈન સ્ટ્રોકના ૮૦% વ્યક્તિઓને થાય છે. જેને અંગ્રેજીમાં Ischemic Stroke કહેવાય છે.

૨. **હેમરેજીક સ્ટ્રોક** : મગજની લોહીની નસ / નસો તૂટવાને કારણે લોહી વહે છે. જે મગજના કોષોમાં ફેલાય છે. જેના કારણે આ સ્ટ્રોક આવે છે.

૩. **મિનિ સ્ટ્રોક** (TIA) જેને TRANSIENT ISCHEMIC ATTACK કહેવાય છે. જ્યારે મગજના કોષોને ટૂંકા સમય માટે લોહી પહોંચતું નથી. આ કારણે મગજના કોષોને કાયમી નુકસાન નથી પણ આ વ્યક્તિઓને ઉપરના (૧) અથવા (૨) સ્ટ્રોક આવવાની શક્યતા વધારે રહે છે.

- **બ્રેઇન સ્ટ્રોક થવાના કારણો :**

(૧) લોહીનું ઊંચું દબાણ, (૨) ડાયાબિટીસ, (૩) હૃદયરોગ જેમાં હૃદયના ધબકારા અનિયમિત થાય (Atrial Fibrillation જન્મજાત હૃદયના રોગો ASD / VSD હૃદયના પડદામાં છિદ્ર રહેવું), (૪) ધૂમ્રપાન, (૫) વારસાગત F/H/O હાર્ટ ઍટેક, બ્રેઈન સ્ટ્રોક, (૬) ઉંમર - વૃદ્ધાવસ્થા, (૭) દુનિયાના આફ્રિકન, અમેરિકન અને હિસ્પેનિક (HISPANIC) યુરોપના દેશોના લોકોમાં વધારે જોવા મળે છે. (૮) દારૂ અને નશાની દવાઓ, (૯) પૂરતા પ્રમાણમાં આરામનો અભાવ, (૧૦) ગરબડવાળી ચરબી (Abnormal Lipid Profile), (૧૧) ફાસ્ટ ફુડ, (૧૨) મેદસ્વિતા (Obesity), (૧૩) કોવિડ-૧૯નો ચેપ.

- **બ્રેઇન સ્ટ્રોકના લક્ષણો :**

૧. અચાનક શરીરના એક અંગ - હાથ પગ, મોઢા ઉપર અશક્તિ, બહેરાશ આવી જાય.

૨. બોલવામાં તકલીફ. બોલી ન શકે, ગુંચવાડાવાળું બોલાય.

૩. આંખે જોવામાં તકલીફ પડવી.

૪. ચાલવામાં બેલેન્સ જતું રહેવું, ચક્કર જેવું લાગવા માંડે (આંખે અંધારા).

૫. એકાએક માથું દુઃખવા લાગે - જે જાણીતા કારણોમાંનું એક ન હોય.

- **બ્રેઇન સ્ટ્રોકના નિદાન માટે :**

૧. શરીર, મોં, હાથ-પગની સંપૂર્ણ તપાસ (Neurological Examination)

૨. મગજનો CT SCAN અથવા MRI with Angio.

૩. હૃદયનું કારણ શોધવા ECG તથા 2-D Echo.

- **બ્રેઇન સ્ટ્રોકની સારવાર :**

૧. સ્ટ્રોક અટકાવવાના ઉપાયો - કારણો શોધી સારવાર કરવી.

૨. અચાનક સ્ટ્રોકથી થતા મગજના કોષોને નુકસાનીથી બચાવવા.

અચાનક સ્ટ્રોક માટે વિન્ડો પીરીયડ અગત્યનો છે. જેમાં શરૂઆતના ચાર કલાકમાં લોહીમાં જામી ગયેલો ગઠ્ઠો ઓગાળવા માટેના ઈન્જેક્શનો – +PA – (TPA) (Tissue Plasminosen Activator) જે લોહીના ગઠ્ઠાને ઓગાળી ઉપર બતાવેલા લક્ષણોમાંથી રાહત આપે ને વધુ મગજના કોષોને નુકસાન થતું અટકાવવાના કારણે મગજની લોહીની નસોમાં સરક્યુલેશન ચાલુ થતાં મગજના કોષોને ઓક્સિજન તથા પોષક તત્ત્વો મળી રહે છે. દર્દી તંદુરસ્ત બની જાય છે.

૩. જો આ સારવાર ઉપલબ્ધ ન થાય તો લોહીમાં રહેલા ત્રાક કણો ભેગા થતા અટકાવવાની સારવાર Anti Platelet દવાઓ – DISPIRIN, CLOPIDOGREL.

૪. લોહી પાતળું કરવાની દવાઓ APAXIBAN.

૫. આ સાથે ગળામાં રહેલી નસો CAROTD ARTERIES માટે કલર ડોપ્લર ટેસ્ટ કરાવી તેમાં રહેલા અવરોધો સર્જરી દ્વારા કે એન્જિયોપ્લાસ્ટી + સ્ટેન્ડ દ્વારા દૂર કરવા.

- **(A) પ્રકારના હેમરેજીક સ્ટ્રોકની સારવાર**

૧. ક્યાંથી લોહી વહી જાય છે તે કારણ શોધવાનું.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૯ ઉપર)

# ફીટની બીમારી – એપિલેપ્સી : ભાગ-૩ : નિદાન

ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

ક્લિનીકલી ફીટનો હુમલો ત્રણ તબક્કામાંથી પસાર થાય છે.

**૧. શરૂઆત : ઓરો (Auro)**

ફીટનો હુમલો આવવાની શરૂઆતમાં ઘણા દર્દીઓને ઈન્દ્રિયોમાં સંવેદના તથા ભાસ થાય છે જેવા કે ઓચિંતી દુર્ગંધ આવવી, જીભમાં ખોરાકનો સ્વાદ આવવો, આંખોમાં પ્રકાશના ઝબકારા થવા, ત્વચા પર જીવજંતુઓ ચાલતા હોય એવો ભાસ થવો વગેરે.

આ તબક્કો થોડી સેકન્ડ્સથી ત્રણેક મિનિટ સુધી રહે છે. ત્યારબાદ બીજો તબક્કો શરૂ થાય છે. કોઈક કિસ્સામાં ૩૦ મિનિટ જેટલો સમય આ તબક્કો રહે છે. ઘણા દર્દીઓને આની જાણકારી રહે છે અને તેઓ સમજી જાય છે કે ફીટનો હુમલો શરૂ થયો છે.

**૨. મધ્ય : ઇક્ટલ (Ictal)**

મોટાભાગના દર્દીઓ આ તબક્કામાં ભાન / ચેતના ગુમાવે છે, બેશુધ્ધ થાય છે. સ્વૈચ્છિક સ્નાયુઓ લાકડાની જેમ ટાઈટ થઈ જાય છે. આ બે-એક મિનિટ ચાલે છે. ત્યારબાદ ટોનિક ક્લોનિક શરૂ થાય છે. સ્નાયુઓ ટાઈટ થાય - ઢીલા થાય, ટાઈટ થાય - ઢીલા થાય. આ ૩-૪ મિનિટ ચાલે છે. ત્યારબાદ દર્દી શાંત પડી બેશુધ્ધ અવસ્થામાં રહે છે. સ્નાયુઓ ઢીલા થઈ જાય છે. આ સંપૂર્ણ તબક્કો ૫ થી ૭ મિનિટ ચાલે છે.

**3. અંત : પોસ્ટ ઇક્ટલ (Post Ictal)**

આ સ્થિતિની શરૂઆત જ્યારે સ્નાયુઓ ઢીલા થઈ જાય અને દર્દી બેશુધ્ધ અવસ્થામાં હોય છે ત્યારથી થાય છે. દર્દી ધીમે ધીમે શુદ્ધિમાં આવે છે. થોડા સમય બાદ સંપૂર્ણ જાગૃત અવસ્થામાં આવે છે. સંપૂર્ણ શુદ્ધિમાં આવવા માટે થોડી મિનિટોથી કલાક સુધીનો સમય લાગે છે. આ સમય હુમલાનો પ્રકાર તથા મગજના કયા ભાગમાં અસર કરે છે તેના પર આધારિત છે.

ફીટનું નિદાન કરવા માટે પોસ્ટ ઈક્ટલ તબક્કામાં થતા દર્દીમાં પરિવર્તન મહત્ત્વના મુદ્દા બને છે.

દર્દીને માથાનો દુઃખાવો થાય છે, શરીરમાં કળતર થાય છે, ઊંઘ જેવું લાગ્યા કરે છે.

સ્નાયુઓ ઢીલા થયા હોવાથી કપડામાં પેશાબ નીકળી જાય છે. ઘણી વખત સંડાસ પણ કપડામાં થઈ જાય છે. દર્દી જમીન પર પટકાય છે. જેથી શરીરમાં લાગવું, લોહી નીકળવું, ફ્રેક્ચર થવાની શક્યતા ગણી હોય છે. જીભ બે દાંત વચ્ચે આવી જવાનું, જીભ કચડાઈ જાય છે, લોહી નીકળે છે.

જો ઉપરોક્ત લક્ષણોમાંથી એક અથવા વધારે લક્ષણો પોસ્ટ ઈક્ટલ તબક્કામાં જોવા મળે તો આ ફીટ એપિલેપ્સીનો હુમલો જ છે એમ સચોટ રીતે નિદાન કરી શકાય.

- **બે ફીટના હુમલાની વચ્ચેનો સમય :**

બે ફીટના હુમલાની વચ્ચેના સમયમાં મોટા ભાગના વ્યક્તિઓ નોર્મલ હોય છે.

બે ફીટના હુમલાની વચ્ચે શારીરિક તપાસ તથા લેબોરેટરી તપાસ નોર્મલ આવે છે. ફક્ત બ્રેઈન - મગજની બીમારી હોય તો બીમારીના પ્રમાણે તપાસ એબનોર્મલ આવે છે.

- **ફીટનો હુમલો આવવાની શક્યતા વધારે :**

નિમ્નલિખિત પ્રસંગો / પરિસ્થિતિમાં વ્યક્તિને ફીટ આવવાની શક્યતા વધી જાય છે.

૧. માનસિક સ્ટ્રેસ, મનને અસર કરતા નકારાત્મક પ્રસંગો, દુઃખના બનાવો.
૨. ઊંઘની સમસ્યાઓ, ઊંઘ ન આવવી, ઓછી આવવી, મોડી રાત સુધી જાગતા રહેવું, મોડી રાત સુધી ટી.વી. જોવું.
૩. ભૂખ્યા રહેવું, સમય પર ન જમવું.
૪. શારીરિક બીમારી આવવી. ખાસ કરીને તાવ.
૫. ફીટની દવાઓ નિયમિત ન લેવી.
૬. શરીરમાં પાણી ઓછું થવું (ડીહાઈડ્રેશન)
૭. સ્ત્રીઓમાં માસિક આવવાના બે-ત્રણ દિવસ પહેલા હોરમોનલ ફેરફારો.
૮. વધુ પડતો શારીરિક શ્રમ કરવો, વધારે પડતી કસરત કરવી.
૯. ઝબકતી, ઉઘાડ-બંધ થતી લાઈટ / પ્રકાશ.

- **ફીટ / હુમલાનું નિદાન :**

ફીટ / હુમલાનું સચોટ નિદાન ખૂબ જ અગત્યનું છે. આથી યોગ્ય સારવાર થઈ સકે તથા દર્દી ગુણવત્તાભર્યું જીવન જીવી શકે.

અન્ય બીમારીઓના નિદાન માટે જે પ્રક્રિયા અપનાવવામાં આવે છે, એ જ પ્રક્રિયા હુમલાના નિદાન કરવા અપનાવવામાં આવે છે.

**૧. ઊંડાણમાં તબીબી માહિતી / ઇતિહાસ :**

હુમલાના નિદાન માટે આ મહત્ત્વનું પગલું છે. જેમાં ધીરજપૂર્વક ઊંડાણમાં માહિતી મેળવવી જોઈએ. હુમલા દરમિયાન દર્દી બેશુદ્ધ હોવાથી એની પાસે ઊંડાણમાં માહિતી મળતી નથી. જેથી સ્વજન અથવા જે વ્યક્તિ હાજર હોય તથા નજરે જોયું હોય એ વ્યક્તિ પાસેથી માહિતી મેળવવી અગત્યનું છે.

નિમ્નલિખિત પ્રશ્નો વિશે માહિતી મેળવવામાં આવે છે. હુમલો કેવી રીતે શરૂ થયો, કેવી રીતે આગળ વધ્યો, કેવી રીતે અંત આવ્યો, હુમલો પૂરો થયા બાદ એ વખતે જીભમાંથી લોહી નીકળ્યું? જીભમાં કાપો પડ્યો? કપડામાં પેશાબ કે સંડાસ નીકળ્યું? અન્ય બીમારીઓ છે કે નહીં તથા દવાઓ કઈ ચાલુ છે.

**૨. વૈદ્યકીય શારીરિક તપાસ**

ફીટના હુમલા બાદ દર્દી નોર્મલ થયા બાદ જ ડૉક્ટર પાસે આવે છે. મોટાભાગના દર્દીઓમાં એ વખતે વૈદ્યકીય તપાસ નોર્મલ આવે છે.

**૩. લેબોરેટરી, ઈઈજી, સી.ટી./એમ.આર.આઈ. સ્કેન**

લેબોરેટરી તપાસ સી.બી.સી., થાઈરોઈડ, ડાયાબિટીસની બીમારી માટે તપાસ કરવામાં આવે છે.

**૪. ઇ.ઇ.જી. (ઇલેક્ટ્રોએનસેફેલોગ્રામ)**

જેવી રીતે કાર્ડિયોગ્રામમાં હૃદયની ઈલેક્ટ્રીક પ્રક્રિયાની નોંધ / ગ્રાફ લેવાય છે તેવી જ રીતે ઇ.ઇ.જી. બ્રેઈનની ઈલેક્ટ્રીક પ્રક્રિયાની નોંધ / ગ્રાફ લેવાય છે. ઇ.ઇ.જી.માં વાયરો માથામાં લગાડવામાં આવે છે. ઇ.ઇ.જી. વખતે દર્દીને કોઈપણ તકલીફ થતી નથી.

બ્રેઇનની ફીટ - વાઈમાં ઇ.ઇ.જી.માં અલગ પ્રકારની નોંધ / ગ્રાફ રેકોર્ડિંગ આવે છે (સ્પાઇક એન્ડ વેવનો ગ્રાફ). નોર્મલ વ્યક્તિના ઇ.ઇ.જી. ગ્રાફમાં આ જોવા મળતું નથી.

**૫. બ્રેઇનના સી.ટી. / એમ.આર.આઈ. સ્કેન :**

સી.ટી./એમ.આર.આઈ. સ્કેન કરવામાં આવે છે. જેમાં બ્રેઇનમાં કોઈ અન્ય બીમારી (મગજમાં ટ્યુમર/ગાંઠ, હેમરેજ વગેરે) છે કે નહીં એની જાણકારી મળે છે, જે સારવાર માટે ખૂબ જ અગત્યનું છે.

● **ફીટ / હુમલાના કારણો :**

ફીટના કારણોને મુખ્ય બે વિભાગોમાં વહેંચવામાં આવે છે.

**૧. ઇડિયોપેટીક / પ્રાઈમરી ફીટ**

અડધાથી વધારે હુમલા/ફીટના દર્દીઓમાં બધી તપાસ બાદ કોઈ કારણ મળતું નથી.

**૨. સેકન્ડરી ફીટ**

ફીટના હુમલાના કારણો નીચે પ્રમાણે વર્ણવી શકાય.

*(અ) અનુવાંશિક જીનેટીક :* કુટુંબમાં એક વ્યક્તિને ફીટની બીમારી હોય તો લોહીનો સંબંધ ધરાવનાર વ્યક્તિઓમાં આ બીમારી થવાની શક્યતા વધારે છે.

*(બ) બ્રેઈનમાં અન્ય બીમારીઓ :* મગજમાં ટ્યુમર/ગાંઠ, સ્ટ્રોક, હેમરેજ, બ્રેઇનની ધમનીઓમાં/નસોમાં ફેરફારો. જેથી બ્રેઇનમાં લોહી પહોંચાડવામાં અડચણો.

*(ક) માથામાં ઈજા :* એક્સિડન્ટથી બ્રેઇનમાં ઇજા.

*(ડ) બ્રેઈનમાં ઈન્ફેક્શન :* મેનિનજાઈટીસ, એન્કેફેલાઈટીસ.

*(ઈ)* મગજમાં જન્મજાત વિકાસમાં અવરોધ.

*(ક્રમશઃ)*

## પોઝીટીવ બનો અને સ્વસ્થ રહો

(અનુસંધાન : પાના નં. – ૬૦ ઉપરથી ચાલુ)

તો સાજા રહેશો. મનને મજબૂત રાખો. આનંદમાં રહો, પોઝીટીવ રહો... સકારાત્મક વલણ અને વિચારો રાખો તો હેલ્થ પણ ઓકે જ રહેશે. મસ્તીમાં જીવો. જિંદગી મજાની છે અને દુનિયા પણ સુંદર છે. તમારી પાસે તેને જોવાના સાફ ચશ્મા હોવા જોઈએ. નેગેટીવ વિચારો અને નકારાત્મક માનસિકતા જ માણસને બીમાર પાડે છે કે દુઃખી રાખે છે. શરીર દરેક પરિસ્થિતિમાં અનુકૂળ થતું હોય છે. માણસ મનથી પરિસ્થિતિને સ્વીકારતો નથી એટલે તેને આકરું લાગે છે. જે લોકો નીરોગી છે, તેઓ હંમેશાં આશાવાદી હોય છે અને આનંદમાં રહેતા હોય છે. નેગેટીવ લોકોને આરોગ્ય સંબંધમાં કોઈક ને કોઈક સમસ્યા હંમેશાં રહેતી હોય છે. કારણ જો તમે રડતા રહેશો તો જિંદગી પણ રડ્યા જ કરશે અને શરીર પણ નરમ ગરમ રહ્યા કરશે. જિંદગીને મસ્તીથી જીવો... નિજાનંદમાં મસ્ત રહેતા શીખી જાઓ. પારકી પંચાત છોડો અને આજનો જ વિચાર કરો.

સકારાત્મક રીતે વિચારો અને રહો, તો સ્વસ્થ અને નીરોગી રહેવામાં કોઈ સમસ્યા નહીં થાય. પ્રચલિત રીતે કહેવાય છે કે **પોઝીટીવ રહેનારને કોઈ ઝેર મારી ન શકે અને નેગેટીવ રહેનારને કોઈ દવા સાજા ન કરી શકે.** સારા સ્વાસ્થ્ય અને નીરોગી રહેવાની શરત છે – પોઝીટીવ બનો અને પોઝીટીવ લાઈફ જીવો.

# કચ્છનું એક રળિયાત નામ : રસિક મહેતા

સંજય પી. ઠાકર

*લાવણ્ય મધુર ભાષાવૈભવ, વેગવંતી શૈલી, ભાવોની ઊર્મિલતા, વિપુલ શબ્દ ભંડોળ, ત્વરિત પ્રસંગ નિરૂપણ, ક્રાંતદર્શી ઉદ્દામ વિચારો અને વસ્તુ રજૂ કરવાની આગવી છટાથી વિશિષ્ટ ભાત ઉપસાવનાર લોકપ્રિય નવલકથાકાર અને અનેકાનેક ક્ષેત્રનું ખેડાણ કરનાર રસિક મહેતાએ વિવિધ સ્વરૂપના ૧૩૫ જેટલાં પુસ્તકો વાચકોને ભેટ ધર્યા છે!*

કચ્છના પ્રવેગમાન અને પ્રયોગશીલ સર્જક રસિક મહેતાએ ૧૩૫ જેટલાં વિવિધ સ્વરૂપનાં પુસ્તકો વાચકોને ભેટ ધર્યા છે. એમની ઝંઝાવાતી કલમે અનેક રીતે વિક્રમો સજર્યા છે. કેવળ સંખ્યાની દૃષ્ટિએ નહીં, લોકપ્રિયતા અને વેચાણની દૃષ્ટિએ પણ બે પેઢીના લેખકોમાં તેમણે મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ભુજ (કચ્છ)ના રસિક મહેતા અઢાર વર્ષની કિશોર વયે કલકત્તા જઈ, ફિલ્મ ક્ષેત્રે અને પછી મુંબઈ આવી, એક દાયકા પર્યંત ફિલ્મ પત્રકારત્વ ક્ષેત્રે કામ કરી તેમણે સારી નામના જમાવી હતી. ૧૯૬૧થી નવલકથા સર્જનમાં ઝંપલાવ્યું, કહો કે કલમના ખોળે માથું મૂકી દીધું હતું. એ પછી તો એમની કલમે તેજ ગતિ પકડી, ૧૩૫ જેટલાં વિવિધ વિષયના પુસ્તકો તેમણે આપ્યાં. એમની જોશીલી અને જોમવંતી સર્જકતાએ અનેકાનેક સીમાચિહ્નો સ્થાપ્યાં. ૧૩૫ પુસ્તકો પૈકી ૯૦ નવલકથા, ૩૦ ઐતિહાસિક કથા તથા અન્ય કૃતિઓનો સમાવેશ થાય છે. તેમની પંદરેક નવલકથાનો હિંદીમાં અનુવાદ થયો છે. ‘હૃદયલક્ષ્મી’, ‘શ્વેતરાત્રિ’, ‘શ્યામસિતારા’, ‘એક જિંદગી લાખ આંસુ’, ‘ધબકાર’, ‘પ્રણય પ્રકાશ’, ‘સુહાસિની’, ‘મંદારમંજરી’, ‘શમણાં સળગ્યાં સુહાગરાતે’, ‘સારસ બેલડી’... અનુવાદ પામેલી આ નવલકથાઓનો સમાવેશ થાય છે. તેમની પહેલી નવલકથા હતી, પ્રણય પ્રકાશ. નવભારત સાહિત્ય મંદિરના સ્થાપક ધનજીભાઈ શાહ સાથે તેમણે નવલકથાકાર તરીકેનો પ્રારંભ કર્યો હતો. ભાષા શુદ્ધિ અને સાચી જોડણીના તેઓ આગ્રહી હતા.

લાવણ્ય મધુર ભાષાવૈભવ, વેગવંતી શૈલી, ભાવોની ઊર્મિલતા, વિપુલ શબ્દ ભંડોળ, ત્વરિત પ્રસંગ નિરૂપણ, ક્રાંતદર્શી ઉદ્દામ વિચારો અને વસ્તુ રજૂ કરવાની આગવી છટાથી એમનાં પુસ્તકોએ સાહિત્યમાં એક નવી વિશિષ્ટ ભાત ઉપસાવી છે. ગુજરાત સરકારે અને સાહિત્ય અકાદમીએ ચાર-ચાર વખત પહેલાં અને બીજાં ઈનામો આપીને તેમની કદર કરી છે. તેમને કચ્છશકિત સાહિત્યરત્ન સહિત સેંકડો પુરસ્કાર પારિતોષિક પ્રાપ્ત થયા હતા. તેમના કેટલાય પુસ્તકોની છ-છ, સાત-સાત આવૃત્તિઓ થઈ ચૂકી છે. દુનિયાને એઈડસ જેવા વિશ્વ વ્યાપી મહાવ્યાધિનો હજુ પરિચય થયો ત્યારે તેમણે તે વિશે પુસ્તક પણ આપ્યું. તે પાછળ તેમની સર્જકતા અને સંવેદનાનો ફાળો રહ્યો છે એમ કહી શકાય. ગુજરાતી સાહિત્યમાં નવલકથાકાર તરીકે જે કેટલાક નવલકથાકારોને અત્યંત લોકપ્રિયતા મળી છે, તેમાં રસિક મહેતાનો પણ સમાવેશ થાય છે. તેમણે સાહિત્યના સથવારે સેલિબ્રિટી બની સ્ટારડમ ભોગવ્યું છે.

ગુજરાત – ભારતમાં જ નહીં, ઈંગ્લેન્ડ – આફ્રિકામાં પણ તેમની ફેન કલબ બની હતી. ઓટોગ્રાફ માટે લાઈન લાગતી. શ્રીમંત લોકો પોતાના પ્રસંગમાં તેમને હાજર રાખવા પ્રયાસ કરતા. રીક્ષાવાળા તેમની પાસેથી ભાડું ન લે, વિમાનના પાયલટ તેમને મળવા આવે... – આવો તેમનો ઠાઠ હતો. અમેરિકાની વૉશિંગ્ટનની એક સંસ્થા અને ગુજરાતની લેન્ગ લાયબ્રેરીએ પોતાના વાચકોનું સર્વેક્ષણ કરેલું તેમાં ગુજરાતી ભાષામાં સૌથી વધારે લોકપ્રિય લેખક રસિક મહેતા જણાયા હતા.

તેમની એક નવલકથા ‘એક જિંદગી, લાખ આંસુ’ હિંદીમાં અનુવાદિત થઈ. રાજસ્થાનની કિશનગઢ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ક્ષેત્રે પીએચ. ડી. અભ્યાસક્રમમાં સ્થાન પામી હતી. રસિક મહેતાની ‘સારસ બેલડી’ નવલકથાના આધારે હિંદી ફિલ્મ ‘થોડી સી બેવફાઈ’ બની હોવાનું વાચકો માને છે. જો કે, ફિલ્મ મેકરે તેમને ક્રેડિટ આપવાનો વિવેક નહોતો કર્યો. રસિકભાઈ કટાર લેખક પણ હતા. મુંબઈના રાષ્ટ્રવાણી, ચિત્રવાણી તથા ચંદ્રપ્રકાશ જેવા સામયિકોમાં નિયમિત લેખન કર્યું હતું. રસિકભાઈ ૭૯ વર્ષ જીવ્યા. જીવનનો ઉત્તરાર્ધ તેમણે અમદાવાદ અને વડોદરામાં વ્યતિત કર્યો હતો. જીવનનાં છેલ્લાં વર્ષોમાં તેમણે આધ્યાત્મિક પુસ્તકો પણ લખ્યા હતા.

રસિકભાઈના દીકરા ઉત્પલભાઈ અને તેમનાં માતા-રસિકભાઈનાં જીવનસાથી શોભનાબેન વડોદરા રહે છે. ઉત્પલભાઈ નીવડેલા અને ઉત્તમ ફિલ્મ મેકર છે. તેમણે મુંબઈમાં ખૂબ કામ કર્યું છે. ઉત્પલભાઈ, રસિક મહેતાના તમામ પુસ્તકો, આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી ડિજિટલ સ્વરૂપે સમગ્ર વિશ્વ

સમક્ષ મૂકી રહ્યા છે. રસિકભાઈની ઉત્તમ કૃતિઓ આ રીતે નવાં સ્વરૂપે વાચકો સમક્ષ મુકવાનો તેમનો સંકલ્પ સરાહનીય છે. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને મહારાવ વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલય, ભુજના સંયુકત ઉપક્રમે રસિક મહેતા પરિસંવાદ ૨૨મી જાન્યુ. ૨૦૨૩ના ભુજ ખાતે યોજાયો હતો. જેમાં પુત્ર ઉત્પલ મહેતાની ઉપસ્થિતિમાં રસિકભાઈના સાહિત્ય સર્જનનાં ઓવારણાં લેવાયાં હતા.

*'ખિંકાર', પ્લોટ નં. ૧૮૯-૧૯૦, આઈયા નગર,*
*મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩*

## અબોલ ઋણાનુબંધ

આ એક એવી વાત છે, જે કદાચ આજના ઝડપી અને આધુનિક યુગમાં તમે તરત સ્વીકારી નહીં શકો, પણ જેમણે પ્રકૃતિને હૃદયથી ઓળખી છે, તેમના માટે આ વાત જીવનનું અનમોલ ઘરેણું છે.

મેં આ ઘટના મારા દાદી મણિ મા પાસેથી સાંભળી હતી. એક સંબંધની કથા, જે માનવ અને પંખી વચ્ચે બંધાયો હતો. જે પ્રેમ અને કર્તવ્યની પરાકાષ્ઠા હતી. “તારા દાદા, એ તો ધર્મના માણસ. પવિત્ર જીવન જીવતા.” દાદીએ વાત શરૂ કરી હતી. “એ વહેલા ઊઠીને સંધ્યા વંદન કરે, દેવની પૂજા કરે અને બાર વાગે બરાબર સૂર્યને અર્ધ્ય આપે. એ જમાનામાં ઘર દેશી નળિયાના હતાં, પણ ઘરની સામે લોખંડના પતરાનો એક મોટો શેડ બનાવેલો, જેને ગામડામાં સૌ ‘ઢાળિયું’ કહે. દાદાની પૂજા મધ્યાહન સુધી ચાલતી અને બરાબર સૂર્યને અર્ધ્ય આપવાનો સમય થાય, એટલે એક ઘટના નિયમિત બનતી. એ જ ક્ષણે, એક કબૂતર... એક પારેવું... ફીટ મધ્યાહને તે ઢાળિયા પર આવીને બેસતું અને ‘ઘુઘુઘુ’ કરતું ઘર ગજવી મૂકતું. દાદા પૂજા પૂરી કરે એટલે ‘ભૂતયજ્ઞ’ કરે. પારેવાને એક મુઠ્ઠી જુવાર નાખે.

આ રોજનો ક્રમ બની ગયો. દાદા ધાર્મિક કર્મકાંડોમાં વધારે સમય વિતાવતા, એટલે સ્વાભાવિક ગરીબી તો હતી જ. યજમાનની દક્ષિણા પર ઘર ચાલતું, પણ આ ક્રમ ક્યારેય તૂટતો નહીં. અને પારેવાનો ક્રમ પણ એવો જ અટલ હતો. જે દિવસે દાદા કોઈ કામ અર્થે બહારગામ જાય, તે દિવસે પારેવું આવે ખરું, પણ એક પણ અનાજનો દાણો મોઢામાં ન નાખે. તે માત્ર ઘુઘુઘુ કરતું આસપાસ ફરે અને પછી ઊડી જાય. દાદા ઘેર આવે એટલે દાદી પાણી આપે. દાદાનો પહેલો સવાલ હોય, “પારેવાને ચણ નાખ્યું હતું?” દાદી કહે, “હા નાખ્યું હતું, પણ એ ક્યાં તમારા સિવાય કશું ખાય છે! બસ ઘુઘુઘુ કરીને થોડીવાર પછી ઊડી જાય છે.”

બીજા દિવસે દાદા જાણે તર્પણ કરતા હોય એમ, હાથમાં દાણા રાખી એ પારેવાને ખવડાવે. એ પારેવું પણ ઘુઘુઘુઘુ કરતું થોડું ખાય, ફુદડી ફરે અને વળી દાદાના હાથમાંથી દાણા ખાતું રહે. એ બંનેનો એવો નિષ્પાપ પ્રેમ જોઈને દાદીનું હૈયું પણ હરખાઈ જતું. સમય વીતતા ક્યાં વાર લાગે છે! એક દિવસ તારા દાદા બીમાર પડ્યાં. એ જમાનામાં આજની જેવી સગવડ નહોતી. વૈદ્ય આવતા, સારવાર કરતા. પણ દાદા બીમાર હોવા છતાં, પારેવાને ચણ નાખવાનું ક્યારેય ન ભૂલે. હવે બીમારી વધતી ગઈ. દાદા ઊભા પણ ન થઈ શકે. પણ મધ્યાહન આવે એટલે પારેવું ઢાળિયા પર આવી જાય. જ્યાં સુધી દાદાને ના જુએ ત્યાં સુધી ‘ઘુઘુઘુઘુ’ કરીને આખું ઘર ગજવી મૂકે. જાણે તે દાદાને બહાર આવવા માટે વિનંતી કરતું હોય.

શરીર તો નાશવંત છે. એક દિવસ દાદાએ દેહ છોડી દીધો. ઘરમાં શોકનો માહોલ હતો. તેમની અંત્યેષ્ટિ વિધિની તૈયારીઓ ચાલુ થઈ. ઓસરીમાં દાદી હૈયાફાટ રૂદન કરવા લાગ્યાઃ “હે પારેવા! તને દાણા દેનાર હાલી નીકળ્યો, હવે તને કોણ ખવડાવશે!” અને સાચે જ, એ પારેવું પતરાના શેડ પર બેઠું હતું, ચૂપચાપ આ બધું જોતું હતું. દાદી માંડ શાંત થયાં. પછી દાદાને ખભા પર ઉપાડ્યા. સ્મશાન યાત્રા નીકળી. બધાની આંખોમાં આંસુ હતાં, ત્યારે સૌએ એક અદ્‌ભુત દશ્ય જોયું. પેલું પારેવું ઉડીને નનામી ઉપર દાદાના પગ પાસે બેસી ગયું!

સ્મશાન સુધી, એ પારેવું નનામી પર જ બેસીને ગયું. જ્યાં સુધી દાદાની ચિતા સળગતી રહી, ત્યાં સુધી તે નજીકના એક ઝાડ પર બેઠું રહ્યું. પછી તો એ ક્યારેય જોવામાં નથી આવ્યું. જાણે કોઈ ઋણાનુબંધ પૂર્ણ કરીને એ પંખી મુક્ત થઈ ગયું.

દાદીને તો હવે પરિવારના પાલન પોષણની ચિંતા હતી. બરાબર તેરમાના દિવસે, જાણે ઈશ્વરીય સંકેત હોય તેમ, તાલુકામાંથી એક સાહેબ આવ્યા અને તારા બાપાના હાથમાં માસ્તરનો હુકમ (નોકરીનો ઓર્ડર) આપ્યો.

સંયુક્ત કુટુંબમાં રહેતા હતા એટલે દાદી પાસે આવા સંસ્કાર અને વારસાની અવનવી વાતો જાણવા મળતી. ખેર, દુનિયા ઘણી ફાસ્ટ બની ગઈ છે. સિનિયર સિટીઝન એકલા પડતા જાય છે. એ શ્વાસ લેતા રહે છે, પણ દિવસો ગણતા રહે છે.

**પ્રેષક : અમરીષ સંઘવી - અમદાવાદ**
**મો. ૯૪૦૯૫ ૧૨૬૬૨**

લઘુવાર્તા

# મિત્રતા

ધીરજલાલ ડી. તન્ના

અક્ષતની આંખ ખૂલતા અજાણી જગ્યા જોઈ ચારેબાજુ નજર ફેરવી. ત્યાં સામે પપ્પાને જોતા બોલ્યો, પપ્પા, હું કયાં છું?

બેટા, તું હોસ્પિટલમાં છે. આ સાંભળી અક્ષત બોલ્યો કેમ? જવાબમાં પપ્પા બોલ્યા, બેટા, એ વાત પછી, અત્યારે તું આરામ કર. અક્ષતની નજર સમક્ષ સંસ્મરણો તાજા થવા લાગ્યા. મુશળધાર વરસાદ ચાલુ છે. વર્ગખંડમાં તાસ ચાલુ છે, પરંતુ મન તો કયારનું પલળી રહ્યું હતું. વર્ષાતાંડવમાં તનને પલાળવાની તાલાવેલી હતી. રીસેસનો ઘંટ વાગતા જ અક્ષત, વિશાલ અને અન્ય સરખે સરખા મિત્રો દોટ મૂકીને બહાર નીકળી વર્ષાસ્નાન કરવા લાગ્યા. વર્ષારાણી એકધારું હેત વરસાવવામાં એ ભૂલી ગયા કે, અતિ હેતનાં ઊભરાથી ધરાને ગૂંગળામણ થાય છે અને એ ગૂંગળામણ એટલી હદે વધી ગઈ કે; નદીનાળા નીરને પોતાના ઉદરમાં સમાવી ના શકતા બહાર નીકળી વિકરાળ સ્વરૂપે વહેવા લાગ્યા. આ ધસમસતા પ્રવાહમાં સંરક્ષક દિવાલ તૂટતા જ હાઈસ્કૂલનાં મેદાનમાં પાણી ઘૂસી ગયા. પોતે એક રૂમની જાળી પકડી લીધેલ. પછીનું કશું યાદ નહોતું. પણ એટલું યાદ આવ્યુ કે, વિશાલ પણ પોતાની સાથે જાળી પકડીને ઉભો હતો. એ યાદ આવતા પૂછી બેઠો. વિશાલ કયાં?

વિશાલ અહીં જ છે; આમ કહી હવે અક્ષત પગભર ચાલી શકતો હોઇ બાજુનાં રૂમમાં સારવાર લેતા વિશાલ પાસે લઈ ગયા. બંને કેવી રીતે બચી ગયા એ કશું યાદ નહોતુ, એટલે અક્ષતનાં પપ્પા બોલ્યા, તમારી સ્કૂલમાંથી ૩૦ છોકરાઓ તણાઈ ગયા છે. ઈશ્વરની પૂરી કૃપા કે, તું એક જાળીને પકડીને ઊભી ગયેલ. બાજુની જાળીને પકડી વિશાલ ઊભેલ. બંનેએ એક એક હાથ પકડી લીધેલ એટલે જાળીએથી કોઈનો હાથ છૂટે તો પણ બન્નેનાં હાથ ભીડેલ એમાં તમે બંને બચી ગયા. તમે ત્રણ કલાક પાણીમાં રહી ગયા એમાં કોણ કોના ટેકાથી બચી ગયુ એનાં કરતા બંને બચી ગયા એ જ ઈશ્વરનો પાડ માનો. અક્ષત મિલ માલિકનો દીકરો, જયારે વિશાલ એક સામાન્ય વેપારીનો દીકરો. પરંતુ આ બનાવ પછી બંનેની મિત્રતા પાકી ભાઈબંધીમાં પરીવર્તિત થઈ ગઈ. બંને ભણવામાં હોશિયાર. બારમાં ધોરણમાં ૮૦ ટકા ઉપરાંત માર્કસથી બંને પાસ થઈ ગયા.

બંનેએ એમબીએ કરવાની ગણત્રીએ સારી કોલેજમાં પ્રવેશ લીધો. બંનેએ બીબીએ કરી લીધું. આ અરસામાં અક્ષતના કાકા અમેરિકામાં કારોબાર ચલાવતા હોઈ તેઓ એકલા પહોંચી નહીં શકતા, અક્ષતનાં ફેમિલીને બોલાવી લેતા અક્ષતને એમબીએ સુધીનો સથવારે રહેવાનો કોલ તૂટી ગયો. અક્ષત અમેરિકાથી વિશાલ સાથે સંપર્કમાં રહેતો. આમ કરતાં કરતા બંને એમબીએની ફાઈનલ આપવાનાં સ્ટેજે પહોંચી ગયા, ત્યારે બંને વચ્ચેનો વિચારસેતુનો સથવારો ધીમે ધીમે કરતા ઓછો થતો ગયો. વિશાલ એમબીએ થઈ ગયો. પરંતુ ડિગ્રી મુજબની નોકરી મળતી નહોતી. બેકાર રખડવા કરતા એક કારખાનામાં સહાયક હિસાબનીસની જગ્યાએ નોકરી મળતા સ્વીકારી લીધી. આ દરમિયાન અક્ષત સાથેનો સંદેશા વ્યવહાર સાવ સમાપ્ત થઈ ગયેલ. થોડોક સમય થયો. વિશાલનાં લગ્ન સ્નાતક કન્યા હેલી સાથે થઈ ગયા. મોંઘવારીમાં વિશાલને ઘરખર્ચમાં હાથ સંકોચ રહેતો હોઈ સંસ્કારી હેલી ઘરે બાળકોને ટ્યુશન કરાવી પતિને ઘરખર્ચમાં સહાયભૂત થતી હતી. નોકરીમાં બે વર્ષ ગયા, ત્યાં વિશ્વ લેવલે ભયંકર મંદી આવતા વિશાલ જે કારખાનામાં નોકરી કરતો હતો એ બંધ થવાની કગાર પર આવતા બોસે બધા કર્મચારીઓને જાણ કરી દીધી કે; આપણે કારખાનુ બંધ કરવાની અથવા વેચી નાખવાની મોબત આવી છે. એટલે તમો બધા અન્ય રોજગારની વ્યવસ્થામાં રહેજો. આ સાંભળી વિશાલ ભાંગી પડયો. પતિ પત્ની ઈશ્વરને આમાંથી ઉગારવાની પ્રાર્થના કરવા લાગ્યા. એમાં એક દિવસ એક યુવાન ઉદ્યોગપતિ કારખાનું જોવા આવ્યા. તેઓ આખા કારખાનામાં ફર્યા. એકેક ટેબલે જઈ નામ અને હોદ્દાથી પરિચય મેળવ્યો. આ જાણી વિશાલને થયું કે ભગવાને અમારી પ્રાર્થના સાંભળી ખરી! હવે આ શેઠ કારખાનું ખરીદી લે તો સારું. ઘરે આવી હેલીને વાત કરી. હેલીએ પણ જલારામબાપાની માનતા માનેલ તે ફળતી હોય એવું લાગ્યું.

ચાર દિવસ બાદ પેલા યુવાન ઉદ્યોગપતિ ફરીથી આવ્યા. કારખાનાની ડીલ ફાઈનલ કરી. જરૂરી હસ્તાંતરણની વિધિ પૂર્ણ થયા બાદ કારખાનાનો કબજો સંભાળી સ્ટાફ મીટિંગ રાખી જાહેરાત કરી કે, મારું નામ આલ્બર્ટ છે. હવેથી આ કારખાનું આપણાં સૌના સહિયારા પ્રયાસથી ચલાવવાનું છે. કારખાનાને અદ્યતન બનાવવા માટે એક માસનો સમય લાગશે. આમાં તમારી સુઝતા પ્રમાણે સહુ મદદરૂપ થજો. કારખાનું એક માસ બંધ રહેશે પરંતુ હરએક કર્મચારીને પગાર પૂરો મળશે. સહુનાં પ્રયાસોથી આપણે વહેલી તકે આપણા આ કારખાનાને ધમધમતું કરવાનું છે. મંદીનો માહોલ છે પણ મને તમારા પર ભરોસો છે, આપણે સફળ થશું. આજની તારીખથી આવતા વર્ષની આ જ તારીખે આપણે આપણી પ્રગતિની સમીક્ષા કરશું. તેમજ હર કર્મચારીની કામગીરીનું મૂલ્યાંકન કરી યથાયોગ્ય સન્માનથી નવાજશું.

અને એ દિવસ આવી ગયો. બોસે સમીક્ષા કરતાં જણાવ્યુ કે, આપણું કારખાનું મંદીનાં માહોલ વચ્ચે પણ નફો કરતી

ફેક્ટરી બની છે, એ પ્રગતિનાં ખરા હક્કદાર આપ સર્વે છો. તમારી જેટલી પ્રશંસા કરું એટલી ઓછી છે. આજે મારે હરએકને એમની યોગ્યતા મુજબ નવાજવાનાં છે. હું આજે જાહેરાત કરું છું કે, હરએક કર્મચારીઓને ઈનામ સ્વરૂપે પગારધોરણમાં કાયમી ધોરણે અસરકર્તા એક એક ઈજાફો આપવામાં આવશે. આ સાંભળતા જ કર્મચારીઓએ આ વાતને તાળીઓના ગગડાટથી વધાવી લીધી. શાંતિ થતાં ફરીથી બોસ બોલ્યા કે, લાયકાત ધરાવતા કર્મચારીને એમની લાયકાત મુજબ બઢતી પણ આપવમાં આવશે. જે પૈકી કારખાનામાં કામ કરતા અતિ મહેનતુ, વફાદાર અને ઉચ્ચ અભ્યાસધારી શ્રી વિશાલભાઈને પ્રમોશન આપી આપણી ફેક્ટરીનાં સરખે હિસ્સે વર્કિંગ પાર્ટનર તરીકે નિયુક્ત કરું છું. આ સાથે મારી જાણમાં આવેલ એક રસપ્રદ કિસ્સો તમને જણાવું છું.

પચાસ હજારની વસ્તી ધરાવતું એક શહેર. આ શહેરમાં નદીના કાંઠે એક હાઈસ્કૂલ આવેલી છે. આ નિશાળમાં અંદાજે ૫૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય છે. ચોમાસાની ઋતુ હોઈ વરસાદ મન મૂકીને વરસતો હતો. હરએકને વરસાદમાં નહાવાની ઈચ્છા. રીસેસ પડતા સરખે સરખા મિત્રો ગ્રાઉન્ડમાં વરસાદથી ભીંજાવાની મોજ માણી રહ્યા હોય છે. એજ અરસામાં અતિવૃષ્ટિનાં કારણે નદીનો પાળો તૂટે છે. જેથી હાઈસ્કૂલનાં મેદાનમાં ઓચિંતાનું પૂર આવતા ઘણાં વિદ્યાર્થીઓ તણાયા. પરંતુ એમાં બે વિદ્યાર્થીઓનાં હાથમાં જાળી આવી જતા અને એકબીજાનાં સહારે બચી જાય છે. બનાવ બાદ બંને વચ્ચે આર્થિક અસમાનતા હોવા છતાં ગાઢ મિત્રો બને છે. બંને ભણવામાં અવ્વલ હોય છે. બંને એમ.બી.એ. કરવા માટે સાથે કોલેજમાં દાખલ થાય છે. બીબીએ પૂર્ણ થતા એક દોસ્તને પરદેશ જવાનું થાય છે અને એકબીજાથી વિખુટા પડે છે. ત્યારબાદ બંનેનો સંપર્ક તૂટે છે. પરદેશ ગયેલ મિત્ર એમબીએ કરી સેટ થાય છે, પરંતુ દેશમાં રહેલ મિત્રનાં કશા વાવડ નથી એટલે બે વર્ષ બાદ પરદેશી મિત્ર દેશમાં આવે છે.

દેશમાં આવી પરદેશી મિત્ર એમનાં મિત્રની તપાસ કરે છે ત્યારે એને જાણ થાય છે કે, એનો મિત્ર એક કારખાનામાં એમબીએ હોવા છતાં ક્લાર્કની નોકરી કરતો હોય છે. પરદેશી મિત્ર પોતાના મિત્રને મળે છે. મનમાં વિચારે છે નસીબની કેવી બલિહારી છે કે, સરખી લાયકાત ધરાવતા બંને મિત્રો – એક કારખાનાનો માલિક છે જયારે બીજો કારખાનામાં કામ કરતો નાનો કર્મચારી છે. આ શબ્દો બોસનાં મુખેથી સાંભળતાં એકધારો રડતો વિશાલ એકાએક ઊભો થઈ બોલ્યો, સર, આ તો મારા જીવનમાં બની ગયેલ સત્ય ઘટનાનું વર્ણન છે. મારા મનમાં બે ચાર પ્રશ્નો ધોળાય છે. સાહેબ, આપને આ સ્ટોરીની ક્યાંથી ખબર? શું એ મારો મિત્ર આપને મળેલ? એ ક્યાં છે? મારે એને મળવું હોય તો એ ક્યાં મળશે? મને જલ્દી બતાવો ને!

વિશાલ, એને મળીને એ કહેશે તો તું એની સાથે જતો રહીશ? અહીં તને કારખાનામાં પચાસ ટકા ભાગીદારી મળે છે એનું શું? એ પણ જતું કરીશ?

તત્ક્ષણ વિશાલે જવાબ વાળ્યો, મને મંજુર છે. મારો મિત્ર મને મળી જતો હોય તો આવી સાત નોકરી કે બોસપણું કુરબાન કરી દઉં. પણ મને મારા મિત્ર સાથે મેળાપ કરાવી દીઓ. આમ કહી સમગ્ર સ્ટાફની હાજરી વીસરી રડવા લાગ્યો.

તો વિશાલ મળી લે તારા મિત્રને. આ ઊભો તારો મિત્ર તારી સામે.

પણ તમે તો મિ. આલ્બર્ટ છો. મારો મિત્ર તો અક્ષત છે, તમે નહીં. ત્યારે આલ્બર્ટ બોલ્યો, સચ્ચાઈ એ જ છે કે હું આલ્બર્ટ, એ જ અક્ષત, તારો મિત્ર છું!

પણ એ કેમ શક્ય બને? કારણ મારો મિત્ર અક્ષતનો ચહેરો હું ના ઓળખી શકું? પ્લીઝ મારી મશ્કરી નહીં કરો!

વિશાલ, આ મશ્કરી નથી હકીકત છે. પણ વિશાલનાં મગજમાં ઉતરતું નહોતું. એટલે આલ્બર્ટ બોલ્યો, તારી વાત સાચી છે પરંતુ સાચી હકીકત જાણીશ એટલે તારા મગજમાં ઉતરી જશે. મારા કાકાનાં વ્યવસાયમાં જોડાવા અમો અમેરિકા ગયા ત્યારે આપણે બીબીએ કરી લીધેલ. એમબીએ કર્યુ ત્યાં સુધી આપણે કોન્ટેક્ટમાં હતા. ત્યારબાદ આપણો કોન્ટેકટ કપાઈ ગયો. કોન્ટેકટ કપાવાનું કારણ એ હતું કે, એક દિવસ સવારના અમારાં ઘરમાં ગેસની પાઈપલાઈન લીકેજ થતાં રસોડામાં આગ લાગી અને હું રસોડામાં હતો એટલે સખત રીતે દાઝી ગયો. હોસ્પિટલે લાંબો સમય રહેવું પડ્યું. મારો ચહેરો એકદમ વિકૃત થઈ ગયેલ એટલે ચહેરાની પ્લાસ્ટિક સર્જરી કરાવવી પડી. મારો ચહેરો સાવ બદલી ગયો પણ મારું દિલ તો બદલેલ નહીં. દિલ તો હિંદુસ્તાનને ઝંખતું હતું. અહીંના મિત્રોની યાદ સતાવતી હતી.

હું દેશમાં આવ્યો. તારી તપાસ કરી. તું અહીં મને મળી ગયો. મેં તારા માટે એક નિર્ણય લઈ લીધો. એક વર્ષ રોકાઈ જવું. મંદી હતી છતા મેં કારખાનું લીધુ. પછીની હકીકત તને ખબર છે.

આ વાત પૂર્ણ થતાં જ વિશાલ અક્ષતને ચોંટીને મોકળા સાદે રડી પડયો. જાણે સુદામા અને કૃષ્ણની જોડી સદેહે પૃથ્વી પર ફરીથી અવતર્યા હોય. અક્ષત બોલ્યો, હવે આ કારખાનું તારે સંભાળવાનું છે. એક કર્મચારીએ આવી બંનેને પાણી પાયું. બંને એકબીજાનાં હાથ પકડી ઓફિસમાં ગયા ત્યારે પૂર સમયની જાળીનું દૃશ્ય ખડું થયું અને બંને ગીત ગણગણવા લાગ્યા.... "કોઈ જબ રાહ ન પાયે, મેરે સંગ આયે..મેરી દોસ્તી મેરા પ્યાર..."

*કેશોદ, જિ. જૂનાગઢ.*

*મો. ૯૭૩૭૭ ૧૨૯૯૯*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ★ પ્રજાસત્તાક દિનની ઉજવણી



રાષ્ટ્રધ્વજ ફરકાવતા શ્રી પારસભાઈ સાવલા



રાષ્ટ્રધ્વજને સલામી આપતા મુખ્ય મહેમાન અને હોદ્દેદારો



પ્રજાસત્તાક દિને પ્રમુખશ્રીનું ઉદ્બોધન



રાષ્ટ્રધ્વજને સલામી



પ્રજાસત્તાક દિન અંગે ઉદ્બોધન કરતા શ્રી પારસભાઈ સાવલા



રાષ્ટ્રધ્વજને સલામી



રાષ્ટ્રધ્વજને સલામી

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ★ વયસ્ક સમિતિના કાર્યક્રમની તસવીરી ઝલક


ડૉ. શિલ્પા તોશ્નીવાલ


શ્રી ઉમેશભાઈ શર્મા


રંજન રાવલ


શ્રી નયન મહેતા


સોનલબેન કિનારીવાલા


ડૉ. નીતુબેન પરીખ


૨૦ વર્ષથી સમિતિમાં કાર્ય કરતા સભ્યો


જન્મ દિવસની કેક કાપતા શ્રી અશોક ગોરજી


જન્મ દિવસની કેક કાપતા
શ્રીમતી હેમકુંવરબેન અરવિંદભાઈ ગાલા


જન્મ દિવસની કેક કાપતા બેલાબેન શાહ
અને શ્રી દીપકભાઈ શાહ


જન્મ દિવસ અને મેરેજ એનીવર્સરીની કેક કાપતા
શ્રી દિલીપ દંડ અને શ્રીમતી દમયંતી દંડ


જન્મ દિવસની કેક કાપતા
શ્રી નીતિન હરિલાલ સંઘવી


જન્મ દિવસની કેક કાપતા
શ્રીમતી લીલાવંતીબેન રમેશભાઈ ચંદુરા


જન્મ દિવસની કેક કાપતા
શ્રી સુરેશભાઈ લહેરચંદ કોઠારી


ભદ્રાબાનું બહુમાન કરતા
(ડાબેથી) સરલાબેન શાહ, મીનાક્ષી પારેખ,
ભદ્રાબા વાઘેલા અને દમયંતીબેન દંડ


શ્રી મહેશભાઈ ચંદ્રકાંત શાહનું બહુમાન કરતા
(ડાબેથી) રજનીભાઈ પારેખ, નિર્મળા કોઠારી,
મહેશભાઈ અને ઉષાબેન શાહ,
સુષ્મા શાહ અને લક્ષ્મીબેન વીરા

Since 1985
INDOTEX PAINTS
• Durable • Decorative • Protective • Anti-fungus
• Heat, Scrub and UV resistant • All weather proof
PRODUCTS • Exterior & Interior Emulsion • Textures • Putty • Distemper • Primers • Enamel • Damp Proof • Satin Enamel • Zinc Yellow • Red Oxide • Wood Primers • Road Marking • Aluminium Paint • Black Board Paint • Touch wood • Epoxy enamels • Thinners
Contact No.: 9825033596 • 9712133596 • 9909444598
Web : www.indotexpaints.com • E-mail : indotexpaints@yahoo.co.in



સ્ટેપલરની એક પીન
કરોડોના દસ્તાવેજ સાચવી રાખે છે.
દુનિયામાં કોઈ પણ વ્યક્તિને એના કદથી નહીં,
એના ગુણથી પારખજો.



જે માણસ સારા વિચારો પકડી શકે છે,.
એ માણસે હાથમાં માળા પકડવાની
જરૂરત રહેતી નથી.

Bharat B. Gala
M. : 93270 05460
SHREE Raju ENTERPRISE
RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI
323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

With Best Compliments From
Sathwara Construction
C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com



સારું કામ અને સારી ભાષા
ફિક્સ ડિપોઝીટ સમાન છે;
સમય જતાં મૂડીની સાથે વ્યાજ પણ આપી જાય છે.



હંમેશાં એટલા નાના બનો કે
કોઈ પણ વ્યક્તિ તમારી સાથે બેસી શકે અને
પોતાના કામો થકી એવા મોટા બનો કે
તમે ઉભા થાવ ત્યારે કોઈ બેસી ન શકે.

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦
શાંતિનાથ ડેકોરેટર્સ
(મહાવીર ગ્રુપ - ધામાવાળા)
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર
બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.

R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month


• શુભેચ્છા સહ •



પ્રભુલાલ એમ. સંઘવી

ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

Chandrakant K. Gada
+91-9825069290

BLUE STAR INDUSTRIES

Stainless Steel Re-Rollers

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com



SKYBLUE
STATIONERY MART
EVERY THING THAT YOU THINK

South Bopal : 35, Gala Magnus,
Opp. Safal Parisar-1, Ahmedabad
Krutika Haria : 9099047163

Surdhara : GF Shop No. 26,
Maple Trade Centre, SAL Hospital
Road, Thaltej, Ahmedabad.
Piyush Salva : 9879568027



ફ્યુઝન કિડની કેર પ્રા. લી.
FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions



ડો.હિમાંશુ શાહ [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્વાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

BMCB BANK
ESTD 1995
Multi-State Bank
ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ–૬.
Tel. : 26400969 • www.bhujbank.com

બેંકની વિવિધ સગવડો

- FDR વ્યાજ દર upto 8.75% @ with monthly Interest.
- Flexi ચાલુ ખાતા અને બચત ખાતામાં વ્યાજ Max 5.5%@★
- RTGS / NEFT / DD / IBC / Ch. Book Chages : Nil★
- ATM Card ■ Lockers ■ Free SMS Alert ■ e-Stamping
- રૂા. ૧૩ કરોડ સુધીની બિઝનેસ લોન.
- ડિવીડંડ : • વર્ષ ૨૦૨૨ : ૧૦% • વર્ષ ૨૦૨૩ : ૧૨%
- IMPS, UPI, BBPS, Voice Box, QR Code Facility
- બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૫

★ Conditions apply




ભાઈ, ભાઈબંધ, ભાગીદાર અને ભગવાન –
આ ચારની સાથે ચાલાકી નહીં કરનાર
હંમેશાં ફાયદામાં રહે છે.

*પાણી તો દરેકને એક જેવું જ અપાય છે. છતાં શેરડી મીઠી, દ્રાક્ષ ખાટી, કારેલું કડવું અને મરચું તીખું ઉગે છે; એનું કારણ પાણી નહીં પણ બીજ છે. આપણે આપણા મનમાં જેવા વિચારોનું વાવેતર કરીશું એવું જ ઉગી નીકળશે.*

*If undelivered please return to :*
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**